
કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · વર્ષ ૬૫ મું · એપ્રિલ ૧૯૯૨

સળંગ ૭૭૧ મો અંક

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



સાગરકાંઠાનું સૌંદર્ય (ફોટો : અશ્વિન મહેતા) આગળ આવી રહેલા સાગરજળને મુલાયમ રેતીની વિશાળ બિછાત ઉપર સત્કારવાને તૈયાર પથ્થરોનું સુંદર ચિત્રસંયોજન



વસંત
કલાકાર • નન્દલાલ વસુ

આ સદીના પૂર્વાર્ધમાં બંગાળના કલાકારોએ ચિત્રકલામાં વાસ્તવિકતા નિરૂપતી પશ્ચિમની શૈલી ત્યજીને તેમાં ભારતીયતાનું આરોપણ કરીને તેને નવું જીવન આપ્યું. જોતાં જ હૃદયને સ્પર્શી જાય તેવી સર્વાંગ સાદગીભરી લોકકળાનો પ્રભાવ પણ તેમાં ઝિલાયો.

કલાના આ નવજાગૃતિકાળના એક અગ્રચારી નન્દબાબુનો પણ તેમાં ઘણો મોટો ફાળો રહ્યો છે. માધ્યમની કરકસર, શૈલીનું લાઘવ અને નિરૂપણની શોભાનલક્ષિતા એમની સમગ્ર કલાનાં પ્રધાન લક્ષણો છે. આ ચિત્રમાં જાડી પીંછીના મુક્ત લસરકા વડે આલેખેલી પુષ્પાચ્છાદિત વૃક્ષઘટામાંથી પમરતી શીળી મીઠી ફોરમ ભર્યા વસંતના વાતાવરણમાં બેસી વાચન કરતા સ્ત્રીપાત્રનું એમણે અનોખા દૃષ્ટિકોણથી સુંદર નિરૂપણ કર્યું છે. ચિત્રનો મોટો ભાગ આવરી લેતા પુષ્પવૃક્ષ દ્વારા એમણે વસંતઋતુને સવિશેષ ઉભાર આપ્યો છે.

તને જોઈ જોઈ તો ય તું અજાણી
(જાણે) બીજને ઝરુખડે ઝૂકીં'તી પૂર્ણિમા
ઝરૂખેરોઘૂમટો તાણી...

વ્યોમ ને વસુંધરાની કન્યા કોડામણી,
તું તો છે સંધ્યાની શોભા સોહામણી,
લોચને ભરાય તો ય દૂર દૂર ધામની,
વાયુની લ્હેર સમી અંગને અડી છતાં ય
બાહુને બંધ ના સમાણી...

પોઢેલો મૃગ મારા મનનો મરુવને,
જલની ઝકોર તારી જગવી ગૈ એહને,
સીમ સીમ રમતી તું નાં'વતી જરી કને,
સાબરનાં નીતરેલ નીર તું ભલે હો, આજ
મારે તો ઝાંઝવાનાં પાણી...

રાજેન્દ્ર શાહ

'કુમાર' વર્ષ પાંસઠમું

અનુક્રમ

એપ્રિલ ૧૯૯૨ · સળંગ અંક ૭૭૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કૉમે. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૩૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

ઇ. ૧૯૩૫થી 'કુમાર' નિયમિત વાંચું છું, અને તેમાંય જીવનચરિત્રો અને વાર્તાઓ તો અચૂક. અમારા કુટુંબની ત્રણ પેઢી 'કુમાર'ની ઋણી છે. 'કુમાર' તેના નવા અવતારે પણ હજુ તેટલું જ સશક્ત, સર્ગશીલ અને સુંદર રહ્યું છે તે જોઈ થાય છે કે સ્વ. બચુભાઈ રાવત સગર્વ મીઠું મરકતા હશે. તમને મનોમન શાબાશી આપતા હશે.

'કુમાર'ના સપ્ટેમ્બરના અંકમાં શ્રી કમલા પરીખની 'મારા બાપાજી' નામની જીવનવાર્તા વાંચતાં ઝૂમી જવાયું. આંખમાં ઝળઝળિયાં સાથે ફરીથી વાંચતાં સ્મૃતિ સળવળી ઊઠી અને થયું, અરે, આપણા સમાજમાંના કેટકેટલા આવા વિરલ અદ્ભુત જીવંત નરવીરો વિષે આપણે લખતા નથી, કંઈક આળસમાં અને વધુ તો કોણ છાપશે તેવી દ્વિધાને કારણે.

સામાન્યત: જીવનચરિત્રોની ભાષામાં વિશેષણોની ભરમાર અને અતિશયોક્તિ સતર્ક વાંચકને કઠે છે, ત્યારે શ્રી કમલાબહેને અતિ સરળ શૈલીમાં સાવ સાદી ભાષાથી જે કલાકૃતિ રચી છે તે જોતાં મેં તેને 'જીવનચરિત્ર' માત્ર ન કહેતાં 'જીવનવાર્તા' કહી છે. હા, જી! આ માત્ર 'ચરિત્ર'થી વહેંત ઊંચી 'વાર્તા' બની જાય છે. અને તે બદલ તેમને લાખલાખ સલામ. તેમના બાપાજી માત્ર તેમને જ મળ્યા છે અને અબોલા તોડ્યા છે તેવું નથી. મારા જેવા ભાવકને પણ મળ્યા છે અને અમને પણ 'સદ્ભિ: સંગ:'નો લહાવો આપ્યો છે, છેલ્લા પૅરેગ્રાફમાં. - જયંતીલાલ મહેતા (કલકત્તા)

¤

'કુમાર'ના ફેબ્રુ. '૯૨ના અંકની વાર્તામાં 'અપૂર્વ'ના અકાળ અવસાનથી ઋચાના માતૃહૃદયમાં હાહાકાર મચી જાય છે. કોમળ સંવેદનશીલ માનસને કારણે બુદ્ધિની સમતુલા વધુ પડતી ગુમાવે છે. દાંપત્યજીવન પણ વેરવિખેર થઈ જાય છે. મૃત્યુ વિષેની કાચી સમજ સુખી જીવનમાં યે કેવો દાવાનળ પ્રકટાવી શકે તેનું તાદૃશ ચિત્ર લેખિકા બહેને દોર્યું છે, સાથોસાથ ગૌરવ જેવા વેપારી માનસવાળા યુવકો રૂપાળી પત્નીનો 'શો-પીસ' તરીકે ઉપયોગ કરીને લાખો રૂપિયાના સોદા કરે છે, એ આજની નક્કર ને વરવી વાસ્તવિકતા છે. બંને પાત્રો પોતપોતાનાં ચિત્તતંત્રની અપૂર્ણતાને લઈને હૃદયથી એક બની શકતાં નથી. આપણાં સુશિક્ષિત અને સંસ્કારી યુવકયુવતીઓએ સમજી લેવાની જરૂર છે કે કેવળ સંસ્કાર ને શિક્ષણ કે ધન, ધર્મની સાચી સમજ વિના માત્ર કૃત્રિમ શિષ્ટાચાર બની જશે. અથવા કહો કે એકડા વિનાનાં મીંડાંઓ. મૃત્યુ જીવનની પૂર્તિ છે તેમ જીવન પણ મૃત્યુનું પૂરક છે. બંને વિરોધાભાસી, દોન ધ્રુવ જેવા દેખાવાં છતાં એક જ લાકડીના બે છેડા સમાન છે. યુદ્ધ અને મૃત્યુથી ડરી ગયેલા ધૃતરાષ્ટ્રને મહાભારતમાં સમજાવાયું છે કે જીવાત્માંનાં અજ્ઞાન કે અવિદ્યા જ મૃત્યુ છે. હકીકતમાં જીવમાત્ર અવિનાશી છે. દેહભાવ હોવાથી જન્મ-મરણની શૃંખલા કે બંધ અનુભવાય છે. સ્વામી વિવેકાનંદ સૂચવે છે કે દરેક મનુષ્યને કહો કે તમે પૂર્ણ અને દિવ્ય પરમાત્માના અંશ છો. એ દિવ્યતાને પ્રકટ કરવા માટે મનુષ્ય શરીર જેવું બીજું કોઈ ઉત્તમ સાધન નથી. આપણી ઋચાઓ સમુચિત જીવનદૃષ્ટિ કેળવી શકે તો કેવું સારું? - યશસ્વી મહેતા (ભાવનગર)

¤

આ માસ (ફેબ્રુઆરી)ના મુખપૃષ્ઠ ઉપર 'કુમાર' (નામાક્ષરો) હિન્દીમાં છાપેલ છે. પહેલાંથી જે રીતે ગુજરાતીમાં 'કુમાર' છપાય છે તે બરાબર અને યોગ્ય તથા સરસ લાગે છે તે ન ફેરવો તો ? નમ્ર સૂચન છે. - એચ. પી. પરમાર (રાજકોટ-૧)

¤

(આ નામક્ષરો હિન્દીમાં નથી. શિરોરેખાવાળી પ્રાચીન ગુજરાતી લિપિનો એ વળાંક છે. આ જ અંકના મુખપૃષ્ઠ પર તથા પૂઠાનાં ત્રીજા પાને અને પૃ. ૬૧ પરના લેખ સાથે આપેલાં પ્રાચીન ગુજરાતી હસ્તપ્રતોના નમૂનાઓમાં એ જોઈ શકાય છે. મુખપૃષ્ઠ પરના ચિત્ર, અંકમાંના કોઈ ખાસ લેખ યા કોઈ ખાસ સંદર્ભને અનુરૂપ પૂરક શોભન બની શકે તેમ હોય ત્યારે અમે આવા પ્રયોગો અવારનવાર કરીએ છીએ. આ અગાઉ 'કુમાર'ના ઓગસ્ટ'૯૧ના અંકના મુખપૃષ્ઠ પરના નામાક્ષરોને અમે આપેલો બંગાળી લિપિનો વળાંક આપે જોયો હશે. આ જ રીતે અગાઉ અરબી સુલેખન કળા વિષેના એક સરસ લેખવાળા અંકના મુખપૃષ્ઠ પર અમે 'કુમાર'ના નામાક્ષરોને અરબી લિપિનો વળાંક પણ આપેલો. અવારનવાર આવા ચાતુરીયુક્ત પ્રયોગો એ 'કુમાર'ની આગવી લાક્ષણિકતા રહી છે, અને 'કુમાર'ના સુજ્ઞ વાચકોએ તેને અવશ્ય આવકારી પણ છે જ.)

¤

'કુમાર' (ફેબ્રુઆરી '૯૨) ૭૯૯મો અંક મળ્યો. આકર્ષક મુખપૃષ્ઠ-સંયોજન તથા અંદરની સુરેખ છપાઈ આ વખતે નજરે ચડી આવી છે... 'સંતાનોનો કર્તવ્યધર્મ' લેખ અત્યંત વેધક છે. કાવ્યપૃષ્ઠની પાછળનાં પાનાં અગાઉ આવાં લખાણોથી શણગારાઈને આવતાં. એ જગ્યા ફરીથી આવાં લખાણો માટે ફાળવી શકાય... 'ઇતિહાસધારા'ને બીજા કોઈ રૂપે રજૂ કરી શકાય. આવા નાના લેખ આજના અનુસંધાને અપાય તો 'લાઈવ' લાગે.

- રમેશ બી. શાહ (સૂરત)

¤

મારી ફાઈલમાં 'કુમાર'નો ૭૪૯-૫૦મો સંયુક્ત અંક ખૂટે છે. કોઈ આ અંક આપી શકે તો પોસ્ટેજ સાથે તેની છૂટક કિંમત આપીશ.

- સુમનભાઈ ર. શેઠ, ગુંણફળિયા,
રાજમહેલ રોડ, વડોદરા ૩૯૦ ૦૦૧

¤

૧૯૯૧માં પ્રકટ થયેલા સેંકડો ગુજરાતી પુસ્તકોમાંથી ચૂંટેલાં પાંચસો પુસ્તકોની યાદી, દર વરસની માફક, લોકમિલાપ ટ્રસ્ટ તરફથી પ્રકટ થઈ છે. જેમને આ યાદી નથી મળી અને વિનામૂલ્યે મેળવવામાં રસ છે તેઓ આ સરનામે એક પોસ્ટકાર્ડ લખે : લોકમિલાપ, પોબો. ૨૩, ભાવનગર ૩૬૪ ૦૦૧

વિદ્યાર્થીઓને ઓછા લવાજમે 'કુમાર'

સુરતના શ્રી રમેશ બી. શાહ તરફથી વિદ્યાર્થીઓને ઓછા લવાજમે 'કુમાર' મળી શકે અને સુપથ્ય સંસ્કારી વાચનનો લાભ નવી પેઢી ઉઠાવી શકે એ સદાશયથી અમને જે રકમ મળી છે તેમાંથી શાળા-કૉલેજના દસ વિદ્યાર્થીઓને રૂ. ૭૫ ને બદલે રૂ. ૫૦માં એક વર્ષ સુધી 'કુમાર' મળી શકશે. લાભ લેવા માગતા વિદ્યાર્થીએ રૂ. ૫૦નો મનીઑર્ડર કરવો અને સાથે સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીડવું.

ઊલટ પ્રવાહે / રાજેન્દ્ર શાહ

(ગાન)

ઊલટ પ્રવાહ ચલી તરણી,
મુજ ખેલ તરંગ-તંરગે :
કાલિય-ફેણ ઉપર નરતત લહી
બાળ કહાન ત્રિભંગે.

હાથમહીં જે ધર્યું હલેસું
તે ગિરિ તોળત નકલી,
પાલમહીં જે પ્રબલ પવન તે
જાણું અંગુલી ટચલી.
જયઘોષ કરંત ઉમંગે.

સીમમહીં જે નહીં સમાઈ,
પલપલ હેરું નવી નવાઈ !

તેજનેજથી આહત લોચન જેમ
વિસ્મયે વાણી,
ક્ષણભર યતિની પછી છંદની
લહર નભે મસ્તાની.
કશી હારજીત રતિજંગે !

તો કહું / સુધીર પટેલ

(ગઝલ)

આ હવા જેવું સકળ અડ તો કહું,
પર્ણથી ઝાકળ સમું દડ તો કહું !

ગુમ થવું એ ક્યાં નવાઈ છે અહીં ?
કોઈને ક્યારેક પણ જડ તો કહું !

ચાલુ ચીલે ચાલી સૌ પ્હોંચી જશે,
માર્ગ કોઈ તું નવલ ઘડ તો કહું !

શબ્દ તો બસ છીપલાં છે, સૌ વીણે;
મૌનના દરિયા મહીં પડ તો કહું !

તું લડ્યો બહુ આ દુનીઆથી 'સુધીર',
જાત સાથે કોક દિ' લડ તો કહું !

પ્રવાસ વળતો / ઉશનસ્

(પૃથ્વી - સૉનેટ)

પ્રવાસ વળતો હવે : સખત કામ આખા દિ'નું
પતાવી સઘળો સમૂહ શ્રમજીવી લોકો તણો
લિયે પકડી સાંજની ઘરની ટ્રેન; થાક્યાં જણો
દિયે શ્રમથી ઢીલું ને ઢસ કળંતું સ્ફૂર્તિહીણું
શરીર જરી લંબવી, જરી અઢેલી અન્યોન્યથી
જરી કે કરી વાતચીત ઘર, નોકરી આદિની,
ખીલે જ નહીં, ટૂંકી થૈ અટકી જાય, લાંબા દિ'ની
થકાનથી, બગાસું દીર્ઘ, પછી ક્યાંય ચેષ્ટા [illegible];
મીંચ્યાં અરધ નેન, થાકમય ઘેન, નંદ્રાવડે;
ન કોઈ શમણું વિચાર ઘરનો ય સુધ્ધાં નથી:
જતું ઊતરી કોણ, કોણ અડી બેઠું નજદીક[illegible]
ક્યહીં અટકી ટ્રેન, સ્ટેશન કિયું નવું કો [illegible]
અ-કર્ષ સરખો જ : કો સહપ્રવાસિનીપા[illegible]
રૂપાળી મૃદુગાત્ર, ને અ-જીવ દાગીના મા[illegible]

સાંભળ મને / હર્ષદ ત્રિવેદી

(ગઝલ)

કૈં નહીં તો આટલું સાંભળ મને,
તું હવે સાક્ષાત્ આવી મળ મને.

કાં કહી દે હું જરી આઘો નથી,
ના દઈ દે આવવાનું બળ મને.

ના, મને તારે વિશે ઈંગિત ન દે
સ્હેજ આછેરી તો છે અટકળ મને.

તું ઉકેલે તો કદાચિત ઉકલે,
ચૂભવા લાગ્યા છે મારા સળ મને.

ફૂલ આખેઆખું અળવાઈ ગયું,
માત્ર દેખાતું હવે ઝાકળ મને.

દસ્તખત એમાં કરી મોકલ મને,
સાવ કોરો મોકલું કાગળ તને.

આ માસમાં જેમની પચાસમી પુણ્યતિથિ આવે છે તે ગરવા ગંભીર જ્ઞાનવિદગ્ધ સૌજન્યમૂર્તિ અને તપસ્વી સાહિત્યકાર

આચાર્ય આનંદશંકર ધ્રુવ

સુસ્મિતા મ્હેડ



૧૯૨૮માં નડિયાદ ખાતે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના નવમા અધિવેશનના પ્રમુખ

એપ્રિલ ૧૯૯૨ની ૭મીનો દિવસ ! ઓહોહો ! કાળ કેવી દ્રુતગતિએ દોડે છે ! કે પછી આપણી ઐહિક પ્રવૃત્તિની આંધળી દોટમાંથી અવિરામ સરતી સમયની રેતીનું આપણને ઓસાણ રહેતું નથી ! જે હોય તે. પરંતુ આ ૭મી એપ્રિલને દિવસે યાદ આવે છે બરાબર આજથી પચાસ વર્ષ પહેલા ગુજરાતના સાંસ્કૃતિક ગગનમાંથી લુપ્ત થયેલા એક તેજસ્વી તારકની. સન ૧૯૪૨ના ૭મી એપ્રિલના દિવસે અમદાવાદના આંબાવાડી વિસ્તારના પરિમલ ગાર્ડનની સામેના 'વસન્ત' બંગલામાંથી આચાર્ય આનંદશંકર ધ્રુવની હકડેઠઠ માનવમેદની વચ્ચે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી હતી !

આ સ્મશાનયાત્રાની યાદ સાથે જ મન પહોંચી જાય છે આજથી સાઠેક વર્ષ પહેલાના રાયપુર વિસ્તારમાં આવેલી આકાશેઠકૂવાની પોળના છેલ્લા ખાંચામાં. પાછલા ચોકઠાના એ અંદરના ખાંચામાં હલચલ મચી ગઈ છે. આચાર્ય આનંદશંકરભાઈ જ્યારે વેકેશનમાં અમદાવાદ આવે ત્યારે એ ખાંચો ધમધમી ઊઠતો. ઘોડાગાડીના એ જમાનામાં છેક ઘરના ઓટલા સુધી ઘોડાગાડીવાળો ગાડી લાવી ઊભી રાખે. તેમાંથી મધ્યમ કાઠીના, ગૌરવર્ણા, ધોતિયું, લાંબો કોટ અને ભારેખમ અમદાવાદી લાલ પાઘડીથી ગૌરવવંતા લાગતા આચાર્યશ્રી ઊતરે, ત્યારે સોનેરી ફ્રેમ પાછળ રહેલી ગાંભીર્યથી ચમકતી આંખો અને મેધાવી લલાટ ઉપર સોહામણો લાગતો કંકુનો ઝીણો ચાંલ્લો જોનારનું ધ્યાન ખેંચતો. એમનું અસ્તિત્વ જ સામાની પાસે માન મુકાવવા પૂરતું હોય તેવું એમનું વ્યક્તિત્વ. છેક બનારસથી આવતા આવા ગૌરવવંતા પડોશી અમારા બાળકોના કુતૂહલનો વિષય બનતા; કેમ કે જ્યારે આવે ત્યારે મોટાં મોટાં પુસ્તકો જ તેમના સામાનમાં મોટો ભાગ રોકતા હોય. વળી, બારીમાંથી એમના ઓરડામાં નજર પડી જાય તો મોટા ઓરડાની વચ્ચોવચ ખાટમાં તકિયાને અઢેલી ચારે બાજુ પુસ્તકોનો પથારો કરી બેઠેલા 'દાદાજી' (આનંદશંકરભાઈ) ક્યારેક વાંચતા, ક્યારેક લાલભૂરી પેન્સિલથી પુસ્તકોમાં લીટા કરતા, કે ક્યારેક લખતા દેખાય. પરીકથાઓ અને અકબર-બીરબલ કે વીર વિક્રમની વાતોમાં રમમાણ રહેતું અમારું બાલમાનસ ત્યારે આશ્ચર્ય અનુભવતું કે આવડા મોટા દાદાજી આખો દિવસ એવી તે કઈ વાર્તાઓ વાંચતા હશે! ક્યારેક અમનેય આવી રસિક વાર્તાઓ વાંચવા મળી જાય તો? ત્યારે ક્યાં ખ્યાલ હતો કે એ 'થોથાં'માં અમારી ચાંચ બૂડવી મુશ્કેલ છે! બનારસથી જ્યારે નિવૃત્ત થઈને આવ્યા ત્યારે લારીઓની લારીઓ ભરી પુસ્તકો તેમના સામાનમાં ખડકાઈને આવ્યાં. અમારાં મોટેરાંઓને આ પુસ્તકો વિશે પૂછતાં જાણવા મળ્યું : 'તમે તો એમને ગુજરાત કોલેજમાં જતા જોયા નહોતા. દસ-પંદર પુસ્તકો ઘોડાગાડીમાં મુકાવી આકાશેઠકૂવાની પોળથી ગુજરાત કોલેજ જતા સુધી તેઓ કશુંક વાંચતા જ હોય.' જ્યારે જ્યારે તેઓ અમદાવાદમાં હોય ત્યારે શહેરની પ્રતિષ્ઠિત અને વિદ્વાન વ્યક્તિઓથી પોળનો અમારો એ છેલ્લો ખાંચો ધમધમી રહેતો. ફૂદા, ચકભિલ્લુ કે હુતુતુતુ રમતાં રમતાં અમે બાળકો કુતૂહલથી આચાર્યશ્રીને જોઈ રહેતાં, પ્રચ્છન્ન આદર અનુભવતાં.

૨૨મી જાન્યુઆરી ૧૮૬૯થી એપ્રિલ ૧૯૪૨ એ ૭૪ વર્ષનો આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવનો જીવનાવધિ. એ સમયમાં દેશનું નવ્ય ઉત્થાન ઉત્તરોત્તર સુયોજિત, સર્વતોમુખી અને સર્જકસ્વરૂપનું થયું. આત્મગૌરવ, આત્મનિરીક્ષણ અને પશ્ચિમની અસર વિશેની જાગરૂકતા આ સમયાવધિમાં દેશની સમગ્ર પ્રવૃત્તિમાં સુયોજન પામતાં રહ્યાં ! દાદાભાઈ-ટિળક-વિવેકાનંદ-શ્રીઅરવિંદ-રવીન્દ્રનાથ એમ અનેક શક્તિઓ આ સમયને ઘાટ આપતી રહી અને પ્રજાકીય પુરુષાર્થના કર્ણધાર નીવડ્યા મહાત્મા ગાંધી. દેશના ઈતિહાસને નવનિર્માણના સ્વતંત્ર રાહે લાવનાર ગાંધીજીની જન્મસાલ ૧૮૬૯, એમની છેલ્લી સફળ સ્વાતંત્ર્ય-લડત ૧૯૪૨માં અને એ જ જીવનાવધિ આનંદશંકરભાઈની. ૧૯૪૨ની રણભેરીનો નાદ સંભળાતા પહેલાં જ આનંદશંકરભાઈએ વિદાય લીધી.

ગાંધીજીની અસર ગુજરાતના સાંસ્કૃતિક જીવને ઝીલી તે પૂર્વે દોઢ-બે દાયકાથી ગુજરાત આચાર્યશ્રીની સમદર્શી મેધાને ઝીલતું-પુરસ્કારતું રહ્યું હતું. તેમના માસિક 'વસન્ત'ને માર્ગદર્શક ગણનાર એક વિશાળ વર્ગ હતો. ખુદ ગાંધીજીનેય એમના લેખો દક્ષિણ આફ્રિકામાં સ્પર્શી ગયેલા. આનંદશંકરભાઈના બ્રાહ્મણત્વનો પરિચય ભારતભરના અભ્યાસીઓને થયો. ચિંતનના ક્ષેત્રે આવી ઊંચી ભારતીય પ્રતિષ્ઠા વિરલ હતી. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં તેમની આચાર્યપદે થયેલી વરણી ગુજરાતના બૌદ્ધિક જીવનમાં મહત્ત્વનો બનાવ છે. ત્યાં એક જ વર્ષમાં પ્રો-વાઈસ ચાન્સેલર થઈ તેઓ ૧૯૩૬ લગી રહ્યા. એ પદનેય તેમણે એવું સોહાવ્યું કે બનારસ યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની પદવી આપી.

'વસન્ત'ના તંત્રી-લેખક અને 'હિન્દુધર્મની બાળપોથી' જેવી કૃતિઓ આપી ચૂકનાર આનંદશંકરભાઈએ ઇ. ૧૮૯૨ થી ઇ. ૧૯૧૯ સુધી ગુજરાત કોલેજમાં સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, તર્કશાસ્ત્ર આદિ વિષયોનું પ્રભાવક અધ્યાપન કર્યું. ગાંધીજીની ભલામણે પંડિત મદનમોહન માલવિયજી ડહોળાયેલી બનારસ યુનિવર્સિટીમાં સુકાની તરીકે તેમને લઈ ગયા. આ અગાઉ ૧૯૧૯માં ગાંધીજીએ તેમને અમદાવાદના મિલમાલિકો અને કામદારોના વિવાદમાં લવાદ નીમેલા. બનારસ યુનિવર્સિટીને તેમણે સંવાદિત તો કરી જ પણ વહીવટી બાહોશી અને શાંત ઔદાર્યથી વધુ તો તેમાં વિદ્યાનું વાતાવરણ એવું જમાવ્યું કે દરરોજ કોઈ ને કોઈ વાર્તિકથી યુનિવર્સિટીના વિશાળ કેમ્પસમાં તેઓ પ્રાર્થના કરાવે ત્યારે ટાંકણી પડે તો ય સંભળાય એવી શાંતિ. એમની પ્રતિભા અને વિદ્વત્તાની છાપ એવી કે રાધાકૃષ્ણન એમને વેદાન્તના ઉત્તમ વિદ્વાન કહે, એમની વિદાય ટાણે મદનમોહન માલવીયજી આંસુ સારે અને એ યુનિવર્સિટીના એમ. બી. રાણે એમને 'A devout Hindu with broad culture...champion of thought, possessing the happy faculty of seeing everything with freedom and wit.' કહી નવાજે. ૧૯૨૦ની ગુજરાતી સાહિત્ય પરિષદના અતિથિવિશેષ રવીન્દ્રનાથે પણ એમની દષ્ટિ મૂળ સત્યપર્યન્ત જાય છે એમ ક્ષિતિમોહન સેનને કહ્યાનું યાદ છે.

પિતા રાવસાહેબ બાપુભાઈ દયાશંકર અને મણિબાના એ પુત્ર. સાવકાં ચાર અને સગાં બે બહેનો વચ્ચે એક જ ભાઈ એટલે ખૂબ લાડકોડ અને સાહ્યબીમાં વડોદરા-રાજકોટ વચ્ચે એમનું બાળપણ વીતાવ્યું. હાઈ સ્કૂલ સમયે જ સંસ્કૃત શાસ્ત્રી પાસે સઘન અભ્યાસ કર્યો હતો. લાંબી વિધુરાવસ્થામાં માતાની ખોટ ન લાગે તેમ બે પુત્રો અને પુત્રીઓને સાચવ્યાં. એમ.એ., એલએલ.બી. થઈ ગુજરાત કોલેજમાં અધ્યાપક થયા. ૧૯૩૦માં આંતર યુનિવર્સિટી બોર્ડના અધ્યક્ષ, નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, ૧૯૨૮માં ભારતની ફિલોસોફિકલ કોંગ્રેસના અને ૧૯૩૬માં સર્વધર્મ પરિષદના પ્રમુખપદે ચૂંટાયા. એ જ વર્ષે નિવૃત્ત થઈ અમદાવાદ ગુજરાત વિદ્યાસભાના પ્રમુખપદે રહી ગુજરાત યુનિવર્સિટી માટેનું સમુચિત વાતાવરણ સર્જ્યું.

માત્ર અધ્યાપન કે ઉત્તમ વહીવટકાર એ હોત તો આજ આટલે વર્ષે તેમનું સ્મરણ ન થાત. એમનું ચિરંજીવ કાર્ય તે એમનો અક્ષરદેહ છે. ગાંધીજીના



અમદાવાદમાં આકાશેઠકૂવાની પોળમાંના પોતાના નિવાસસ્થાનના અભ્યાસખંડમાં આચાર્ય આનંદશંકર ધ્રુવ

સૂચને લખાયેલો સંસ્કૃત લેખ 'સ્પૃશ્યાસ્પૃશ્ય', અંગ્રેજીમાં તત્ત્વદર્શનનાં બે વ્યાખ્યાનો, અંગ્રેજ કવિઓ વિશેની પુસ્તિકાઓ, સયાજીરાવ ગાયકવાડના નિમંત્રણે લખાયેલાં બાળ-પ્રૌઢભોગ્ય 'નીતિશિક્ષણ,' 'ધર્મવર્ણન', 'હિંદુધર્મ', 'હિંદુધર્મની બાળપોથી', તેમજ વિદ્વદ્ભોગ્ય 'શ્રીભાષ્ય'ના ટીકા સહિત અનુવાદ, 'આપણો ધર્મ', 'કાવ્યતત્ત્વવિચાર', 'સાહિત્યવિચાર', 'દિગ્દર્શન', 'વિચારમાધુરી', 'સ્યાદ્વાદમંજરી અને 'ન્યાયપ્રવેશક'ના ઉત્તમ અંગ્રેજી અનુવાદો જેમાં અનુક્રમે જૈન અને બૌદ્ધદર્શન ન્યાયગ્રંથોનો સમાવેશ થાય છે. ઉપરાંત નિબંધના વિવિધ સ્વરૂપે - વ્યાખ્યાનનોંધ, વાર્તિક, ચર્ચા, સમીક્ષા, સંશોધન, આકાશવાણી માટેના વાર્તાલાપો, આદિ તેમના સર્જનમાં જે સામગ્રી પ્રકટ થઈ છે તેમાં આપણો ઉત્તમ જ્ઞાનચિંતન-વૈભવ છે. તેમની સાહિત્યવિચારણા નિબંધો, વ્યાખ્યાનો, ગ્રંથાવલોકનો, ચર્ચાનોંધો, પ્રવેશકાદિ રૂપે મળે છે. તેમણે સાહિત્યના વિભાવન અને નિરૂપણમાં સર્જકતાને શિરમોર કહી સ્વસ્થ-મસ્ત બેઉ રીતિને પુરસ્કારી છે. 'ઉકરડેથી પણ રત્ન હોય તો લઈએ' એ તેમની વાતમાં ઉદાર સમતાશીલ દષ્ટિની પ્રતીતિ થાય છે.

સાહિત્ય-કલા કે ઈતિહાસ-સંસ્કૃતિ કે શિક્ષણ-સમાજ-જીવન આદિના અનેક વિષયો અથવા રાજકીય-આર્થિક વિચાર-આંદોલનોને આનંદશંકર 'વસન્ત' માસિક દ્વારા અભ્યાસનિષ્ઠ સમદર્શી પર્યેષક વિદ્વાન અને વ્યવહારુ નાગરિક તરીકે સમર્થપણે મૂલવે છે. રસિકલાલ પરીખે એમના દર્શનગ્રંથોનાં સંપાદનોને 'લબ્ધપ્રતિષ્ઠિત અને એક અનુભવી અધ્યાપકની વિવેચન અને વિવરણ-શક્તિ' લેખે ગણાવ્યા છે તે યથાર્થ છે.

આપણા સંસ્કૃત કાવ્યશાસ્ત્રકારો અને પશ્ચિમના એરિસ્ટોટલથી માંડી ક્રોચે સુધીના કાવ્યમીમાંસકોના ગ્રંથોને પચાવી તેમની વિવેચનાની ઊંડી રસવૃત્તિથી ઉત્તમ તારવણી કરી આપે છે.

ચાલુ સદીના પૂર્વાર્ધે ગુજરાતને આમ બ્રહ્મર્ષિ મળ્યા તે આનંદશંકરમાં. ઇ.સ. ૧૯૦૨માં 'વસન્ત' માસિક શરૂ કરતાં એને એમણે ક્યારો નહીં પણ

વાતાવરણ કહ્યું. 'વસન્ત' માસિક ચલાવવાનો તેમનો મુખ્ય હેતુ ગુજરાતમાં યુનિવર્સિટીની ખોટ પૂરી પાડવાનો હતો. તત્ત્વચિંતન, ગૃહ, કેળવણી, સુધારો, અર્થકારણ, રાજકારણ, નીતિ, સાહિત્ય એ સર્વ વિષયોને સ્પર્શતી જે આલોચના તેમણે 'વસન્ત'માં કરી છે, તેમાં શ્રદ્ધા અને ભાવના એ છે કે સમગ્ર જીવનમાં વિશ્વરચના અને જીવન-વ્યવહારની પાછળ કોઈ એક એકતાનું તત્ત્વ છે. સામયિક માટે થયેલી એ આલોચના ઉપરકથિત ગ્રંથોમાં ગ્રંથસ્થ થયેલી છે, તે આજે પણ આસ્વાદ્ય બને છે. તે તેમાં રહેલી વિચારસરણીની ચિરંજીવતાની પ્રતીતિ કરાવે છે. તેમાં રજૂ થયેલા કેળવણી વિશેના વિચારો આજે પણ મૂંઝવતા આ પ્રશ્નનો ઉકેલ દર્શાવે છે. તેઓ કહે છે : 'જગતમાં યુનિવર્સિટીની ડિગ્રીઓ તે કેવળ જ્ઞાનની સીડીઓ જ થઈ રહેલી હોય એમ જાણ્યા'માં નથી. સર્વત્ર એ ઘણાંખરાંઓને માટે વ્યવહારમાં ઊતરવાનાં પગથિયાં જ હોય છે. ...ખરી વાત એટલી જ કે સાદી ડિગ્રી સહેલી રાખવા ઉપરાંત ઓનર્સ ડિગ્રી કઠણ રાખવી જોઈએ; જેથી પ્રજામાં સામાન્ય ઉચ્ચશિક્ષણ વિસ્તરે અને તેની સાથે જ્ઞાનની ભાવના ઉત્તેજાય તથા કેળવાય.' 'સાહિત્યવિચાર'ના ઉપોદ્ઘાતમાં પાઠકસાહેબે આથી જ કહ્યું છે કે 'એમના લેખો; અભ્યાસી જેમ વધારે ખેડશે તેમ તેને વધારે ફળદાયી નીવડશે...આના જેવો ક્ષોદનક્ષમ ગ્રંથ આ વિષયમાં હજી ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી. અને ઘણાં વર્ષો તે એવો જ રહેશે.'

'વસન્ત' દ્વારા જીવનને વિશાળ ક્ષેત્રમાં વિલોકી વગર પ્રણાલિકાએ વહેવા દેવામાં આનંદશંકરે પોતાનું લેખક-વિચારક તરીકે સ્વરૂપ જોયું અને તે સાર્થક કર્યું. વારાણસીમાં ગુજરાતથી માઈલો દૂર અનેકવિધ જવાબદારીઓ વચ્ચે 'વસન્ત' માટે ગુજરાતી ગ્રંથાવલોકનો સુધ્ધાં લખવામાં પ્રમાદ ન સેવ્યો. સાડત્રીસેક વર્ષોનું આવું સત્ત્વશીલ નિતાંત જાગ્રત પત્રકારત્વ અને પિસ્તાળીસેક વર્ષોનું ઉચ્ચસ્તરે અધ્યાપન એમની તત્ત્વમૂલક પર્યેષક બુદ્ધિ-ચેતનાથી અને ધ્યેયનિષ્ઠ સ્થિરતેજ પ્રત્યક્ષ જીવનવ્યવહારથી દીપાવ્યું. ભારતીય ભૂમિકાએ ઊંચા સંપર્કો અને સર્વત્ર સન્માન વચ્ચે એમણે પોતાનો 'બ્રાહ્મણ' આદર્શ લગીરે ન છોડ્યો અને જ્ઞાનસાધક સંસ્કારશિલ્પી બની રહ્યા.

માત્ર વિચાર કે લેખનમાં જ નહિ આચારમાંય તેમણે ગરવું જીવન જીવી બતાવ્યું. સવારના ચાર વાગે ઊઠી, નાહી, પૂજાપાઠથી પરવારી એ પોતાના કામે લાગતા. અંઘોળમાં જ જમવાનો અને નાગર સિવાય બીજાના હાથની રસોઈ ન જમવાનો તેમનો નિયમ મરણપર્યન્ત અતૂટ રહેલો. લાંબી મુસાફરીમાં પણ સૂકો મેવો, ફળ કે દૂધ સિવાયં કશું જ તેઓ લેતા નહિ. એમનો રસોઈયો ગામ-પરગામ સાથે જ ફરે; એટલે ટ્રેનમાં સ્પિરિટ લેમ્પ પર તેમને ચા બનાવી આપે. તબિયતને કારણે કે રાંધનારની અગવડ ખાતર કે પોતાનાથી સ્નાન ન થઈ શક્યું હોય, કે રાંધનાર અસ્નાત હોય તો દૂધની દશમી કે ફળાહારથી નભાવી લેતા. અલબત્ત, આ આચારસંહિતા પોતાની જાત પૂરતી જ તેમણે મર્યાદિત રાખેલી. તેમ ન હોત તો પુત્રનું પરદેશગમન કેવી રીતે શક્ય બનત? તેમની બંને પુત્રવધૂઓ પણ સુધારક ભોળાનાથભાઈના કુટુંબની. પરંતુ ક્યારેય આચાર્યશ્રીને તેમની સાથે ઘર્ષણ કે મનદુ:ખનો પ્રસંગ ઊભો થયેલો નહિ; કેમ કે અરસપરસ આચાર માટે દુરાગ્રહ રાખવામાં આવતો નહિ. બલ્કે એકબીજાંને અનુકૂળ થવા તત્પર રહેતાં. જેમ વિચારણામાં અંતનો પરિહાર અને મધ્યમ માર્ગનું ગ્રહણ એ એમની રીતિ હતી, તેમ વ્યવહારમાં પણ હોવાને કારણે સમકાલીનોના મતમતાંતરના એ જમાનામાં તેઓ સનાતની અને સુધારકો બંનેના મિત્ર અને રસજ્ઞ થઈ શક્યા હતા.

મોટપણે નરસિંહરાવના 'સ્મરણમુકુર'માં વાંચ્યું : આનંદશંકર એમની રીત પ્રમાણે ગાર્ડનપાર્ટીમાં બેચાર કાજુ હાથમાં લઈ આંટા મારતા સહુ જોડે વાત કરતા.' ત્યારે એમ પણ લાગતું કે વિચારોમાં આટલી ઉદારતા દર્શાવનાર, તેમજ વર્ણભેદને હિંદુધર્મની પાયાની બાબત ન સમજનાર આચાર્યશ્રી આચારમાં આટલા બધા ચુસ્ત કેમ હશે ? નિત્ય પાઠમાં ગીતાવાચન કરનાર આચાર્યશ્રીને મન એમ તો નહિ હોય કે 'સ્વધર્મે નિધનં શ્રેય:' આજે વિચાર કરતાં લાગે છે કે એમની આચારશુદ્ધિ એ એક પ્રકારની સુઘડતાનું - શુચિતાનું ચિહ્ન હતું. મને યાદ છે કે મોટા સંયુક્ત કુટુંબમાં ઉનાળામાં કેરીનો રસ કઢાતો હોય ત્યારે તેઓ જાતે રસ કાઢનારે હાથ બરાબર ધોયા છે કે નહિ તેની ખાતરી કરી લેતા. તેમને બાહ્યાન્તર શુદ્ધિનો અત્યંત આગ્રહ હતો.

તેઓ માત્ર જન્મે કે આચારે જ બ્રાહ્મણ ન હતા, જેને ગોવર્ધનરામ 'સાક્ષરજીવન'માં બ્રાહ્મણજીવન તરીકે વર્ણવે છે, તેવા બૃહદ એટલે દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા બ્રાહ્મણ હતા. સ્વ. વિદ્યાગૌરી નીલકંઠે મેટ્રિકની પરીક્ષા પસાર કરી પછી તેમના પિતા આનંદશંકરભાઈને મળવા ગયા ત્યારે સહશિક્ષણવાળી કોલેજમાં તેમને મોકલવા ગોપીલાલભાઈને પ્રોત્સાહિત કર્યા એટલું જ નહિ, વિદ્યાબહેનને બી.એ.માં મોરલ ફિલોસોફિ અને લોજિક વિષયો તરીકે રાખવા હતા ત્યારે ગુજરાત કોલેજમાં એ વિષયના અધ્યાપક ન હોવાથી, પોતે સંસ્કૃતના અધ્યાપક હોવા છતાં તે વિષયોનો ખાસ અભ્યાસ કરી તેમણે કોલેજમાં અધ્યાપન કરી સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપ્યું.

સંસ્કૃતશાસ્ત્રીઓ પાસેથી પ્રાપ્ત કરેલા ન્યાય અને વ્યાકરણના જ્ઞાન સાથે યુનિવર્સિટી શિક્ષણનું રસાયણ ભળતાં તેમની દૃષ્ટિ વિશાળતા અને ઊંડાણ પામી. આથી તેમના ચિંતનમાં અને વિવેચનમાં સમ્યક્ દૃષ્ટિ ખીલી. દૃષ્ટિ અને વિચારણાની શાસ્ત્રીય બિનંગતતા સાથે માનવ મર્યાદાની તેમનામાં સમભાવભરી સમજ હતી. પંડિતયુગના આ પ્રખર ચિંતકની વિશેષતા એ હતી કે મૂલ્યાંકનમાં તેમણે ઐતિહાસિક, તુલનાત્મક પદ્ધતિ અપનાવી હતી. પર્વતની ટોચ પરથી નીચેની નિસર્ગશ્રીમાં કોઈ વસ્તુનું સ્થાન જેમ કોઈ વિજ્ઞાની નક્કી કરે તેમ આચાર્યશ્રી અખંડ દર્શનના અભિલાષથી વિચારવિષયની આસપાસ પ્રદક્ષિણા કરી જ્ઞાનની ઊંચી ભૂમિકાએ ઊભા રહી, અખિલ જ્ઞાનવિસ્તારમાં તેનું સ્થાન નક્કી કરતા. આથી જ ઈ. ૧૯૨૦ની સાહિત્ય પરિષદ વખતે કવિવર ટાગોર સાથે પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિ વિશે વાત નીકળતાં આચાર્યશ્રીએ કહ્યું હતું કે ભારતમાં ત્યાગપ્રધાન બ્રાહ્મણ

સંસ્કૃતિ છે ત્યારે પશ્ચિમમાં ભોગપ્રધાન. કદાચ આ પ્રતીતિને કારણે જ સરસ્વતીચંદ્ર સાથે કુમુદે પુનર્લગ્ન ન કરવાનું કારણ તેમણે સુધારકો પેઠે ગોવર્ધનરામ સનાતની વિચારોથી એમ ન કરી શક્યા એમ કહેવાને બદલે સમગ્ર ચર્ચા ભારતીય સંસ્કૃતિની ભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં 'વસન્ત'માં કરી. તેમને વિશે નાનપણમાં બાલમાનસ પર અંકિત થયેલી 'ઋષિ'ની છાપનું સાચું રહસ્ય તેમનાં લખાણોમાં રહેલી આ પ્રતીતિ અને તેમના બ્રાહ્મણત્વનો સ્પષ્ટ ખ્યાલ મોટપણે તેમના ગ્રંથો દ્વારા આવ્યો અને જૂની છાપ દ્દઢાંકિત થઈ.

તે જમાનામાં પૂર્વ-પશ્ચિમના પ્રવાહોમાં ક્યારેક પૂર્વ તરફી, ક્યારેક પશ્ચિમ તરફી વિચારધારામાં આપણા વિદ્વાનોનું વલણ દેખાતું. આનંદશંકરભાઈની વિચારણામાં આ બંને દિશાની પ્રતિકૂળતા શમી જઈ એકરૂપતા પામે છે. આથી જ મણિલાલ જેવા સનાતની કે નરસિંહરાવ-રમણભાઈ જેવા સુધારકો સાથે તેમની મૈત્રી એકસરખી રહી શકી હતી. વિશાળતા, ઉદારતા અને સર્વગ્રાહી દૃષ્ટિથી પૂર્વ અને પશ્ચિમની એકવાક્યતાનું દૃષ્ટિબિંદુ સ્થાપવા તેમણે પ્રયાસ કર્યો. તેમાં બંને ગોલાર્ધની તત્ત્વચર્ચાને આત્મસાત્ કરી પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું ! આપણો ધર્મમાં વ્યક્ત થતી સમ્યક દૃષ્ટિ દર્શાવે છે કે સત્યગ્રહણ કરવામાં પૂર્વ કે પશ્ચિમની સાંકડી સીમાને વળોટી જવાની તેમની શક્તિ છે - પછી એ તત્ત્વજ્ઞાન હોય કે સાહિત્ય. લાંબા પટ પર પથરાયેલા તેમના અનેક વિષયોનાં લખાણો એક ચોક્કસ વિચારસરણીની નીપજ હોવાથી તેમાં મૂળભૂત સિદ્ધાંતોની એકતા જણાય છે. આ સંદર્ભમાં જ તેમને મુનશીએ 'High Priest of Sanskritic revival in its best form' કહેલા છે. તેમની વિચારણા અને વિવેચનાની વિશેષતા તેમાં રહેલી રસજ્ઞતાને કારણે છે. કૉલેજના વિદ્યાર્થીઓ હોય, ગુજરાતનો વાચકવર્ગ હોય કે વિદ્વદ્વર્ગ હોય 'વસન્ત' દ્વારા કે વ્યાખ્યાન દ્વારા તેઓ એકસરખી વિદ્વત્તા અને રસિકતાથી પોતાના વક્તવ્યને રજૂ કરી શકતા. 'પ્રસન્ન ગંભીરપદા સરસ્વતી' જેવી તેમની ગદ્યશૈલી તેમના ચિત્તના પ્રસાદ અને ગાંભીર્યને, ઊંડાણ અને વિશાળતાને તેમજ માધુર્ય અને રસિકતાને અભિવ્યક્ત કરે છે.

આ રસિકતા અને વિચક્ષણતા માત્ર લેખનમાં જ નહિ, સામાન્ય વ્યવહારમાં ય પ્રકટ થતી. ઊંચા ધૂપેલ અને અથાણાના રસિયા, નિવૃત્તિમાં પરિમલ સોસાયટીમાં તેમને બંગલે આવતા યુવાન બૌદ્ધિકો સાથે અલક-મલકની અને લોકભાષામાં કહીએ તો 'નાગરી-પંચાત'માં ય ન્યાયશાસ્ત્ર કે વેદાન્ત, ઍરિસ્ટોટલ કે અભિનવગુપ્ત જેવો જ રસ લઈ શકતા. ક્રિકેટમૅચ ચાલતી હોય ત્યારે તત્ત્વજ્ઞાનની ચર્ચા માટે નકાર કરી ક્ષમા પ્રાર્થતા. થોડા જ કલાકોમાં ખાસ તૈયાર કરાયેલી રવીન્દ્રછબી સાહિત્ય પરિષદના (૧૯૨૦માં) પ્રદર્શનમાં વેચાણ માટે મુકાઈ જોઈને વિના-વિલંબ અતિથિ-કવિ સમક્ષ ગુજરાતની-અમદાવાદની શાન જળવાય એમ જાતે ખરીદવાનો મૂંગો વિનય આચરતા. લાજધૂમટો કાઢવાનો ઠરાવ સભામાં થયા પછી વિરામ સમયે પ્રમુખ નરસિંહરાવને 'થોડી પણ લાજ નહીં !' એમ હળવેકથી પૂછતા આનંદશંકરની વિવિધ છબી એમની વિનોદવૃત્તિ, રસિકતા અને વિચક્ષણતાનું નિદર્શન કરે છે. અંગ્રેજ માટે કહેવાય છે કે તે જ્યાં જાય ત્યાં તેનું ઈંગ્લન્ડ સાથે લેતો જાય છે. આચાર્યશ્રીનું અમદાવાદ માટેનું મમત્વ એવું જ હતું. બનારસમાં એક વખત તેઓ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યા ત્યારે તેમણે અમદાવાદ પોતાને લઈ જવા જણાવ્યું. માલવીયજી કહે : 'ધ્રુવજી ! ગંગા-કિનારે રહીને ય અમદાવાદ જવાનો મનોરથ બાકી રહ્યો છે ?' ગંભીર માંદગીને બિછાનેથી પણ ધ્રુવજીએ ઉત્તર વાળ્યો :' ત્યાં તો મારો દધિચીનો ઓવારો છે.' આમ છતાં બીજાના દૃષ્ટિબિંદુને એવા સમભાવથી વળગી રહેતા કે તેમનો રસોઈયો નારદલાલ બનારસમાં માંદો પડ્યો, ત્યારે તેણે ગંગાને ખોળે દેહ મૂકવાની અભિલાષા દર્શાવી. ઉપકુલપતિ આનંદશંકરભાઈ નારદલાલનું માથું ખોળામાં મૂકી હોડીમાં બેસી ગંગાજી ગયા; અને ત્યાં જ તેના અંતિમ સંસ્કાર કર્યા.

હીરાના પાસા જેવા તેમના વ્યક્તિત્વના કેટકેટલા પહેલું નિહાળવા! પત્નીની સખત બીમારીમાં આબુ રોકાયેલા ત્યાંથી ગુજરાત કૉલેજના પોતાના વર્ગ માટે મિત્ર ઉત્તમલાલ ત્રિવેદી પર શિક્ષણ-ટિપ્પણો મોકલે, રેડિયો પર ગુણલક્ષી વાર્તાલાપ સાંભળી પોતાની કૃતિ વિશે માત્ર ગુણો નહીં દોષો પણ બતાવવા ઘટે એવી ટકોર કરે, આકાશેઠકૂવાની પોળના પોતાના મકાનની પડોશમાં આગ લાગી ત્યારે - લાયબંબા કે નળનાં પાણી નહોતાં, માત્ર કૂવા-ટાંકાં પર જ આધાર હતો એ જમાનામાં - તિજોરી ખસેડવાને કે ગર્ભશ્રીમંત કુટુંબના મૂલ્યવાન દાગીના ખસેડવાને બદલે પોતાના અધ્યયન-ખંડનાં પુસ્તકો તાબડતોબ બીજા ઘરમાં ખસેડે, 'ઋતૂનાં કુસુમાકરઃ'ની ગીતાકથી ભાવના તેમના અંતિમ દિવસોમાં આ અભિલાષાથી વ્યક્ત કરે કે 'રતિભાઈ ! (સ્વ. રતિલાલ ત્રિવેદી) મને એવો વસન્તોત્સવ ઉજવવાનું મન થાય છે કે પોળના ઘરના મારા અધ્યયનખંડનાં બધાં જ પુસ્તકો ફરીથી ગોઠવી એને નમસ્કાર કરી એક પાટિયું ત્યાં મૂકું કે 'These have made me.' તેમની આ પ્રિય મોંઘી મિરાતને ગુજરાત વિદ્યાસભાને અર્પણ કરવાની તેમની અંતિમ ઇચ્છા તેમના સુપુત્રોએ ઉદાર દિલે તેનું સમર્પણ ગુજરાતની વિદ્યાપ્રિયતાને કરી પૂરી કરી.

આવા ગરવા, વિદ્વાન, ધીરગંભીર, રસિક સજ્જનનો બાળપણમાં પડોશ સાંપડ્યો, બાલમાનસ પર અંકિત થયેલા એ રેખાચિત્રમાં તેમના પુસ્તકોના વાચને વિવિધ રંગછટા ભરી એમની ગરિમાને ઉપસાવી, ભલભલા માંધાતાને ય માન મુકાવે એવી 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે'ની ઉક્તિને ચરિતાર્થ કરી અમારા એ છેલ્લા ખાંચાને તેમની હાજરીએ અનેક લબ્ધપ્રતિષ્ઠિત વ્યક્તિઓની આવનજાવનથી ધમધમતો કરી તેમના પ્રત્યે અહોભાવ પ્રકટાવ્યો એવા સજ્જન, ચિંતક, વિવેચક, અનન્ય શૈલીકાર અને કેળવણીકાર આ વંદ્યવિભૂતિને તેમની પચાસમી પુણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિ આપતાં તેમના જ પ્રિય ગોપીગીતની પંક્તિમાં થોડો શાબ્દિક ફેરફાર કરી બિરદાવવાનું મન થાય છે કે 'जयति तेऽधिकं जन्मना गुर्जरी.' □

સાવ બહેરા માણસને પણ પોતાની પ્રશંસા સાંભળવી ગમે છે

વિનોદ ભટ્ટ

સ્પેનિશ વાયોલિન વાદક પાબ્લો દ સારાસતે ખૂબ જ લગનથી વાયોલિન વગાડ્યા કરતો. તેના જીવનનાં છેલ્લાં વર્ષો દરમિયાન એક સંગીત સમીક્ષકે તેની વાયોલિન સાંભળીને આશ્ચર્યથી કહ્યું : 'જિનિયસ....' આ સાંભળીને સારાસતે ગુસ્સાથી બોલ્યો : 'સાડત્રીસ સાડત્રીસ વરસ સુધી દરરોજ ચૌદ કલાક પ્રેક્ટિસ કરી છે ને આજે જ આ લોક મને જિનિયસ કહે છે...' પોતાની પ્રશંસામાં આ શબ્દ સાંભળવા તેના કાન કેટલાંય વર્ષથી તડપતા હતા. એ અંગે તેની ફરિયાદ હતી. તેની પ્રશંસા કરવામાં લોકો ઘણા મોડા પડ્યાની લાગણી તેણે આક્રોશ દ્વારા ઠાલવી હતી. આપણા 'ધૂમકેતુ' એ પણ આવા જ કારણસર રણજિતરામ સુવર્ણ ચન્દ્રક પાછો કાઢ્યો હતો.

સોક્રેટીસે ભલે કહ્યું કે જે તારી પ્રશંસા કર્યા કરે તેને તું તારો હિતચિંતક ન માનીશ, પણ જે તારી ભૂલોની ટીકા કરે તેને જ તારો સાચો હિતેચ્છુ ગણજે- તે છતાં માણસને તેની ટીકા કરનાર કરતાં પ્રશંસા કરનાર જણ તરફ પક્ષપાત રહે છે. મારા મતે તો ઈશ્વરે કાનનું સર્જન જ એટલા માટે કર્યું છે કે જેથી તે પોતાની પ્રશંસા સાંભળી શકે, બાકી તો કાનનો ઉપયોગ જ શું છે! કોઈ એમ કહે કે વધુ પડતી પ્રશંસા એ મીઠું ઝેર છે ને તે બહુ સાંભળવાથી ડાયાબીટીઝ થતો હોય છે તો ડાયાબીટીઝનું જોખમ વ્હોરીને પણ માણસ પોતાની પ્રશંસા સાંભળવા સદાય તત્પર રહેશે. મહાન સંગીતકાર બીથોવન કે જેણે શ્રવણશક્તિ ગુમાવ્યા બાદ ઘણી સુંદર સિમ્ફનીઝ રચી હતી તેને પણ પોતાની આ સિમ્ફનીઝની પ્રશંસા સાંભળવી ગમી હશે. એટલે તો કહેવાયું છે કે માણસની શ્રવણશક્તિ સુધારવામાં પ્રશંસા બહુ મોટો ભાગ ભજવી શકે છે. બધિરજન માટે જો પ્રશંસાવાળી થેરપી કાનના ડોકટર્સ દ્વારા અપનાવવામાં આવે તો શક્ય છે કે તે પોતાની ગુમાવેલી શ્રવણશક્તિ થોડા અંશેય પાછી મેળવી શકે.

કોઈ માણસ જો એમ કહેતો હોય કે મને પ્રશંસા બીલકુલ ગમતી નથી તો માનજો કે પોતાને મળેલી પ્રશંસાથી તેને પૂરતો સંતોષ નથી, પ્રશંસા ઓછી પડે છે. કોઈકે કહ્યું છે કે દરેક જણ પોતાની પ્રશંસાથી ફુલાતો હોય છે - એક ફૂટબોલ સિવાય, કેમકે તે હવાથી ફૂલે છે. બાકી કોઈએ જોયો નથી એવા ઈશ્વરને પોતાની પ્રશંસા ચોક્કસ ગમતી હશે- જો તેમ ના હોત તો તેના ભક્તો તેની સ્તુતિમાં કહેતા ન હોત કે તેં તો હિરણકશ્યપને માર્યો, ગજરાજને તાર્યો, નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી, મીરાંબાઈને ધરવામાં આવેલ ઝેર પણ તું પી ગયો હતો, ટચલી આંગળીએ તેં જ તો આખેઆખો ગોવર્ધન પર્વત તોળ્યો હતો.

ભગવાન પણ જો પોતાનાં વખાણથી રાજી થતા હોય તો સામાન્ય માણસનું બાપડાનું શું ગજું ! 'વાહ વાહ'માં જે નશો છે તે કદાચ વિશ્વભરના ઉત્તમ શરાબમાં પણ નહીં હોય. પોતાનાં વખાણ ગમતાં ન હોય એવો માણસ આ પૃથ્વી પર પેદા થયો હોય ને પાગલખાનાની બહાર હશે તો તેને મળવાનું, ભેટવાનું ને તેની મુક્ત કંઠે પ્રશંસા કરવાનું મને ગમશે.

દરેક નોર્મલ માણસને પોતાની પ્રશંસા ગમતી હોય છે. ગમતી ન હોય તો સમજવું કે તેના ઘડતરમાં કશીક ગરબડ છે, તે પૂર્ણ માણસ નથી.

એક સર્વે પ્રમાણે પુરુષ કરતાં સ્ત્રીને પોતાની પ્રશંસાની ઝંખના વિશેષ રહે છે. મારા મતે દર્પણની શોધ જ સ્ત્રીના સૌંદર્યની પ્રશંસા માટે થઈ છે. રૂપસુંદરીઓ દર્પણ દ્વારા પોતાના સૌંદર્યની પ્રશંસા જોઈ-સાંભળી લેતી હોય છે. પોતાની સુંદરતાની માન્યતા મેળવી લે છે. પ્રશંસાથી સ્ત્રીને સહેલાઈથી છેતરી શકાય છે. આ વાતની ખબર હોવાને લીધે જ શેતાન ઈવ પાસે ગયો હશે, તેની સુંદરતાનાં બેહદ વખાણ કરીને પછી ઉમેર્યું હશે કે તારામાં સૌંદર્ય તો ભરપૂર છે, તેમાં જો બુદ્ધિનું તત્ત્વ ઉમેરાય તો તું અનન્ય સ્ત્રી બની રહે. તારા માટે આ જ્ઞાનનું ફળ લાવ્યો છું. આદમે તને આ ફળ ખાવાની મનાઈ ફરમાવી છે, એનું એકમાત્ર કારણ એટલું જ છે કે તું એના કરતાં વધુ બુદ્ધિશાળી બની જાય એ તેને પસંદ નથી. શેતાને ઈવની એટલી બધી પ્રશંસા કરી હશે કે ઘડીભર તે ભૂલી ગઈ કે પૃથ્વી પર તે એકમેવ સ્ત્રી છે, તેની સ્પર્ધામાં પૃથ્વી પર અન્ય કોઈ સ્ત્રી નથી એટલે તેના અનન્ય હોવાનો પણ પ્રશ્ન રહેતો નથી; પરંતુ માત્ર પ્રશંસાથી પ્રેરાઈને તે જ્ઞાનનું ફળ ખાઈ ગઈ હોવી જોઈએ.

શેતાને અધૂરું છોડેલું કામ કવિઓ કરી રહ્યા છે - સ્ત્રીની પ્રશંસા કરવાનું ને છેતરી શકાય એટલી છેતરવાનું. તમને એ તો યાદ હશે કે ઉર્દૂ ભાષાના એક કડકા કવિએ એક સુંદરીના ગાલ પરના એક તલ પર સમરકંદ અને બુખારા ન્યોછાવર કરી દેવાની જાહેરાત કરી હતી. આ બે શહેરોને આવરી લેતો નકશો ખરીદીને આપવાની પણ કવિની ત્રેવડ નહોતી. કલીઓપેટ્રા જેવી મહત્ત્વાકાંક્ષી ન હોય એવી સુંદરીઓને આવાં શહેરો કરતાંય વધારે પોતાની પ્રશંસામાં જ રસ હોય છે. એટલે આવી અમથી જાહેરાતથી પણ તે રીઝી જાય છે. શબ્દકોશમાંના સુંદર શબ્દો ફેંકવાથી સામેનું પાત્ર રાજી થતું હોય તો માફકસરની પ્રશંસા કરી લેવાની આ લખનાર તરફેણ કરે છે. ગાયિકા લતા મંગેશકરના અવાજની તારીફમાં કોઈ એમ કહે કે તેના ગળામાં કોયલે માળો બાંધ્યો છે તો તેમાં લતાનું બહુમાન થતું હોવા છતાં કોયલની

બદનક્ષી થતી નથી. કોયલને પણ આ અંગે માઠું લાગવાની શક્યતા નથી, પણ પેલા એક કવિના ચાળે ચડીને આપણા એક લોકપ્રિય નવલકથાકારે એક પ્રતિષ્ઠિત કવિને ખુશ કરવા કહ્યું કે તારી આ ગઝલ સામે હું મારી તમામ નવલકથાઓ કુરબાન કરી દેવા તૈયાર છું. આથી રાજી થવાને બદલે કવિએ આંખો કાઢતાં તે નવલકથાકારને પ્રશ્ન કર્યો : 'તું મને શું પસ્તીવાળો સમજે છે?'

દરેક કલાકારને પીઠ થાબડનાર જોઈતો હોય છે, તેના સમકાલીનો દ્વારા કરવામાં આવેલી પ્રશંસા તેને માટે ઘણી કિંમતી હોય છે, કારણ એટલું જ કે સમકાલીનો દ્વારા તે મેળવવી કઠીન પણ છે. આવા જ કોઈ ફ્રસ્ટ્રેશનથી પીડાઈને ભવભૂતિને કહેવું પડ્યું હતું કે 'कालोऽयं निरवधिः विपुला च पृथ्वी' પોતાની હયાતીમાં કલાકારને સમાજ તેમજ સહકર્મીઓ દ્વારા જે માન્યતા મળે છે એના જેવો આનંદ અને સંતોષ કલાકાર માટે બીજો એકેય નથી. શેક્સ્પીઅરને જીવતે જીવ મળવી જોઈએ એટલી પ્રશંસા તેની આસપાસથી મળેલી નહીં એટલે તેણે ખુન્નસથી કહ્યું હતું કે હું એ જ માણસની પ્રશંસા કરીશ જે મારી પ્રશંસા કરશે...

પોલ ગોગને જે જીવતાં નહોતાં મળ્યાં એટલાં માન-પ્રશંસા-કીર્તિ-ધન-વૈભવ પિકાસો પામ્યો અને શેક્સ્પીઅરને પોતાના સમયમાં નહોતી મળી એટલી સફળતા-પ્રશંસા બર્નાર્ડ શૉને પોતાની હયાતીમાં મળી. ચાર્લી ચેપ્લિન પણ પ્રજાની પ્રશંસા ઝીલતાં ગુજરી ગયો. આ પરથી લાગે છે કે કલાકારની પ્રતિભા જ નહીં, નસીબ પણ લોકોની પ્રશંસા મેળવી આપવામાં જરૂરી ભાગ ભજવતું હોય છે. જમીન પર નાખેલાં તમામ બીજ ઊગતાં નથી, ઊગતાં પહેલાં જ કેટલાંક આથમી જાય છે એ રીતે ધરતી પર જન્મેલ તમામ કલાકારોનું ય હશે ! કાલિદાસના સમયમાં પણ તેની સર્જકપ્રતિભાની બરાબરી કરે એવા વધુ નહીં તો બે-ત્રણ કવિઓ તો હશે જ, પણ એ બધા અનનોટિસ્ડ ચાલ્યા ગયા, કોઈએ તેમના અસ્તિત્વની નોંધ સરખી ના લીધી!

અને જેને પૂરતા પ્રમાણમાં કીર્તિ ને લોકચાહના મળે છે એવા કેટલાક સર્જક-કલાકારો એવું માનતા હોય છે કે તેમણે જે કંઈ કામ કર્યું એના મુકાબલે પ્રજાએ જોઈએ તેવી કદર કરી નથી. વખાણ કરવામાં પ્રજા ઊણી ઊતરી છે. આપણા નવલકથાકાર શિવકુમાર જોશી ઘણીવાર જાહેરમાં કહેતા કે પોતે ગુજરાતીમાં લખ્યું એને બદલે બંગાળી કે મરાઠી ભાષામાં લખ્યું હોત, કે પછી અંગ્રેજી ભાષામાં લખવાનું રાખ્યું હોત તો પોતે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા હોત. પણ બંગાળીમાં લખતા રવીન્દ્રનાથ ટાગોરની કલમને વખાણનાર મોટો વર્ગ શરૂઆતમાં નહોતો. તેમને નોબેલ પ્રાઈઝ મળ્યું એ ક્ષણથી જ અઢળક પ્રશંસકો જન્મ્યા હતા. સફળતા હંમેશાં પ્રશંસાથી ઘેરાએલી હોય છે.

એક વેલ્શ કહેવત છે : 'જો પ્રશંસા સાંભળવા ઇચ્છતા હો તો કબરભેગા થઈ જાવ...' આ પરથી ખ્યાલ આવશે કે જીવતા માણસની પ્રશંસા કરવાનો માનવજાતમાં રિવાજ નથી. પ્રશંસા મેળવવા માટે માણસે મરવું પડે છે. જોસેફ મેલોર્ડ વિલિયમ ટર્નર નામનો એક બહુ મોટા ગજાનો ચિત્રકાર થઈ ગયો. વૉટરકલરના પેઈંટિંગમાં તેનું નામ મોખરે. તેના જેવો જ તેનો સમકાલીન ચિત્રકાર થૉમસ ગ્રિટિન. રંગના ઉપયોગ અંગેની તેની સૂઝ પણ એવી જ નમૂનેદાર. પણ ચિત્રકાર લેખે ગ્રિટિન પ્રમાણમાં વધુ સફળ રહ્યો. તે ૧૮૦૨માં સાવ યુવાન વયે અવસાન પામ્યો. તેને અદ્‌ભુત રીતે અંજલિ આપતાં ટર્નરે કહેલું : 'ગ્રિટિન જીવતો હોય તો હું ભૂખે મરત...' પ્રશંસાનો આ પણ એક તરીકો છે; પરંતુ આ પ્રશંસા ગ્રિટિનના કાન સુધી કયારેય પહોંચી શકવાની નથી... આપણા રાવજી પટેલના ગુજરી ગયા બાદ તેની કલમની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી, આજે પણ વિવેચકો તેનાં વખાણ કરતાં થાકતા નથી, પણ તે જીવતો હતો ત્યારે આ પ્રશંસાના દસમા ભાગ જેટલા શબ્દો પણ તેના કાને પડ્યા હોત તો તેનું આયુષ્ય થોડુંય વધત એમ કહેવામાં મને લેશમાત્ર અતિશયોક્તિ નથી લાગતી. 'મૂઈ ભેંસના મોટા ડોળા' એ આપણી પ્રકૃતિ છે.

કોઈ સર્જકની એકાદ કૃતિ ગમી જાય ત્યારે પંદર પૈસાનું એક પતાકડું લખી પોતાના ગમાની લાગણી એના સુધી પહોંચાડવાથી એ પત્ર પામનાર એમ માનશે કે આપણે તેને કેટલું બધું આપી દીધું ! રૂપિયાની કિંમત આજે બાર પૈસા જેટલી પણ નથી ત્યારે સસ્તામાં આપણે તે સર્જકને કેટલો બધો રાજી કરી શકીએ! આવા પ્રશંસાના પત્રો પામવાથી સર્જકનું મનોબળ મજબૂત થાય છે, થોડો આત્મવિશ્વાસ પણ વધી જાય છે ને તેને મન પત્ર લખનારનું મહત્ત્વ પણ થોડું વધે છે.

ડૉ. જ્હૉનસને એક તર્કાપત્તિ રચી છે કે પ્રશંસા કર્યા સિવાય કોઈને પ્રસન્ન કરી શકાતા નથી અને અસત્ય બોલ્યા વગર કોઈની પ્રશંસા થઈ શકતી નથી. આપણે જ્યારે કોઈની પ્રશંસા કરવા બેસીએ ત્યારે શબ્દોને તોળવા માટે કાટલાં લઈને બેસતા નથી. કોઈના પાંચ કિલોને બદલે સાત કિલો વખાણ પણ થઈ જાય, પ્રશંસામાં થોડી અતિશયોક્તિ પણ આવી જાય. પ્રશંસા થોડું વજન તો ખમી શકે. ઉ.ત. કોઈ હાસ્યલેખકની કલમમાં આપણને માર્કટ્વેઈન કે પી.જી. વુડહાઉસ જેવી ક્ષમતા દેખાય ને આપણે તેને આ પ્રતિભાવ પ્રશંસા રૂપે જણાવીશું તો તેમાં માર્કટ્વેઈન કે વુડહાઉસને નુકસાન થવાનું નથી, પણ જેને આપણે આ બેમાંના એક સાથે સરખાવ્યો છે તે કમસે કમ એ લેખકનાં પુસ્તકો પર નજર ફેરવી જવા પ્રેરાશે ને તેમાંથી કશુંક સારું પામવા મથશે- પોતાની જવાબદારી વધી ગઈ છે એમ માનીને તે વધુ યોગ્ય થવા પ્રયત્ન કરશે. એટલે જ કહેવાયું છે કે પ્રશંસા, સારા માણસને વધુ સારો ને નઠારાને વધુ નઠારો બનાવે છે.

કેટલીક વાર કોઈકના કામની પ્રશંસા થતી હોય છે એમાં સાચું કેટલું છે ને નહીં માનવા જેવું કેટલું છે એની પ્રશંસા પામનારને જાણ હોય છે, માત્ર ઈસપની વાર્તામાંના કહેવાતા ચતુર કાગડાને જ ખબર નહોતી પડી કે તેના અવાજની પ્રશંસા કરનાર શિયાળને તેના ગળામાં નહીં, તેની પૂરીમાં રસ હતો. થૉમસ બ્રુક એટલા માટે જ કહે છે કે કોઈપણ વ્યક્તિ પોતાની પ્રશંસા કઈ રીતે સ્વીકારે છે એ જોયા કરો, તેના પરથી તેના સાચા કાઠાનો ખ્યાલ આવી જશે. □

એક સીધોસાદો છોકરો

બહાદુરભાઈ જ. વાંક

'તારી હથેળીમાં ખૂનની રેખા છે.' ત્રણ-ચાર મિત્રો વચ્ચે બેઠેલા સુમન્તની હથેળી જોઈને જન્મશંકર અચાનક બોલી ઊઠ્યા.

ને સુમન્ત એકદમ હબકી ગયો. જાણે ભૂપંક થયો હોય તેમ તે પોતાની જગ્યાએથી એકદમ ઊભો થઈ ગયો. તેની છાતી ધડક ધડક થવા લાગી. ધીમે ધીમે ચહેરા ઉપર જાણે કાળી શાહી જ લીંપાઈ ગઈ ! જરા રહી સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં બોલ્યો : જન્મશંકરભાઈ, મારામાં તો શેક્યો પાપડ ભાંગવાનીય ત્રેવડ નથી, ને તમે _'

ત્યાં સુમન્ત સાથે જ કોલેજમાં અભ્યાસ કરતો બકુલ બોલ્યો : 'હા..હા.. જન્મશંકરભાઈ, તમારા જોવામાં જ ક્યાંક ભૂલ...'

બકુલની વાતમાં ટાપસી પુરાવતો બીજો મિત્ર કિરીટ બોલ્યો : 'સુમન્ત તો અમારી કોલેજનો સ્કૉલર વિદ્યાર્થી છે. ગઈ સાલ બારમામાં તેણે પંચોતેર ટકા માર્ક્સ મેળવેલા.' ને જન્મશંકરને જાણે સમજાવતો હોય તેમ તેણે ઉમેર્યું: 'હવે તમે જ કહો, શું આવો તેજસ્વી વિદ્યાર્થી કોઈનું પણ ખૂન કરી શકે?'

બકુલ સુમન્તનું ઉપરાણું લેતાં બોલ્યો :'બાકી સુમન્ત તો મરતાને પણ મર કહી શકે તેમ નથી. છતાં આવું કઈ રીતે તમારા જોવામાં...'

પાન ચાવતા ચાવતા જન્મશંકરે સુમન્ત તરફ જોયું... સુમન્તના ચહેરાની ગંભીરતાને માપી લેતા હોય તેમ બોલ્યા : 'હા, તમારા બધાની વાત તો સાચી છે. સુમન્ત પણ એક સીધોસાદો તેજસ્વી છોકરો છે. પણ- 'ને આગળ બોલતાં અચાનક તેમના હોઠ જ જાણે સિવાઈ ગયા.

હવે સુમન્તની શંકા તીવ્ર બની : ' પણ શું? તમે તમારે કહી જ દો ને..'

સુમન્તના કંઈક ઊંડા વિષાદથી ખરડાયેલા ને ધ્રૂજારીભર્યા અવાજને પામી જઈને જન્મશંકર વાતને ફેરવી તોળતા બોલ્યા : 'સુમન્ત, તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી, હું તો અમસ્તો જરા ગમ્મત કરતો હતો.' ને જન્મશંકર હસી પડ્યા.

સુમન્ત તેમના માર્મિક હાસ્યની નોંધ લેતો હોય તેમ બોલ્યો : 'ના, તમે કશુંક છુપાવો છો. હવે ખરેખર જે હોય તે કહી જ દો.'

જન્મશંકર ઊભા થતા ફરી બોલ્યા : ' સુમન્ત, તું તો ભારે વેમીલો. બાકી એવું કાંઈ નથી.. તું તારે જલસા કરને..' ને જન્મશંકરે મોંમાંથી પાનનો ડૂચો બહાર ફેંક્યો.

આ જોઈ બકુલ હસતા હસતા બોલી ઊઠ્યો : 'સુમન્ત, એ તો જન્મશંકર ભાઈને તમાકુ જરા વધારે ચઢી ગઈ હશે, એટલે જ કદાચ આમ..'

ને જન્મશંકર સહિત સૌ ખડખડાટ હસી પડ્યા. માત્ર સુમન્ત જ સ્ટેટ્યૂ બનીને ખોડાઈ ગયો હતો !

'બેટા, આજે કેમ જમ્યો નહીં ?' જેમતેમ જમીને થાળી ઉપરથી એકદમ ઊભા થઈ જતાં સુમન્તને તેની બા, રમાબહેને પૃચ્છા કરી.

બાને શો જવાબ આપવો એ જ સુમન્તને કાંઈ સમજાયું નહીં. તેની ભૂખ તો ટૂંટિયું વાળીને પેટની બખોલમાં જ છુપાઈ ગઈ હતી.

પોતાની દ્વિધાને છુપાવતાં બોલ્યો : 'આજે મન નથી. પેટમાં થોડી ગરબડ છે.'

'તો પછી ફાકી કે દવા લઈ લે. બાકી જમ્યા વગર થોડું ચાલે ?'

'સાંજે વાત..' સુમન્ને માત્ર ટૂંકો જવાબ આપ્યો.

કેમ આમ આજે એકદમ ઉદાસ થઈ ગયો છે ? કોલેજમાં તો કાંઈ થયું નથી ને ?'

રમાબહેનના પ્રશ્નોથી તે કંઈક ગૂંગળાઈ ઊઠ્યો : 'બા તું કેમ માથું ખાય છે ? કહ્યું ને કે આજે મારી તબિયત સારી નથી. '

સુમન્તનો કંઈક બગડેલો ' મુડ' જોઈને રમાબહેને વિશેષ કાંઈ પૃચ્છા કરવાનું માંડી વાળ્યું.

સુમન્ત પોતાના અભ્યાસખંડમાં જઈને અભ્યાસનાં પુસ્તકો ઉથલાવવા લાગ્યો. એકાદ પુસ્તક વાંચવા હાથમાં લીધું, પણ વાંચવામાં તેનું ચિત્ત ચોંટ્યું નહીં. અચાનક હથેળીમાં ખંજોળ આવતી હોય તેમ લાગ્યું. હથેળીમાં કંઈક ઝીણવટથી જોતાં તે હથેળીને ખંજોળવા લાગ્યો, ને કંઈક ઊંડા વિચારોમાં જ.

જન્મશંકરભાઈએ કોઈને નહીં ને મને જ આમ એક કહ્યું હશે ? જો તેઓ ખરેખર મારી મજાક જ કરવા માગતા હોય તો શું આવી મજાક કરાય ? કે પછી પોતે કથેલી વાતને ફેરવી તોળતાં હશે ? માણસે કંઈપણ બોલતાં પહેલાં વિચાર તો કરવો જોઈએને ? વળી, મારો હાથ તેમણે સામેથી જ શા માટે પકડવો જોઈએ ? માણસોય પણ કેવા થાય છે !

પ્રયત્ન કરવા છતાંય એ આખો દિવસ જન્મશંકરનો ચહેરો તેના માનસમાંથી દૂર થઈ શક્યો નહીં - જાણે જન્મશંકરે તેની સામે મોરચો કેમ ના માંડ્યો હોય !

રાત્રિના હાથપગ ધોઈને થોડું અભ્યાસનું વાંચ્યું. સવારે વહેલા ઊઠીને શું શું વાંચવું, તેની કાગળ ઉપર થોડી નોંધ કરી. લખતાં લખતાં હાથ કંઈક ધ્રૂજતો હોય તેમ લાગ્યું. પછી ઘડિયાળમાં ચાર વાગ્યાનો એલાર્મ મૂકી, તે પથારીમાં લાંબો થયો. કોણ જાણે મોડે સુધી ઊંઘ જ ન આવી.

વહેલી સવારના થોડીક આંખો ઊંઘમાં ઘેરાઈ હશે, ત્યાં જ એલાર્મ રણકી ઊઠ્યો. પોલીસની ગાડીની સાયરન જાણે કાનમાં વીંઝાતી હોય તેમ તે ઝબકીને ઊભો થઈ ગયો. તેને થયું, આવો અવાજ કેમ સંભળાયો હશે ? પછી આંખો ચોળીને, પ્રભુનું સ્મરણ કરી તેણે હથેળીમાં જોયું. હથેળીની રેખાઓમાં જાણે નાગણીઓ જ સળવળી રહી હોય તેમ તેને લાગ્યું. કંઈક ક્ષુબ્ધ બનીને પ્રાતઃવિધિ ઝડપથી આટોપીને તે અભ્યાસમાં પરોવાયો.

છ વાગતાં તેણે પુસ્તકો એક બાજુ ધકેલી રેડિયો ચાલુ કર્યો. સવારના ભજનો સાંભળતા સાંભળતા જ તેણે થોડીવાર ધ્યાન માટે આંખો મીંચી. ત્યાં અચાનક 'કરમકા લેખ મીટે નારે ભાઈ...' ભજનના શબ્દો તેને કાને પડ્યા. ને તેની આંખો એકદમ ઊઘડી ગઈ. પાછો કંઈક ઊંડા વિચારોમાં સરી પડ્યો. તેને થયું, બધું જ જો વિધાતાએ હથેળીમાં જ લખી નાખ્યું હોય તો માણસના પુરુષાર્થનું, તેની નિષ્ઠાનું શું ?

મોડેથી તેણે છાપું હાથમાં લીધું. થોડુંક વાંચ્યું હશે, ત્યાં અઠવાડિક ભવિષ્ય ઉપર તેની નજર પડી. એકીશ્વાસે તે વાંચી ગયો. પોતા વિશે કેટલું સરસ લખ્યું હતું ! તેને થયું, આ જ રીતે આખા વર્ષનું ભવિષ્ય હોય તો ? નવા વર્ષે બાપુજીએ ખરીદેલું પંચાંગ તેને યાદ આવી ગયું. પછી પંચાંગ શોધીને તે કંઈક ડરતાં ડરતાં પોતાની રાશી ઉપર નજર ફેરવવા લાગ્યો, ને ખુશ ખુશ થઈ ગયો. પોતાની રાશી ઉપર કેટલું સુંદર અને સચોટ ભવિષ્ય-કથન હતું તેમાં ! પણ પાછું તેણે વિચાર્યું, આ તો ચાલુ વર્ષ પૂરતું જ ભવિષ્યકથન... બાકીનાં વર્ષોનું શું ?

* * *

કોલેજમાં જ અભ્યાસ કરતો તેનો એક ખાસ મિત્ર જનક એક દિવસ બજારમાં મલી ગયો. તે કોલેજમાં છેલ્લા વર્ષમાં હતો. વાચનનો જબરો શોખીન. વાતમાંથી વાત નીકળતાં જનકે કહ્યું : 'મારાં બહેનને ત્યાં પુત્રજન્મ થયો છે. તેના જન્માક્ષર જોવડાવી કોઈ સારા જ્યોતિષી પાસે તેની જન્મોત્રી તૈયાર કરાવવા મારી ઇચ્છા છે. તું કોઈ સારા જ્યોતિષીને ઓળખે છે ?'

જ્યોતિષીનું નામ સાંભળતાં જ સુમન્તને અચાનક જન્મશંકર યાદ આવી ગયા. ફળનો સ્વાદ મોંમાં લેતાં લેતાં જ દાંત વચ્ચે ઠળિયો આવી જાય તેવી જ લાગણી તેને આ વખતે થઈ આવી. જવાબ દેતા બોલ્યો : 'ના, ના... આવા કોઈ જ્યોતિષીને હું ઓળખતો નથી...'

અચાનક જનક જ બોલ્યો : 'મેં સાંભળ્યું છે; તારા પાડોશમાં રહેતા જન્મશંકર નામના એક ભાઈ સારું જ્યોતિષ જુએ છે...'

'ના રે ના... એવું કંઈ નથી... જન્મશંકરમાં તો મને જરાય શ્રદ્ધા નથી...' ને તેણે જન્મશંકરે પોતા વિષે ઉચ્ચારેલી ભવિષ્યવાણી તેને કહી સંભળાવી ને બોલ્યો : 'શું જનક, હું કોઈનું ખૂન કરી નાખું એવો માણસ છું ? જન્મશંકર પણ મને તો સાવ બોગસ જ લાગ્યા છે.'

તેની વાત સાંભળીને જનક હસી પડતા બોલ્યો : 'જન્મશંકરેય કમાલના માણસ લાગે છે.'

વાતો કરતા બંને પાનવાળાની દુકાને પહોંચ્યા. સુમન્તની અનિચ્છા છતાં જનકે તેને આગ્રહ કરીને પાન ખવડાવ્યું. ને પોતે પાન મોંમાં મૂકતાં બોલ્યો : 'જ્યોતિષવિજ્ઞાન તો સાચું છે. પણ આવા માણસો ને કારણે જ લોકોની જ્યોતિષમાંથી શ્રદ્ધા દૂર થઈ જતી હોય છે.'

'પણ લોકો સમજે છે જ ક્યાં ? મારું ચાલે તો હું આવા લેભાગુ જ્યોતિષીઓને બરાબર પાઠ ભણાવું.'

સુમન્તને કંઈક ઉશ્કેરાયેલો જોઈને જનક બોલ્યો : 'પણ આપણે આવા લોકોનું માનવું જ શા માટે જોઈએ ?' ને પછી પાનની પિચકારી મારતાં બોલ્યો : 'સુમન્ત, આપણે લોકો જ થૂંક અને લોહીનો ભેદ ભૂલી જઈને આવા જ્યોતિષીઓની પાછળ જ ખુવાર...'

કંઈક ખુશ થઈ જતો હોય તેમ સુમન્ત બોલ્યો : 'જનક, હું પણ એ જ કહેવા માંગુ છું. શું તું મારા વિશે આવી કલ્પના પણ કરી શકે ?'

'અરે, તું તો સાવ ભલોભોળો માણસ છે. તારા વિશે તો હું સપનામાં પણ આવો વિચાર ન કરી શકું.'

ત્યાં પાનના થડા ઉપર બેઠેલો માણસ જનક સામે જોતા બોલી ઊઠ્યો: 'પણ ભલાભોળા માણસો જ્યારે ગુસ્સે થાય છે, ત્યારે...' ને તે આગળ બોલતા અટકી ગયો.

મોંમાંથી એકદમ પાન થૂંકી નાખતાં સુમન્તે વિચાર્યું, આખરે આ ભાઈ શું કહેવા માંગતા હશે ?

બસ એ દિવસથી જ સુમન્તે જાણે પોતાનો સ્વભાવ જ સાવ બદલી નાખ્યો. બને ત્યાં સુધી કોઈનો પનારો પાડવો નહીં. કામ સિવાય, વિશેષ કંઈપણ વાતચીત કરવી નહીં. ને કોઈપણ સંજોગોમાં ક્યારેય પણ ઉશ્કેરાવું નહીં.

પણ એક દિવસ તેની કસોટી કરતો એક બનાવ બની ગયો. તે કોલેજથી છૂટીને સાઈકલ ઉપર ઘરે આવી રહ્યો હતો, ત્યારે ગિરદીમાં અજાણતા જ તેની સાઈકલ કોઈ ભાઈ સાથે અથડાઈ. એ ભાઈને જરાય વાગ્યું નહોતું, છતાંય સુમન્તને એક ગાળ ફટકારી દીધી. સુમન્ત કોઈ દિવસ નહીં ને આજ પહેલી જ વખત પગથી તે માથા સુધી સળગી ઊઠ્યો. છતાંય મગજ પર કાબૂ રાખીને તેણે એ ભાઈની ક્ષમા માંગી લીધી. પણ પેલો તો વધુ ને વધુ...

ને સુમન્ને વિશેષ કંઈપણ દલીલ ન કરતા ત્યાંથી સાઈકલ જ મારી મૂકી. આ વખતે તેને થયું, આમાં પોતાનો કંઈપણ વાંકગુનો નહોતો, છતાં પોતે કંઈક ડરીને ત્યાંથી શા માટે ભાગી છૂટ્યો હશે ?

કંઈક આ ખટકાને કારણે રાત્રિના તેને ઊંઘ પણ ન આવી શકી. મોડી રાત્રિના તેને એક વિચિત્ર સપનું આવ્યું. સપનામાં તે પેલા ભાઈને ગાલ ઉપર જોરથી થપ્પડ ચોડી દે છે. પેલો છરી કાઢીને સુમન્ન તરફ ધસે છે. છરીથી ભડકીને સુમન્ન દોટ મૂકે છે. ત્યાં રસ્તામાં જ જન્મશંકરનો તેને ભેટો થઈ જાય છે. એકદમ નાસીપાસ થયેલો જોઈને જન્મશંકર તેને ઉશ્કેરે છે : 'સુમન્ન, ડરે છે કોનાથી ? લે આ છરી. એને જ તું...'

ને સવારે તેની ઊંઘ ઊડી ગઈ, ત્યારે જાણે પોતાને કોઈએ મૂઢ માર માર્યો હોય તેવી જ લાગણી તેને થઈ આવી!

* * *

એક દિવસ પોતાના દૂરના સગા અશોકના પિતાજીનું હડકાવને કારણે અવસાન થઈ ગયું. સુમન્નને ઘણો જ આઘાત લાગ્યો. કારણ બચપણમાં આ બાપે તેને ખૂબ રમાડ્યો હતો. એટલે તે અશોક પાસે રૂબરૂ ખરખરો કરવા તેના ઘરે ગયો.

બાપા મોટી ઉંમરે ગુજરી ગયેલા હોઈ શોક જેવું વાતાવરણ નહોતું. પણ બાપાએ મૃત્યુ વખતે છેલ્લે જે કાંઈ યાતના ભોગવી હતી, તેનું થોડું વર્ણન બીજા પાસેથી સાંભળીને તે હચમચી ગયો.

ત્યાં ખરખરે આવનારમાંથી કોઈક બોલ્યું : 'જોશીમહારાજે બાપુજી વિશે જે કાંઈ કહ્યું હતું, તે બધું જ સાચું પડ્યું હોં !'

જોશીનું નામ સાંભળતા જ તે ભડકી ઊઠ્યો. અશોક સામે જોતાં તેણે પૂછ્યું : 'શું કહ્યું હતું જોશીમહારાજે ?'

જવાબ દેતા અશોક બોલ્યો : 'છેલ્લે કૂતરાની ઘાત વિશે મહારાજે કહેલું, ને એક હડકાયા કૂતરાએ જ તેમનો જીવ...' ને અશોક ગળગળો થઈ ગયો. સુમન્નને પણ અચાનક ડૂમો ભરાઈ આવ્યો હોય તેમ લાગ્યું.

જરા રહી સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા સુમન્ન બોલ્યો : 'જ્યોતિષ-બ્યોતિષ ઠીક.. બધું થવા કાળ થયા કરે છે.. જ્યોતિષીઓ પણ કાંઈ થોડાં ભગવાનના દીકરા છે ?'

'ના, એવું નથી.. આ બધીય વાતનો હું સાક્ષી છું, પછી હું પણ જ્યોતિષને કેમ ખોટું માની શકું ?'

અશોકની વાત સાંભળીને સુમન્ન અચાનક બોલી ઊઠ્યો : 'જ્યોતિષી કોણ હતા ?'

'એ તો હું ઓળખતો નથી.' અશોકે કહ્યું.

'બાપાની હથેળી જોઈ હતી કે જન્માક્ષર .. ?'

'મને તો એ ય યાદ નથી.. આ વાતને પણ ઘણો સમય થઈ ગયો.'

પછી કોણ જાણે ત્યાં સુમન્ન વધારે વખત બેસી શક્યો નહીં.. ક્યાંય સુધી એક જ પ્રશ્ન તેના માનસમાં ઘૂંટાયા કર્યો, ક્યાંક જન્મશંકરે તો બાપાનું ભવિષ્ય નહીં જોયું હોયને ?

* * *

આજે પોતાના અભ્યાસખંડમાં અભ્યાસ કરતા કરતા વારેવારે તે પોતાની હથેળીની રેખાઓનું નિરીક્ષણ કરવા લાગ્યો. અચાનક તેને થયું, એકાદ હસ્તરેખાશાસ્ત્રનું પુસ્તક ખરીદીને જ આ અંગેનો થોડો અભ્યાસ કર્યો હોય તો...

સાંજના તે પુસ્તક ખરીદવા જ બજાર તરફ નીકળી પડ્યો. દૂરથી જુએ છે તો સામે જન્મશંકર જ ચાલ્યા આવતા હતા. કોણ જાણે આ જ પહેલી જ વખત જન્મશંકર તેને મરણશંકર લાગ્યા. ને તેણે ઝડપથી રસ્તો જ બદલાવી નાખ્યો !

બજારમાંથી તેને જોઈતું હતું તેવું જ પુસ્તક મળી ગયું. ને રોજ રોજ તેના અભ્યાસમાં જ..

ઘરમાં તેની આ પ્રકારની ચેષ્ટા જોઈને એક દિવસ તેના પિતાજીએ પૂછ્યું : 'શું આખો દિવસ જ્યોતિષનું જ પુસ્તક વાંચ્યા કરે છે ? પરીક્ષાઓ હવે નજીક છે. છતાંય તું...'

'ના..ના.. બાપુજી, આ તો જરાક નજર જ ફેરવતો હતો..'

'પણ હમણાં હમણાં તો બસ તું આ પુસ્તક પાછળ જ... શું તારે જ્યોતિષનો ધંધો શરૂ કરવો છે ?'

'ના..ના.. એવું કંઈ નથી.. વળી જ્યોતિષમાં મને બહુ શ્રદ્ધા પણ નથી.'

તેના પિતાજી તેની દ્વિધાને કંઈક કળી જતા હોય તેમ બોલ્યા : 'જ્યોતિષ વસ્તુ જ એવી છે કે તેમાં ઊંડા ન ઊતરાય.. એ જોનારાને તો ડુબાડે છે, પણ જોવડાવનારનેય ડુબાડે છે.'

ને તેણે પિતાજીના દેખતા જ પુસ્તક એક બાજુ ધકેલીને હાથમાં અભ્યાસનું પુસ્તક લીધું. પિતાજીનો 'ડુબાડે' શબ્દ ક્યાંય સુધી તેના ચિત્તમાં પડઘાયા કર્યો..

* * *

પરીક્ષાઓ જેમ જેમ નજીક આવી રહી હતી તેમ તેમ તેની દ્વિધા પણ વધે જતી હતી. ખાસ તો પ્રયત્ન કરવા છતાંય અભ્યાસમાં ચિત્ત ચોંટતું નહોતું ને આમ સૌથી વધારે માર્ક્સ કેવી રીતે મેળવી શકાશે, એ પ્રશ્ન પણ તેને મૂંઝવતો હતો. હમણાં હમણાં રાત્રિના ઉજાગરાઓને કારણે સાંજના તે બરાબર જમી પણ શક્તો નહીં. આજે પણ તે જમી ન શકતા, તેની બાએ ગરમ દૂધ કરી આપ્યું. જાણે ઝેર પીતો હોય તેમ તે દૂધ પીવા લાગ્યો. અચાનક હાથમાંથી પ્યાલો નીચે પડી ગયો. બધું જ દૂધ ઢોળાઈ ગયું.

તેની બા તાડૂકી ઊઠી : 'હમણાં કોણ જાણે તને શું થઈ ગયું છે, એ જ તો મને કાંઈ સમજાતું નથી'

તેણે કંઈ જ જવાબ આપ્યો નહીં. તેની ચૂપકીદીથી તેની બા એકદમ અકળાઈ ઊઠી. બોલી : 'તને કાંઈ તકલીફ હોય તો અમને કહી દે... બાકી દૂધ ઢોળાય એ સારું નહીં, એ અપશુકન જ...

અપશુકન શબ્દ સુમન્તને કઈંક ખૂંચ્યો હોય તેમ તે બરાડી ઊઠ્યો :'તમે બધાય મારું માથું શા માટે ખાવ છો ?' ને રોષમાં આવી જઈને તેણે અભ્યાસના પુસ્તકનો ઘા કર્યો...

'હમણાં હમણાં તને શું વળગાડ વળગ્યો છે, એ જ તો મને કાંઈ સમજાતું નથી.. કોણ જાણે મગજમાં શું ભૂત..'

'હવે તમે તમારો લવારો બંધ કરશો કે નહીં ? કે પછી હું જ ઘરમાંથી ક્યાંક ચાલ્યો જાઉં ?'

સુમન્તનું કંઈક બદલાયેલું સ્વરૂપ જોઈને તેની બા તો સાવ ડઘાઈ જ ગઈ.

* * *

આજે કોલેજે જવાની તૈયારી કરતા તેણે આખો કબાટ ફેંદી નાખ્યો. પણ ઈસ્ત્રીવાળી એક પણ જોડ નીકળી નહીં. એટલે બુશકોટને ઈસ્ત્રી કરવા તેણે સ્વીચ ચાલુ કરી. બુશકોટ ઉપર ઝડપથી ઈસ્ત્રી ફેરવવા લાગ્યો... ત્યાં કંઈક સળગવાની વાસ આવતાં તેની બા સુમન્ત પાસે આવીને જુએ છે તો સુમન્ત કંઈક ઊંડા વિચારોમાં ડૂબી ગયો છે, ને ઈસ્ત્રી નીચેના બુશકોટમાંથી ધુમાડો નીકળી રહ્યો છે !

ઝડપથી તેની બા ઈસ્ત્રીને એક બાજુ ધકેલતાં બૂમ પાડી ઊઠ્યાં : 'મૂરખા, તારું ચિત્ત ક્યાં છે ? શું તારે ઘર આખાને સળગાવી નાખવું છે ?'

અચાનક વિચારતંદ્રામાંથી સુમન્ત ઝબકી જતાં એકદમ ઘાંઘો થઈ ઊઠ્યો .

એક દિવસ કંઈક વધી ગયેલી દાઢી કરવા માટે સુમન્તે અરીસો હાથમાં લીધો. અરીસામાં આજે તેને પોતાનો જ ચહેરો કંઈક બદલાયેલો લાગ્યો. ઝડપથી દાઢી કરતા કરતા અચાનક બ્લેડ હોઠ પાસેના ભાગમાં ખૂંચી ગઈ. લોહીથી હોઠ ખરડાઈ ગયા. ઝડપથી ડોલમાંથી પાણી લઈ તે ચહેરો સાફ કરવા લાગ્યો. જુએ છે તો ડોલનું પાણી જ લાલ લાલ થઈ ગયું. ડોલનું એ લાલ પાણી જોઈને તેનું ચિત્ત અનેક પ્રકારના મિશ્ર ભાવો અનુભવી રહ્યું. ચહેરાને સાફ કરતા તેણે ફરી અરીસામાં જોયું. ને સ્વગત બબડી ઊઠ્યો : 'શું હું કોઈનું ખૂન કરી નાખું તેવો માણસ છું ?' ને તેને આજ પોતાનું જ પ્રતિબિંબ કંઈક બિહામણું લાગ્યું !

* * *

ને પરીક્ષાઓ ચાલુ થઈ..

સુમન્તે જેમ તેમ પેપરો ભર્યા...

પરીક્ષાઓનું પરિણામ બહાર પડ્યું. ત્યારે કુટુંબમાં તેમજ કોલેજમાં બધાને એક જબ્બર આંચકો લાગ્યો. સુમન્ત પરીક્ષામાં નાપાસ થયો હતો. સુમન્ત જેવો તેજસ્વી વિદ્યાર્થી કેમ નાપાસ થયો, એ જ કંઈ કોઈને સમજાયું નહીં..

ને ઘરમાં, કોલેજમાં બજારમાં કેટકેટલા અવાજો તેના કાનમાં જ..

'સુમન્ત, તું કઈ રીતે નાપાસ થયો?'

'તને હમણાં હમણાં શું થઈ ગયું છે ? કેમ સાવ બદલાઈ જ ગયો છે?'

'શું તારી તબિયત સારી રહેતી નથી ?'

'જે હોય તે બીજાને કહી દેવું. મનમાં કશું જ રાખવું નહીં ..'

'નક્કી તારા પેપરોમાં જ કંઈક ગોટાળો થઈ ગયો હશે.. ફરીથી તું પેપર ખોલાય.'

ને એ બધાય અવાજોના પડઘાઓએ તેની ભીતર બહુ મોટો ખળભળાટ મચાવી દીધો. પહેલી જ વખત તેને થયું, આ જન્મશંકરે તો મારી જ જિંદગી સાવ પાયમાલ જ કરી નાખી.

રાત્રે પથારીમાં સૂતો. આખી પથારી જ જાણે સળગી રહી હોય તેમ તેને લાગ્યું. બંદૂકની જેમ જાણે કોઈએ પોતાની અંદર જ દારૂગોળો કેમ ના ધરબી દીધો હોય ! આખું શરીર જાણે કાળોતરા તાવથી ધગધગી ઊઠ્યું હોય તેમ તે પથારીમાં ઉપરાઉપરી પડખાં ફેરવવા લાગ્યો.

વહેલી સવારના વિદ્યુતનો કરંટ લાગ્યો હોય તેમ તે ઝડપથી પથારીમાંથી ઊભો થઈ ગયો. ઘરમાંથી કશુંક શોધવા લાગ્યો. જોઈતી વસ્તુ ન મળતાં તે આવેશમાં આવી જઈને ઘરની ચીજવસ્તુઓના આડેધડ ઘા કરવા લાગ્યો. પછડાતી ચીજવસ્તુઓના અવાજથી તેની બાની ઊંઘ ઊડી ગઈ. ઊભી થતાં બરાડી ઊઠી :'તું શું શોધે છે ? અત્યારના પોરમાં વળી તને શું ભૂત વળગ્યું છે? '

પણ સુમન્તે કશો જ જવાબ આપ્યો નહીં. ફરીફરીને તે તો ચીજ-વસ્તુઓના જ ઘા કરવા લાગ્યો. ખાંખાંખોળાં કરતાં તેની બાની એક માળા તેના હાથમાં આવી ગઈ. જાણે હાથમાં સાપ જ પકડાઈ ગયો તેમ તેણે જોરથી માળાનો ઘા કર્યો.

અચાનક કંઈક સાંભરી આવતું હોય તેમ તેણે ટેબલના ખાનામાં જોયું. ને પોતે જે વસ્તુ શોધતો હતો તે જ મળી ગઈ. ધારદાર છરા જેવી મોટી કાતર!

તેની બા કંઈ જુએકારવે એ પહેલાં તો તે ઝડપથી ઘરની બહાર નીકળી ગયો. અત્યારે બસ એક જ વિચાર તેના સમગ્ર અસ્તિત્વમાં ઘૂમરાઈ રહ્યો હતો, આજ તો એ જન્મશંકરનો જ ખાતમો..

ને આખા શરીરમાં જાણે હડકવા ઊપડી આવ્યો હોય તેમ તેણે જન્મશંકરના ઘર તરફ દોટ મૂકી... □

અમેરિકાના અંગ્રેજીનું વિહંગાવલોકન કરતી લેખત્રયીમાંનો પહેલો લેખ

તમે 'અમેરિકન' જાણો છો?


પ્ર. કે. ઠાકર

'તમે અમેરિકા ક્યારે જવાના?' 'અમેરિકામાં તમારા કોણ સગા રહે છે?' બોલચાલમાં આ પ્રકારના પ્રશ્નો આપણે કોઈને પૂછીએ છીએ ત્યારે આપણા મનમાં અમેરિકા ખંડના ઉત્તરાર્ધમાં,આશરે ૯૪ લાખ કિલોમીટર્સનો વિસ્તાર અને ૨૧ કરોડની વસતી ધરાવતા, ૫૦ રાજ્યોના બનેલા દેશ યુ.એસ.એ.નો ખ્યાલ હોય છે. ઉપર શીર્ષકમાં 'અમેરિકન' શબ્દ એ જ દેશમાં વપરાતી મુખ્ય ભાષા માટે પ્રયોજ્યો છે. બાકી 'અમેરિકન ઈન્ડિયન' જેવા શબ્દપ્રયોગોમાં આ વિશેષણ વધુ વિસ્તૃત અર્થને આવરે છે.

યુ.એસ.એ.માં લોકો અંગ્રેજી ભાષા વાપરે છે તો પછી માત્ર 'અમેરિકન' શબ્દ શું કામ? 'અમેરિકન અંગ્રેજી' એમ કેમ નહિ? રેડિયો પર બી.બી.સી., લંડનથી આવતો કાર્યક્રમ આપણે સાંભળીએ, ને ત્યારબાદ તરત 'વોઈસ ઓફ અમેરિકા'નું પ્રસારણ સાંભળીએ તો લાગશે કે બંનેમાં વપરાતી અંગ્રેજી ભાષા ઘણી રીતે જુદી પડે છે. અંગ્રેજી ન જાણતા હોય તેવા શ્રોતા આ બંને પ્રસારણો અલગ-અલગ ભાષાઓમાં છે એમ માનવા પ્રેરાય તો ય નવાઈ નહિ. બ્રિટન અને અમેરિકામાં પ્રકાશિત થતાં સમાચારપત્રો એકીસમયે વાંચીએ તો પણ એ જ પ્રકારની છાપ ઊભી થાય. બ્રિટિશ અંગ્રેજી અને અમેરિકન અંગ્રેજી વચ્ચેના આ તફાવતો વર્ષોથી, કહો ને છેલ્લી બે સદીથી પણ વધારે સમયથી, ચર્ચાતા રહ્યા છે. યુ.એસ.એ.ના ત્રીજા પ્રમુખ ટૉમસ જેફર્સન (૧૭૪૩-૧૮૨૬) તો એમ બોલી ગયેલા કે અમેરિકામાં અંગ્રેજી ભાષાની ઉત્ક્રાંતિ અંતે એને 'માતૃભાષા (એટલે કે, બ્રિટનમાં વપરાતી અંગ્રેજી)થી નામ અને અસરકારકતામાં અલગ પાડી દેશે.' (બાર્નેટ. ૧૯૭૦: ૧૫૦) એમના સમકાલીન નઉઅ વેબ્સ્ટર (૧૭૫૮-૧૮૪૩) 'અમેરિકન' અંગ્રેજીના સહુથી પ્રથમ પ્રભાવશાળી શબ્દકોશના સંપાદક-લેખક તરીકે પ્રખ્યાત છે. 'અમેરિકન ડિક્શનરી ઓફ ધી ઈંગ્લિશ લેંગ્વિજ' નામક એમનો ગ્રંથ ૧૮૨૮માં પહેલી વાર પ્રકાશિત થયો. એમના મત પ્રમાણે 'જેટલી વર્તમાન સમયની ડચ, ડેનિશ કે સ્વીડિશ ભાષા મૂળ જર્મન ભાષાથી તેમજ પરસ્પર જુદી પડેલી છે એટલા જ પ્રમાણમાં ઉત્તર અમેરિકામાં વપરાતી અંગ્રેજી ભાષા ઈંગ્લન્ડની ભવિષ્યની ભાષાથી જુદી પડી જશે.' (પૂર્વોક્ત)

ઉપર્યુક્ત પ્રકારનાં વિધાનોએ તત્કાલીન બ્રિટિશ સમાજમાં ઠીક ઠીક ખળભળાટ મચાવેલો. અનેક વિદ્વાનોએ આ સંદર્ભમાં પોતપોતાના અભિપ્રાયો આપેલા. એમાંના એક હતા આર.સી. ટ્રેન્ચ. 'ઈંગ્લિશ : પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ' વિષયક શ્રેણીનાં એમનાં વ્યાખ્યાનો ગ્રંથસ્થ થઈને પ્રથમ ૧૮૫૫માં પ્રકાશિત થયેલાં. તેમાં એક સ્થળે તેમણે કહ્યું છે કે 'હમણાં હમણાં, ખાસ કરીને તેઓ (એટલે કે, અમેરિકન લોકો)ના મહા આંતર્યુદ્ધ ('સિવિલ વૉર' ૧૮૬૧-૬૫)ના અંત પછી અટ્લૅન્ટિકના એ (પશ્ચિમ) કિનારે (એટલે કે, અમેરિકામાં) કેટલાક લેખકોએ જાહેરાત કરી દીધી છે કે હવે પછી અમેરિકાની અંગ્રેજીભાષી પ્રજા બધી બાબતોમાં આધાર તરીકે અહીં (ઈંગ્લન્ડમાં) સ્થપાયેલા કાયદા કે નિયમો હરગીઝ નહિ સ્વીકારે, બલ્કે અમેરિકન લોકો ભાષાપ્રયોગ માટેના પોતાના નિયમો પોતે બનાવશે, પોતાને ગમતા માર્ગે આગળ વધશે, શબ્દભંડોળમાં મનગમતા ઉમેરા કરશે, અને પસંદ પડે તેવા રૂઢિપ્રયોગો પણ અપનાવશે.' (ટ્રેન્ચ. ૧૮૫૫ : ૬૫) કંઈક આવો જ અભિપ્રાય અંગ્રેજી નાટ્યકાર ઓસ્કર વાઈલ્ડે (૧૮૫૪-૧૯૦૦) વ્યક્ત કર્યાનું કહેવાય છે. પોતાની લાક્ષણિક ઢબે એમણે કહેલું કે 'આપણી (એટલે કે, બ્રિટિશ લોકો) અને અમેરિકનો વચ્ચે ઘણી બાબતોમાં સામ્ય છે; પરંતુ એક ભાષાની આડશ હંમેશાં રહે છે.' (બાર્ટન. ૧૯૭૦ : ૧૪૩). તો શું પ્રજાના બે જુદા જુદા સમૂહો એક જ ભાષા વાપરતા હોવા છતાં તેઓ અન્યોન્યને સમજવામાં મુશ્કેલી અનુભવે ખરા?

માનવસમાજ અને સંસ્કૃતિમાં ભાષાઓનો વિકાસ એ એક વિશિષ્ટ પ્રકિ છે. વપરાશમાં પ્રયોજાતી કોઈપણ ભાષાનું સ્વરૂપ સ્થિર રહેતું નથી. એનાં ઉચ્ચારણો, વ્યાકરણ, શબ્દાર્થો અને રૂઢિપ્રયોગો અદીઠ પણ અચૂક રીતે સતત બદલાતાં રહે છે. પરિણામે, કોઈ એક સ્થળે રહેતા જનસમૂહની ભાષા એનાથી સ્થળકાળમાં અલગ બીજા કોઈ સમૂહની ભાષાથી જુદું સ્વરૂપ પ્રાપ્ત કરવાની આ એક અનુભવસિદ્ધ હકીકત છે. એની લૌકિક અભિવ્યક્તિ 'બાર ગાઉએ બોલી બદલાય' જેવી કહેવતમાં જોવા મળે છે. સામાન્યતયા, આ વાત 'ડાયલેક્ટ્સ', (લોકબોલીઓ)ને લાગુ પાડવામાં આવે છે. પરંતુ જગતના જુદા જુદા ભાગોમાં વપરાતી કોઈપણ ભાષાના સ્વરૂપ વિશે પણ એ એટલી જ સાચી છે; પછી તે વિશ્વના વિવિધ પ્રદેશોમાં જઈને વસેલાં ગુજરાતીઓની માતૃભાષા ગુજરાતી હોય, કે દુનિયામાં અનેક પ્રકારે, પ્રસંગોએ અને પ્રજાઓ દ્વારા પ્રયોજાતી, લગભગ વિશ્વભાષા કહી શકાય એવી અંગ્રેજી ભાષા હોય.





ઉપર · ટોમસ જેફરસન
જમણી બાજુ · નઉઅ વેબ્સ્ટર

સૈકાઓથી માનવી રાજકીય, ધાર્મિક, વ્યાપારી કે પછી માત્ર સાહસના કારણોસર લાંબા અંતરની સફરો ખેડીને વતનથી દૂર વસવાટ કરતો રહ્યો છે. આ પ્રમાણે દેશાંતરે રહેતી પ્રજા પોતાનાં સંસ્કૃતિ, ભાષા, રિવાજો, રૂઢિઓ, ઇત્યાદિને નવા વાતાવરણમાં પણ એના મૂળ રૂપે જાળવવા મથે છે. પરંતુ સ્થળકાળનાં પરિબળો પોતાની પરિવર્તનકારી તાકાત સાથે સતત ક્રિયાશીલ હોય છે, અને સમયના વહેવા સાથે બધું બદલાય છે. અન્ય સાંસ્કૃતિક પરંપરાઓની સાથે ભાષાઓ પણ બદલાતી રહે છે. વિશ્વમાં વિવિધ સ્થળોએ વપરાશમાં રહેતી સ્પેનિશ, ચાઈનીઝ, ફ્રેન્ચ અને અંગ્રેજી જેવી ભાષાઓનાં જુદા પ્રકારો આ રીતે જ વિકસેલા છે. હાલમાં આપણે જેને 'ઇંગ્લન્ડ' કહીએ છીએ તે બ્રિટિશ ટાપુઓમાં વપરાતી અંગ્રેજી અને યુ.એસ.એ.માં વપરાતી અંગ્રેજી સ્વરૂપાંતરની પૂર્વોક્ત પ્રક્રિયાનું, તેમજ એના કારણે બંને ભાષાઓ વચ્ચે ઉદ્‌ભવતા અંતરનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

દેશ તરીકે અમેરિકામાં અનેક આગવાં લક્ષણો છે. એમાંનું પ્રમુખ, અને સમયની દૃષ્ટિથી પ્રારંભિક ગણાય તેવું, લક્ષણ એ છે કે એ દેશમાં ત્યાંના 'આદિવાસીઓ, 'અમેરિન્ડિયન્ઝ'નું અસ્તિત્વ ઘણું સીમિત રહી ગયું છે. ત્યાંના જીવનના દરેક ક્ષેત્રમાં, આખરે જોતાં, બહારથી આવીને વસેલી પ્રજાઓનું પ્રભુત્વ જોઈ શકાય છે. પંદરમી સદીની મધ્યમાં અમેરગઉ વેસ્પૂચી નામના ઇટાલિયન સાગરખેડુ વ્યાપારીએ હાલના યુ.એસ.એ.ના દક્ષિણ કિનારે પ્રથમ ઉતરાણ કરેલું. તે પછી લગભગ સોએક વર્ષ બાદ સાહસ, સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદના ત્રિવિધ બળથી પ્રેરાયેલી અંગ્રેજ, ફ્રેન્ચ, સ્પેનિશ, આઈરિશ, સ્કોટિશ, ઇત્યાદિ યુરોપની જુદી જુદી પ્રજાઓ ક્રમશઃ અમેરિકા ખંડમાં ઉત્તર તેમજ દક્ષિણમાં આવી, ઝઝૂમી અને સ્થાયી થઈ. એમાં ઇટાલિયન અને જર્મન લોકો ભળ્યા. તે દરમિયાન આફ્રિકાથી દબાણપૂર્વક 'ગુલામ' તરીકે લાવવામાં આવેલા સીદી લોકોએ પણ એ દેશમાં વસવાટ કર્યો. ત્યારબાદ પૂર્વ યુરોપની અને રશિયાના વિસ્તારવાળી પ્રજાઓ પણ અમેરિકા પહોંચી અને અંતે તો દુનિયાના લગભગ બધા જ દેશોના લોકો નાનીમોટી સંખ્યામાં અમેરિકા જઈને ત્યાંના સમાજમાં અને સંસ્કૃતિમાં પોતપોતાની રીતે ભળી વર્તમાન સમયમાં પણ ચાલતા રહેલા. જીવંત પ્રજાઘડતરના આ વિલક્ષણ કાર્યમાં ભારતીય અને તેમાંય ગુજરાતી લોકોનો ફાળો પણ સાવ નાનોસૂનો નથી.

ઉપર્યુક્ત ઘટનાઓને કારણે અમેરિકાની પ્રજા ખરા અર્થમાં પચરંગી બની છે. એની પોતાની વિશિષ્ટ પરંપરાઓ ઊભી થઈ છે, અને સમાજ, સંસ્કારો, વ્યવહારો, આદર્શો વગેરે બધી બાબતોમાં એ પ્રજા આગવી થઈ રહેલી છે. આ આશ્ચર્યપ્રેરક સંમિશ્રણની વિસ્તૃત અસર જેમ ત્યાંના જીવન પર, તેમ ત્યાંની ભાષા પર પણ અચૂક પડેલી છે. કેટલાક ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક અને એવાં બીજાં પરિબળોને લીધે અંગ્રેજીભાષી લોકો અમેરિકન સમાજમાં ઘણા વહેલા સહુથી વધુ પ્રભાવશાળી પુરવાર થયા. તેથી તેમની સાથે મળીને ત્યાં સ્થાયી રીતે રહેવા ઇચ્છનારે કોઈપણ પ્રજા માટે અંગ્રેજી જાણવું પછીથી આવશ્યક બની ગયું. અનેકવિધ ભાષાઓ, સંસ્કારો, વિચારો અને વ્યવહારો ધરાવતા જનસમૂહો આ રીતે અંગ્રેજીનો ઉપયોગ કરવા માંડ્યા તેની અસર હેઠળ, સ્વાભાવિક રીતે જ, ઇંગ્લન્ડથી સોળમી સદીના અંત ભાગમાં અમેરિકા પહોંચેલી 'ઇંગ્લિશ' ભાષા પછીના ત્રણ સૈકાઓમાં અવનવાં ભાતીગળ રૂપ ને પ્રતિભા પામતી રહી. બ્રિટન અને યુ.એસ.એ.માં હાલ વપરાતી અંગ્રેજી ભાષાનાં સ્વરૂપો વચ્ચે જે ભેદ આપણને જણાય છે એની પાછળ પૂર્વોક્ત પ્રક્રિયાઓ કારણભૂત છે.

આ સદીના પૂર્વાર્ધમાં અમેરિકામાં અંગ્રેજીના એક જાણીતા તજ્જ્ઞ થઈ ગયા. એમનું નામ હતું હેન્રી લૂઈ મેંગ્કન (૧૮૮૦-૧૯૫૬) એમણે 'ધી અમેરિકન લૅંગ્વિજ' નામક ખાસ્સો દળદાર ગ્રંથ લખ્યો, અને એટલી જ દળદાર એની બે પૂર્તિઓ પણ લખી. ૨૦૦૦થી પણ વધુ પાનાંની આ ગ્રંથત્રયીમાં એમણે 'અમેરિકન' ભાષાની અનેકવિધ વિશિષ્ટતાઓની વિશદ અને અધ્યયનશીલ છણાવટ કરેલી છે. મેંગ્કને નોંધ્યું છે કે 'જ્યારે કોઈ ઓછી મુસાફરી કરેલો અમેરિકન પહેલી વાર અંગ્રેજોની વચ્ચે આવી ચડે છે ત્યારે આ ('બ્રિટિશ' અને 'અમેરિકન' અંગ્રેજી ભાષાઓ વચ્ચેના) તફાવતો તેને અચૂક મૂંઝવે છે. અંગ્રેજો ઘણા કિસ્સાઓમાં સમાન પદાર્થો માટે જુદા શબ્દોનો ઉપયોગ કરે છે, સમાન શબ્દને તેઓ જુદો જ અર્થ આપે છે. અમેરિકામાં ભાગ્યે જ, કે કદિ ન સાંભળવા મળતા શબ્દો અને શબ્દસમૂહો અંગ્રેજો વારંવાર વાપરે છે રોજિંદી ભાષામાં પ્રયોજાતા તીવ્રતાસૂચક કે ગુસ્સામાં બોલાઈ જતા 'અસભ્ય' શબ્દોનું એમની પાસે આગવું ભંડોળ છે. અનેક શબ્દોના ઉચ્ચાર તેઓ (અમેરિકનોથી) જુદી જ રીતે કરે છે, અને એમનની વાતચીતની ભાષાના લહેકા પણ જુદા છે.' (મેંગ્કન ૧૯૪૫ : ૪૫૪)

મેંગ્કન અને અન્ય વિદ્વાનોએ નોંધેલી અમેરિકન ભાષાની અનેકવિધ વિશિષ્ટતાઓમાંથી આપણા માટે રસપ્રદ બને તેવી અમુકની ચર્ચા ઉદાહરણોની મદદથી આપણે અત્રે કરીશું. અંગ્રેજી ભાષાના આપણા મહાવરામાં વાચન-લેખન પ્રમાણમાં વધારે રહે છે. એ જોતાં આરંભ જોડણીથી જ કરીએ. અમેરિકન લેખકોનાં પુસ્તકોથી પરિચિત વ્યક્તિ એ વાતથી ભાગ્યે જ અજાણ હોય કે 'Centre, fibre, અને theatre જેવા અંગ્રેજી શબ્દોની જોડણી અમેરિકનો center, fiber અને theater કરે છે. એવું જ - our અન્ત્યાક્ષરોવાળા મોટા ભાગના શબ્દોની બાબતમાં બન્યું છે. અમેરિકનમાં આવા શબ્દો Color, favor, honor અને labor એમ લખાય છે. એક રીતે લગભગ વેબ્સ્ટરના સમય પહેલાંથી શરૂ થયેલો વધુ સરળ જોડણી તરફનો આ સુધારાવાદી ઝોક બીજા અનેક શબ્દોની અમેરિકન જોડણીમાં નજરે પડે છે, જેમ કે catalogueની જગ્યાએ catalog, chequeને બદલે chek, judgementનું judgment, programmeનું program, એમ લખવામાં આવે છે; એટલું જ નહિ, પણ aeroplaneને બદલે airplane, ploughને બદલે plow અને aluminiumની જગ્યાએ aluminum લખાય છે. એટલે જ, હવે પછી જો કોઈના લખાણમાં રાખોડી રંગ માટે grey નહિ પણ gray, 'ટમાટો' ketchup ને બદલે catsup અને મોટરના tyre ની જગ્યાએ tire લખેલું તમને જોવા મળે તો સમજી જજો કે એ મહાશય અંગ્રેજી નહિ પણ અમેરિકન લખી રહ્યા છે.

લિંકન બાર્નેટ (૧૯૭૦ : ૧૪૦-૧) માને છે કે 'અમેરિકન અને બ્રિટિશ અંગ્રેજી વચ્ચેના તફાવતનો વિસ્તાર મુખ્યત્વે શબ્દભંડોળ અને ઉચ્ચારણ-ઉચ્ચરિત શબ્દ વિશે રહેલો છે.' વાસ્તવમાં, યુ.એસ.એ. એક ખૂબ વિશાળ દેશ છે. એમાં અનેક પ્રજાઓ વસે છે. પરિણામે અમેરિકન ભાષાનાં ઉચ્ચારણો લોકબોલીમાં વૈવિધ્યપૂર્ણ રહે તે સ્વાભાવિક છે. તેમ છતાં એ દેશમાં સર્વસામાન્ય રીતે શિક્ષિત અમેરિકન અનુસરી શકે તેવું ઉચ્ચારણનું ધોરણ સ્થપાયું છે અને જળવાયું છે તે ખરેખર નવાઈની વાત છે. કદાચ, અમેરિકન પ્રજામાં જોવા મળતાં અવિરત ઉદ્યમ, સાહસ અને પરિભ્રમણની ટેવ આને માટે અમુક પ્રમાણમાં કારણભૂત હોય. અમેરિકામાં યુનિવર્સિટી ઑફ

પેન્સલ્વેનીઆના તત્કાલીન અંગ્રેજીના પ્રાધ્યાપક એ. સી. બૉ (૧૯૫૧ : ૪૨૧-૨૨) કહે છે તેમ, 'જૂજ જિલ્લાઓ બાદ કરતાં ....યુ.એસ.એ.ના એક પ્રદેશમાં નિવસિત લોકો બીજા પ્રદેશોમાંના સ્થાપિતો સાથે એકધારા ભળતાં રહ્યાં છે તે હકીકત આ દેશમાં લોકોના વસવાટનું સૌથી વધારે ધ્યાન ખેંચે તેવું લક્ષણ છે.... (એટલે જ) અમેરિકામાં બોલાતા અંગ્રેજીમાં એકરૂપતા જોવા મળે છે.'

અમેરિકન ભાષાના આ જ લક્ષણની નોંધ લઈને મેંગ્કન (૧૯૪૮ :૭ લખે છે કે '(અમેરિકન) ક્રાંતિ પછી આ દેશમાં આવવાનું સાહસ કરનારા ઈંગ્લિશ મુસાફરો (અહીંની ભાષામાં) સામાજિક વર્ગ કે ભૌગોલિક પ્રદેશોના ભેદ પાડતી લોકોબોલીઓનો લગભગ અભાવ જોઈને ચકિત થઈ ગયા હતા. આ બધા અંગ્રેજો (એમના દેશ ઈંગ્લન્ડમાં) રાજદરબાર, નાટકશાળા અને બે વિદ્યાપીઠોના મર્યાદિત વર્તુળની બહાર પગ મૂકતાં જ, પોતે જેને નરાતાર બર્બરતા ગણે તેવી વાણીની ગડમથલથી ટેવાયેલા હતા. એટલે જ, સમાજના નીચેના કે ઉપરના સ્તર પર રહેતા, લગભગ બધા જ અમેરિકનો એક સરખી ભાષા બોલે છે, અને તેઓની વાતચીત સાધારણતયા સ્પષ્ટ, અને એથી જ સહેલાઈથી સમજી શકાય એવી છે એ જાણીને તેઓ દંગ થઈ ગએલા.'

મૂળ અંગ્રેજો સહિત બધા પરદેશીઓને અમેરિકન ઉચ્ચારનું એક લક્ષણ તરત ધ્યાનમાં આવે છે. મેંગ્કન (૧૯૧૯ : ૩૨૩) એને 'nasal twang', અનુનાસિક રણકાર, કહે છે. અસલ અમેરિકન બોલતો હોય ત્યારે ઘણા સ્વરોના એના ઉચ્ચારણમાં, ખાસ કરીને અનુનાસિક વ્યંજન સાથે આવતા સ્વરોચ્ચારમાં, તે અક્ષર નાકમાંથી બોલાતો હોય તેવો રણકો સંભળાય છે. એટલે standનો ઉચ્ચાર 'સ્ટૅન્ડ', smallનો 'સ્મૉલ' અને timeનો 'ટાંઇમ' સંભળાય. તેમાં પણ જો 'characteristic American drawl', લાક્ષણિક રીતે ઉચ્ચારણ લંબાવવાની અમેરિકન ટેવની અસર તેમાં ભળે તો પછી આપણે 'સ્ટૅંઅન્ડ' અને 'સ્મૉંઅ્લ' જ સાંભળવાના. કહેવાય છે કે લંડનમાં પ્રમાણમાં ગરીબ ને ઓછા ભણેલા લોકોના પૂર્વના પરા East Endનો રહેવાસી કોઈ cockney અમેરિકન talkie, બોલતી ફિલ્મ જોઈને બોલી ઊઠેલો, 'It ain't so much their bleedin' lengwidge; it's their blawsted neysal tweng' (અનુ: 'એમની નાલાયક ભાષા મુશ્કેલ નથી; પણ એમના અવાજમાં નાકમાંથી આવતો રણકો ત્રાસકારક છે.'

અમેરિકનો કેટલાક સંદર્ભમાં 'O'નો ઉચ્ચાર લગભગ 'આ' જેવો કરતા લાગે છે. એ.સી. બૉના શબ્દોમાં, "not, lot, top અને fog જેવા શબ્દોમાંના 'O'નો ઉચ્ચાર ઈંગ્લન્ડમાં હજુ પણ બન્ને હોઠ ગોળાકારમાં રાખીને ખુલ્લા પ્રકારે કરવામાં આવે છે. પરંતુ ન્યૂ ઈંગ્લન્ડના અમુક ભાગ બાદ કરતાં, અમેરિકામાં સામાન્યતયા 'O'નું ગોળાકાર રૂપ લુપ્ત થઈ ગયું છે. અને મોટાભાગના શબ્દોમાં તેનું ઉચ્ચારણ થોડું ટૂંકું પણ, fatherમાંના 'આ'ના જેવું જ કરવામાં આવે છે.' (બૉ. ૧૯૫૧:૪૪૫) એટલે અમેરિકનના મુખેથી ઉચ્ચારાયેલા hot, dog, coffee અને horrid શબ્દો આપણને ઘણે ભાગે 'હાટ', 'ડાગ', 'કાફી' અને 'હારિડ' જેવા સંભળાવાની સંભાવના ઘણી.

આમ તો વિદ્વાનોના મતે બ્રિટિશ અને અમેરિકન ઉચ્ચારણમાં પ્રયોજાતા સ્વરો, (vowels) અન્યોન્યથી ઘણી રીતે જુદા પડે છે. પણ ખાસ ધ્યાન ખેંચે તેવી વાત 'a'ના ઉચ્ચારની છે : ઘણા શબ્દોમાં અંગ્રેજો જ્યાં 'આ' બોલે છે ત્યાં અમેરિકનો 'ઍ' બોલવાના. એટલે કે after, ask, can't, fast, glass, half, past અને staff જેવા ઘણાય સાદા પ્રચલિત શબ્દો કોઈ અમેરિકન બોલે ત્યારે 'ઍફટર', 'કૅન્ટ', 'ફૅસ્ટ', 'ગ્લૅસ', 'હૅફ', 'પૅસ્ટ', અને 'સ્ટૅફ', કહેવાના. તેમાં ય, ઉપર નોંધેલી drawl ઉમેરાય ત્યારે 'ઍઅ્ફટર', 'ઍઅ્સ્ક', અને 'કૅઅ્ન્ટ' જેવાં ઉચ્ચારણો થવાનાં. અનુનાસિક અવાજ અને પહોળા, લંબાતા ઉચ્ચારણની આ અમેરિકન લઢણને લગતી એક રમૂજી વાત કહેવાય છે. અંગ્રેજ માતા અને અમેરિકન પિતાથી જન્મેલા કોઈ સંતાનને એક જણે હળવેકથી પૂછ્યું, 'તું બ્રિટિશ છો કે અમેરિકન?' ત્યારે પેલાએ ચાલાકીપૂર્વક જવાબ વાળ્યો, 'આઈમ્ હાફ બ્રિટિશ અન્ હૅફ અમેરિકન.'

વ્યંજનની વાત વિચારીએ તો, બે બાબત ખાસ ધ્યાનમાં આવે છે. એક તો 't'નો અમેરિકન ઉચ્ચાર. આપણે ધ્યાનથી ન સાંભળીએ તો ઘણા સંદર્ભોમાં 't'નું ઉચ્ચારણ આપણને 'd', 's'ના જેવું જ સંભળાય. એટલે સુધી કે, ઝડપી બોલીમાં અમેરિકનમાં matter અને madder તેમજ writer અને rider ઉચ્ચારણમાં એક થઈ જતા લાગે. અને bottle,butter તથા water ના ઉચ્ચાર કંઈક 'બાડલ્', 'બડર્' અને 'વાડર્' જેવા સંભળાય. એથી વધારે નોંધપાત્ર વાત અમેરિકનમાં 'r'ના ઉચ્ચારણની છે. સ્વીકૃત અંગ્રેજીમાં જોડાક્ષર કે બે સ્વરો વચ્ચેના સ્થાન સિવાય 'r' ઉચ્ચારાતો નથી. એટલે car, dare, girl અને short શબ્દોના અંગ્રેજી ઉચ્ચાર 'કાઅ્', 'ડેઅ્', 'ગઅ્લ' અને 'શૉઅ્ટ' થાય છે. પરંતુ અમેરિકનો આ અને આ પ્રકારના બધા શબ્દો જે રીતે લખાય છે એમ જ બોલવાના. એટલે કે અમેરિકનમાં આ શબ્દોના ઉચ્ચારો 'કાર', 'ડેઅર', 'ગર્લ' અને 'શૉર્ટ' એમ થવાના. એક દષ્ટિએ ઉચ્ચારણની લાક્ષણિકતાને અમેરિકનોના જોડણી મુજબ ઉચ્ચારણ કરવાના વલણના ઉદાહરણ તરીકે જોઈ શકાય. આ જ કારણસર તેઓ either, neither, nephew, route, schedule અને suggestનાં ઉચ્ચારણો પણ અનુક્રમે 'ઈધર', 'નીધર', 'નેફ્યૂ', 'રાઉટ', 'સ્કેજુલ' અને 'સગ્જેસ્ટ' કરે છે. લખાય છે તે જ રીતે બોલવાની અમેરિકનની આતુરતાનું સહેજ રમૂજી ઉદાહરણ lieutenant શબ્દના ઉચ્ચારણમાં જોવા મળે છે. મૂળમાં ફ્રેન્ચ એવા આ શબ્દનો સ્વીકૃત અંગ્રેજી ઉચ્ચાર 'લેફ્ટેનન્ટ' છે, પરંતુ નઉઅ વેબ્સ્ટરે ઉપરના સિદ્ધાંતને અનુસરીને એનો ઉચ્ચાર 'લૂટેનન્ટ' નક્કી કરેલો ને આજ દિવસ સુધી અમેરિકામાં 'લૂટેનન્ટ' જ કહેવાય છે. આ શબ્દથી નિર્દિષ્ટ અધિકારીની હાલત ખરેખર કફોડી તો ત્યારે થાય છે કે જ્યારે પોલીસ ખાતામાં એના હાથ નીચેના માણસો, ભાષાપ્રયોગોમાં છૂટછાટ લેવાના અમેરિકનોના સામાન્ય સ્વભાવના લક્ષણ પ્રમાણે એના હોદ્દાનું નામ ટૂંકાવીને એને વ્હાલથી 'લૂટ' તરીકે બોલાવવા માંડે છે!

અંગ્રેજી અને અમેરિકનમાં સાંભળવા મળતા સ્વરભાર (stress)ની વાત પણ એટલી જ રોચક છે. Dictionary, necessary અને oratory જેવા વધુ અક્ષરોવાળા શબ્દોના ઉચ્ચારણમાં અંગ્રેજો રાબેતા મુજબ પ્રથમ વર્ણ પર મુખ્ય ભાર મૂકે છે. પણ એ એટલી નોંધપાત્ર રીતે કે શબ્દના અંતના અક્ષરો જાણે ગળી જવાના હોય એમ લાગે. એટલે જ, આપેલા શબ્દોના અંગ્રેજી ઉચ્ચાર 'ડિકશનેરી', 'નેસેસ્રી' અને 'ઓરટ્રી' થાય છે. અમેરિકનમાં આ શબ્દોમાં અપાતો ભાર પહેલા અક્ષર પર જ રહે છે. પરંતુ શિક્ષિત અમેરિકન સામાન્ય રીતે શબ્દોના ઉચ્ચાર સંભાળીને, પૂરેપૂરા કરવા મથતો જણાય છે. એટલે ઉપર આપેલા શબ્દોના એના ઉચ્ચાર, 'અંગ્રેજી' ઉચ્ચારોથી ધ્યાનપાત્ર રીતે જુદા પડીને 'ડિક્શનેરી', 'નેસેસરી' અને 'ઓરેટોરી'. કરવામાં આવે છે. સંભવત: આ વલણને લીધે જ અંગ્રેજીના laboratory: 'લ'બોરટ્રી', quinine : 'ક્વિ'નીન' અને secretary : 'સેક્રેટ્રી' અમેરિકનમાં 'લ'બ્રેટોરી', 'ક્વાઈનાઈન' અને "સેક્રિટેરી' થઈ જાય છે; આ તો ઠીક, પરંતુ અંગ્રેજી mama, 'મમા' અને papa, 'પપા' બોલચાલની અમેરિકનમાં 'માઅ્મ' અને 'પાઅ્પ' થઈ જાય છે. (ક્રમશ:)

ભૂમંડળનું તાપમાન

પ્રહ્લાદ છ. પટેલ

પૃથ્વી દર વર્ષે જેટલી ઉષ્માઊર્જાનું ઉત્સર્જન કરે છે તેના કરતાં આશરે વીસ હજાર ગણી ઉષ્માઊર્જા તે સૂર્ય પાસેથી મેળવે છે, જે પૃથ્વીનું તાપમાન નક્કી કરનાર અસરકારક પરિબળ બની રહે છે. પણ પૃથ્વી સૂર્ય પાસેથી જેટલી ઉષ્માઊર્જા મેળવે છે તે લગભગ બધી જ અવકાશમાં ઉત્સર્જિત કરે છે. વળી, સૂર્યની બધી વિકિરણ ઊર્જા પૃથ્વીની સપાટી સુધી પહોંચતી પણ નથી. તેમાંનો પારજાંબલી (અલ્ટ્રા વાયોલેટ) વિભાગ મહદ્ અંશે વાતાવરણમાં શોષાય છે ને બાકીનો ભાગ જમીન અને વાદળો વડે પરાવર્તન પામે છે. સૌર ઉષ્માઊર્જાનો કેટલો ભાગ જમીન વડે શોષાય છે તેનો આધાર જમીનની સપાટીના પ્રકાર ઉપર છે. સમુદ્રી, બરફીલા, રેતાળ અને જંગલોથી છવાયેલા વિસ્તારોમાં ઉષ્માઊર્જાનું શોષણ એકસરખું હોતું નથી. પૃથ્વી તેના નીચા તાપમાનને કારણે અધોરક્ત (ઇન્ફ્રારેડ) કિરણોનું ઉત્સર્જન કરે છે. વાતાવરણમાં ભેજ સ્વરૂપે રહેલું પાણી તથા કાર્બન ડાયૉક્સાઈડ આ અધોરક્ત કિરણોનું વિશેષ શોષણ કરે છે. વાદળો અધોરક્ત કિરણોનું વિશેષ શોષણ કરે છે. આવાં વાદળો ઊર્જાનું પુનઃ ઉત્સર્જન કરે છે. આ રીતે ઉત્સર્જિત થતી ઊર્જા ઊર્ધ્વ દિશામાં અને બાકીની ઊર્જા અધો દિશામાં જાય છે. વાદળો જે ઊર્જાનું પૃથ્વી તરફ ઉત્સર્જન કરે છે તેનાથી પૃથ્વીનું તાપમાન વધી 'ગ્રીનહાઉસ' જેવી અસર પેદા થાય છે. જ્યારે અન્ય પરિબળો અચળ હોય ત્યારે પૃથ્વી ઉપર આયાત થતી ઊર્જાનું પ્રમાણ દિવસના સમય તથા ઋતુઓ સાથે વધઘટે છે. પૃથ્વી ઉષ્માની મંદવાહક હોઈ આવા ફેરફારોની અસર બહુ ઊંડે સુધી પહોંચતી નથી, પણ આબોહવાના લાંબા ગાળાના ફેરફારો વધુ ઊંડે સુધી અસર કરી શકે છે. આ બધી બાબતોને લક્ષમાં લેતાં જણાય છે કે પૃથ્વીની ઊર્જા અને સૌર વિકિરણો વચ્ચે સમતુલા જળવાય છે. કોઈપણ સ્રોત દ્વારા મળતી ઊર્જાનું પૃથ્વીની સપાટી ફરીથી ઉત્સર્જન કરે છે અને પૃથ્વીની સપાટી તરફ વહેતી આંતરિક ઊર્જાનો વિકિરણ સ્વરૂપે અવકાશમાં વ્યય થાય છે. જવાળામુખી ફાટતાં આવી ઉષ્માનું ઉત્સર્જન થાય છે. ૧૯૯૧ના એપ્રિલમાં બેરન ટાપુ ઉપર જવાળામુખી ફાટતાં અને જેનો ધગધગતો લાવારસ નજીકના દરિયામાં પહોંચતાં પાણીનું ખૂબ મોટા પ્રમાણમાં વરાળમાં રૂપાંતર થયું હતું. ફિલિપિન્સ અને જાપાનના જવાળામુખી ફાટતાં પણ આમ જ થયેલું. જો જવાળામુખી ન ફાટે તો ઉષ્માઊર્જા પૃથ્વીના પેટાળમાં સ્થિત ઊર્જા તરીકે સંચિત થાય અને તેને લીધે જમીન ઊંચકાતાં પર્વતીય હારમાળા સર્જાય છે. આવી ભૂસ્તરીય પ્રક્રિયાઓ દ્વારા પણ પૃથ્વીની ઊર્જામાં ઘટાડો થતો રહે છે.

પણ છેલ્લી અર્ધ સદીથી કેટલાંય માનવસર્જિત પરિબળો કુદરતની સમતુલાને હચમચાવી રહ્યાં છે, અને તેવાં પરિબળોની વૃદ્ધિ થતાં પૃથ્વી પરની જીવસૃષ્ટિને પણ તે હાનિ પહોંચાડી શકે છે. આજે કોઈપણ રાષ્ટ્રમાં વપરાતી ઊર્જાનું પ્રમાણ તે રાષ્ટ્રની પ્રગતિનું માપ છે. જે રાષ્ટ્રમાં વધુ ઊર્જા વપરાય છે તેની ભૌતિક પ્રગતિ વધુ થઈ છે. અમેરિકા, ઇંગ્લેન્ડ, જાપાન, જર્મની વગેરે તેનાં ઉદાહરણો છે. વધુ પ્રગતિ માટે વધુ ઊર્જાપ્રાપ્તિનું લક્ષ કુદરતનું શોષણ કરે છે, અને કુદરતનું વધુ પડતું શોષણ પર્યાવરણની સમતુલાને જોખમાવે છે. આથી કુદરતનું શોષણ નહિ, પણ દોહન કરવું જોઈએ. જેમ ગાયનું દોહન કરવા માટે તેનું સતત પોષણ કરવું જરૂરી છે તેમ પૃથ્વીનું અને કુદરતનું પોષણ પણ જરૂરી છે. આથી કુદરતના સ્રોતો તથા સંશાધનોના ઉપયોગ પરત્વે માણસે વિકાસશીલ બની પ્રકૃતિને વધુ ને વધુ નિયંત્રિત કરવાના સાહસથી દૂર રહેવું જોઈએ.

આજે વધતી જતી વસ્તીની જરૂરિયાતો તથા વિકાસલક્ષી આયોજનોને પહોંચી વળવા માટે ઊર્જાનો ઉપયોગ બેહદ વધતો જાય છે, તેથી ખનિજ તેલ અને વાયુ, કોલસો વગેરેનો પુરવઠો ઘટી રહ્યો છે. એટલે ઊર્જા મેળવવા અણુઊર્જા તેમજ સૌર ઊર્જા તરફ વળવું જ પડશે. આમાંથી અણુઊર્જા સરળતાથી મેળવવી હાલમાં તો મુશ્કેલ છે, જ્યારે સૌર ઊર્જાને વ્યવહારુ બનાવવા માટેના યે કેટલાક પ્રશ્નો હલ થવા બાકી છે. અન્ય સ્રોતોથી મેળવાતી ઊર્જાના ઉપયોગથી પેદા થતા પ્રદૂષણોના પ્રશ્નો પણ હલ કરવા પડે. એટલે સૌર ઊર્જા, પવન ઊર્જા અને દરિયાની ભરતી દ્વારા મળી શકતી અમર્યાદિત અને નિર્દોષ ઊર્જા પ્રતિ વળવું જ પડશે.

કોલસા તથા ખનિજ તેલના ઉપયોગથી હવા તો પ્રદૂષિત થશે જ સાથે સાથે ભૂસ્તરીય આંતરિક માળખાને ઘણું જ નુકસાન થશે, જે ધરતીકંપની શક્યતાઓમાં વધારો કરશે અને માનવ-સ્વાસ્થ્ય ઉપર માઠી અસરો કરશે. આ બધા પ્રશ્નો ગંભીર વિચારણા માગી લે છે, પણ ટેકનોલૉજિકલ તરકીબોથી તેમને મહદંશે અંકુશિત કરવાની ક્ષમતા માણસ ધરાવે છે. છતાં આ પ્રશ્નોને અવગણી શકાય નહીં. વાતાવરણમાં કાર્બન-ડાયૉક્સાઈડનો વધારો આજે પૂર ઝડપે થઈ રહ્યો છે.

જેમ જેમ વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડની માત્રા વધતી જશે તેમ તેમ પૃથ્વીનું વાતાવરણ ગરમ થતું જશે. કાર્બન ડાયૉક્સાઈડમાં ઉષ્માનો સંગ્રહ કરવાની વધુ ગૂંજાશ છે. બીજું, તીવ્ર પ્રકાશની હાજરીમાં કાર્બન ડાયૉક્સાઈડનું કાર્બન મૉનોક્સાઈડ અને ઑક્સિજન પરમાણુમાં વિઘટન થાય છે.

વિઘટિત કાર્બન મૉનોક્સાઈડના અણુ તથા ઑક્સિજનના પરમાણુનું સંયોજન થતાં ઉષ્મા બહાર ફેંકાય છે, જેનાથી વાતાવરણનું તાપમાન વધે છે. પ્રતિવર્ષે કોલસા જેવા ઈંધણના વિશ્વવ્યાપી ઉપયોગમાં બે ટકા વધારો થાય તો પૃથ્વીના તાપમાનમાં ૦.૫ થી ૨.૫ અંશ સે. વધારો થાય છે. અશ્મિય (fossil) ઈંધણના વધુ પડતા ઉપયોગથી પેદા થતા કાર્બન ડાયૉક્સાઈડનો અર્ધોઅર્ધ જથ્થો વાતાવરણમાં જકડાઈ રહે તો ૨૦૦૦ની સાલ સુધીમાં વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ બમણું થશે.

માનવવિકાસના સંદર્ભમાં થતી પ્રવૃત્તિઓના પરિણામે વાતાવરણમાં કાર્બનડાયૉક્સાઈડ સાથે મિથેન અને નાઈટ્રસ વાયુઓ પણ ભળતા રહેશે, જેનું સીધું પરિણામ 'ગ્રીન હાઉસ' અસર હશે. જે દરે આ વાયુઓ આજે વાતાવરણમાં ભળે છે તે જ દરે ૨૦૫૦ની સાલમાં હવામાનના તાપમાનમાં ૪ અંશ સે. વધારો કરશે.

કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ અને પૃથ્વીના તાપમાનનો આ વધારો ભલે નાનો દેખાતો હોય પણ તે ઋતુઓ ઉપર નાટ્યાત્મક અસરો પેદા કરી શકે તેમ છે. અત્યારે જે વિસ્તારો શુષ્ક કે અર્ધશુષ્ક છે ત્યાં સંભવતઃ વરસાદનું પ્રમાણ વધે અને ઉત્તરી વિસ્તારોમાં વનસ્પતિના વિકાસની ઋતુનો ગાળો મોટો થાય, જ્યારે અનાજ પેદા કરતા કેટલાક વિસ્તારોને ગંભીર નુકસાન પણ થાય. અંતે તો તે વનસ્પતિ-જીવન ઉપર ઘેરી અસરો કરશે જ. જે વનસ્પતિને ઊંચું તાપમાન અનુકૂળ હોય તેનો વિકાસ વધુ થશે અને નીચા તાપમાને વિકાસ પામતી વનસ્પતિનો રકાસ થશે. ધ્રુવપ્રદેશોમાં ગરમીનું પ્રમાણ વધશે.

પૃથ્વીના તાપમાનના વધારાને કારણે ઋતુઓના ફેરફારથી કોને કેટલો લાભ કે ગેરલાભ થશે તે તો ચોક્કસપણે કહી શકાય નહીં કેમ કે ઋતુઓનો આધાર આબોહવા ઉપર અસર કરતા તાપમાન, હવાના દબાણ, સ્થળની દરિયાની સપાટીથી ઊંચાઈ તથા સ્થળનું દરિયાની સપાટીથી અંતર, પવનોની દિશા તથા ગતિ જેવાં પ્રત્યક્ષ અને પરોક્ષ પંદરેક પરિબળો ઉપર છે. આથી કયા પરિબળની અસર ક્યારે અને કેટલા પ્રમાણમાં થાય છે તે અશક્ય નથી, છતાં મુશ્કેલ તો છે જ. આથી પૃથ્વીની આબોહવાને લગતો કોઈ નમૂનો (model) તૈયાર કરવો મુશ્કેલ છે, જેને આધારે ઋતુઓનું ચોક્કસ અનુમાન કરી શકાય. સાથે સાથે કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ એટલી બધી ઝડપથી વધતું જાય છે કે ચોક્કસ પરિણામો તો અનુભવ બાદ જ જાણી શકાય.

છેલ્લા દશકામાં માણસની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઈ છે કે ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ બેહદ વધતું જાય છે, જેને આધારે પૃથ્વીનું તાપમાન નિશ્ચિતપણે વધતું જાય છે. આ રીતે, ટૂંક સમયમાં પર્યાવરણની સમતુલા જોખમાશે. કુદરતી વાયુ, તેલ અને કોલસાના દહનથી વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ ૧૯૮૮ની સાલનાં ૩૧૫ પી.પી. એમ. વી. થી વધીને ૩૫૦ પી.પી. એમ.વી. થયું છે. (પી. પી. એમ.વી. એટલે parts per million by volume - કદને અનુલક્ષીને પ્રત્યેક દસ લાખે એક ભાગ. બીજી રીતે દશ લાખ લિટરે એક લિટર) કાર્બન ડાયૉક્સાઈડના આ વધારા માટે જંગલોની કટાઈ પણ જવાબદાર છે. દહનને કારણે દર વર્ષે ૯૦ કરોડ મેટ્રિક ટન કાર્બનડાયૉક્સાઈડ પેદા થાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૦.૦૧૧ પી.પી. એમ.વી. ટ્રાયફ્લોરો ફ્લોરોકાર્બન્સ અને ૦.૦૧૮ પી.પી. એમ.વી. ડાયફ્લારોફ્લોરો મિથેન વાતાવરણમાં ઉમેરાય છે. આ વાયુઓના અણુઓ કાર્બનડાયૉક્સાઈડના અણુઓ કરતાં ઈન્ફ્રારેડ કિરણોનું ૧૦ હજાર ગણું વધારે શોષણ કરે છે. આ વાયુઓ ઉપરાંત કાર્બન-ડાયૉક્સાઈડ અને મિથેન વાયુની ઈન્ફ્રારેડ કિરણો શોષવાની તાકાત ઘણી મહત્ત્વની પુરવાર થઈ છે. પરિણામે પૃથ્વીની સપાટીનું તાપમાન પ્રત્યેક વર્ષે સરેરાશ ૧° સે. વધતું જણાયું છે. બ્રિટિશ ટાપુઓ ઉપર વરસાદની સરેરાશ માત્રામાં ઘટાડો તથા વિશ્વના જુદાજુદા ભાગોમાં દુષ્કાળની ઘટનાઓમાં નોંધાયેલો વધારો પૃથ્વીના તાપમાનમાં ધીમા પણ ચોક્કસ વધારાની હકીકતને પ્રમાણિત કરે છે.

આ સાથે સમુદ્રની સપાટી ઊંચી આવ્યાની માન્યતા પણ ગ્રીનહાઉસ ઘટનાના સંદર્ભમાં મહત્ત્વની બનતી જાય છે. એક હકીકતનો સ્વીકાર થયો છે કે પૃથ્વીના તાપમાનમાં ૧.૫ થી ૫.૫ અંશ સે. વધારાથી સમુદ્રની સપાટીમાં ૨૦ થી ૧૬૫ સે.મી. વધારો થઈ શકે છે. સમુદ્રની સપાટીના આવા ફેરફારો આજે નોંધાતા જાય છે. દર સો વર્ષે સમુદ્રની સપાટીમાં ૧૦ સે.મી. વધારો થાય છે. પૃથ્વીના વધતા જતા તાપમાનથી ધ્રુવપ્રદેશોનો બરફ ઓગળી તેનું પાણી દરિયામાં ભળતાં સમુદ્રની સપાટી અસર પામે છે. ભારતના સંદર્ભમાં, સમુદ્રની સપાટીનો વધારો, લક્ષદ્વીપના આર્કિપેલાગો ટાપુ માટે ભયરૂપ છે. પૂર્વ ભારતનો દરિયાકિનારો જ્યાં નીચાણવાળો ભાગ છે, જ્યાં અવારનવાર દરિયાઈ તોફાનો ધૂમ મચાવે છે ત્યાં વંટોળિયાની અસરો વધશે. બરફનું પાણી સમુદ્રમાં ઉમેરાતાં તેના પાણીનો જથ્થો વધશે, સાથે સાથે પૃથ્વીના તાપમાનના વધારાને કારણે સમુદ્રની સપાટી ઊંચી આવતાં સમુદ્રતટના કેટલાક વિસ્તારો ડૂબમાં જાય તેવો ભય અસ્થાને નથી. સમુદ્ર કિનારે આવેલાં મહાનગરો જેવાં કે લંડન, ગ્લાસગો, ફ્લોરિડા, ટોકિયો, ઓસાકા, મોન્ટ્રિયલ, સ્કોટહોમ, કોપનહેગન અને કલકત્તાનો કેટલોક ભાગ સમુદ્રની વધતી જતી સપાટીને કારણે ડૂબમાં જાય તો નવાઈ નહીં! □

બનફૂલની એક લઘુકથા

હવા

કલ્પના વોરા —

ઘરમાં સહેજ પણ હવા આવતી નહોતી. ગૂંગળામણ થતી હતી. બહાર પવન ફૂંકાતો હતો. ઝાડ-પાન વળી જતાં હતાં. આકાશમાં વાદળાં ખુશીનાં માર્યાં જાણે ઊડતાં હતાં! તેમ છતાં ઘરમાં હવા કેમ આવતી ન હતી? ઘરની બહાર જોરથી ફૂંકાતો પવન ઘરમાં પ્રવેશતો કેમ ન હતો?

અચાનક મને રવીન્દ્રનાથ યાદ આવ્યા. ઘણા વખત પહેલાં મેં એમને એક સભામાં બહુ દૂરથી જોયા હતા. હું મુગ્ધ થઈ ગયો હતો. તેઓ હસતા હતા. હસતા હસતા જાણે કોઈ સાથે વાતો કરતા હતા. એમની આંખોની સુંદર દૃષ્ટિ, એમના મોઢા પર ઝળહળતું તેજ, એમની પ્રતિભાની દિવ્ય જ્યોતિ હું દૂરથી જોઈ શક્યો. એમની પાસે જઈ ન શક્યો, કારણ કે વચ્ચે અજાણ્યાનું અંતર હતું. હું એમને સ્પર્શી શક્યો નહતો.

આજે હવાનો આ ઝોક જોઈને મને રવીન્દ્રનાથની યાદ આવી. તેઓ પણ હવાની જેમ સર્વત્રવિહારી હતા. પવન ક્યારેક દક્ષિણે ફૂંકાય છે તો ક્યારેક વંટોળની જેમ, ક્યારેક આકાશમાં તો ક્યારેક ઘરના ખૂણે. જેમ તે દિવસે હું રવીન્દ્રનાથથી વંચિત રહ્યો તેમ આજે હું હવાથી વંચિત રહ્યો.

અચનાક મને પૂરી વાત સમજાઈ. બારીઓ બંધ હતી. એ વાત અત્યાર સુધી મારા ધ્યાનમાં આવી ન હતી. બારીના કાચ બંધ કરીને બહારનું તોફાન જોઈ શકાતું હતું. મેં જલદીથી બધી બારીઓ પૂરેપૂરી ખોલી નાખી.

આશ્ચર્ય! તેમ છતાં ઘરમાં બિલકુલ હવા ન આવી. એને બદલે કાયાહીન કેટલીક કથાઓ ઘરમાં દાખલ થઈ ગઈ.

'તારું નાક બંધ છે, તેથી શ્વાસ લઈ શકતો નથી.'

'તું ગણગણાટ નથી કરતો, તેથી ગૂંગળાય છે.'

'તારી ચામડી જડ થઈ ગઈ છે, તેથી તને હવાનો સ્પર્શ થતો નથી.'

કોઈ જાણે ખડખડાટ હસી પડ્યું.

'અરે, તું જે તોફાન જુએ છે - તે સાચું તોફાન નથી. ફિલ્મનું તોફાન છે.'

સાચી વાત જરા વાર રહીને સમજાઈ.

હવા, કાચની બારી, સિનેમા બધું ખોટું હતું.

હું એક બંધ રૂમમાં સૂતો સૂતો સ્વપ્ન જોતો હતો - હવાનું સ્વપ્ન. બહાર જોરથી પવન ફૂંકાતો હતો, છતાં હું એનાથી વંચિત હતો. ત્યારપછી જે બન્યું તે અલૌકિક, અસંભવ, અવિશ્વસનીય હતું. બંધ રૂમની દીવાલ ભાંગી પડી. ફરરર કરતો પવન ઘરમાં પ્રવેશ્યો. મને એક ગીત સંભળાયું :

'દ્વાર ખોલીને પ્રકાશ આવ્યો છે. તારો જય થાવ.'

જોયું તો સામે જ રવીન્દ્રનાથ ઊભા હતા.

તેઓ પવનથી (હવાથી) ધ્રૂજતા હતા.

આગ્રિજેન્તો

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા

ભૂમધ્યને બે કાંઠે : ૯

તે સવારે આગ્રિજેન્તો જતી અગિયારને ત્રણની ગાડી મોડી હતી, પણ કોઈ એથી અકળાયું નહોતું કે નવાઈ પામ્યું પણ નહોતું. ગોળ દડા જેવો, આનંદી સ્વભાવનો લાગતો એક માણસ સ્ટેશનના કારકુનનું તેમજ માસ્તરનું કામ કરતો લાગ્યો. એ કહે, 'ટ્રેન, બસ, હમણાં જ આવવી જોઈએ.' હસતો હસતો એ આમથી તેમ ગબડતો રહ્યો. ટ્રેન જવા માંડી ત્યારે હાથ હલાવી હલાવીને ક્યાંય સુધી એ 'આવજો' કરતો રહ્યો.

ફરી અમે ક્યારેય મળીશું નહીં,પણ હું આટલો આ સંયોગ ભૂલીશ પણ નહીં. આવા સાધારણ ઈત્તિફાકના ટુકડાઓથી જ તો બનતો જાય છે મારા સમયનો ચંદરવો.


ટ્રેનમાં થોડા લોકો હતા, પણ મારો નાનો ડબ્બો તો ખાલી જ રહ્યો. કોઈ વાર આમ ડબ્બો ખાલી રહે તે સારું લાગે છે. એકલાં મુસાફરી કરવી તો હંમેશાં ગમે છે. પરદેશીઓને તકલીફ નહીં આપવાનો ઉદ્દેશ પણ એ લોકોનો ખરો. બીજે એક ગામથી એક વૃદ્ધ સ્ત્રી ચડી, ભારે સામાન બોગીની ગલીમાં રાખ્યો, ને માફી માગતી બેઠી, કે પ્રથમ કક્ષમાં બીજે ક્યાંય જગ્યા નહોતી. કોઈ આવીને બેસે એનો પણ મને વાંધો નહોતો. કોઈ આવીને બેસનારાં વાતો પણ જરૂર કરે, ને એ તો આપણા ફાયદામાં. જગ્યામાં જેટલો રસ એટલો જ લોકોમાં પણ ખરો. પણ હું પોતે જ સાધારણ માનવ તરીકે ફરતી હોઉં તેથી ઈત્તિફાક પણ મોટે ભાગે તો સાધારણ જ હોયને ?


આ દાદીમાને મેં બિસ્કિટ આપવા માંડ્યું તો એમણે ના પાડી. કહે, એમની પોતાની પાસે ઘણું ખાવાનું હતું, પણ કશું એમનાથી ખવાય તેમ નહોતું. એમણે મને કેકનાં બે નાનાં પૅકેટ આપ્યાં. કપડાં સરસ પહેરેલાં, અને વર્તનથી પણ સારા ઘરનાં જ લાગે. એ વિધવા હતાં, ને આખું વર્ષ બે દીકરીઓમાં વહેંચી દેતાં. એક ઉત્તરે મિલાનમાં રહે, ને બીજી દક્ષિણે આગ્રિજેન્તોમાં. ભૂગોળ અને ઋતુના સંબંધે એમનું વર્ષ પસાર થતું. જો એમનાં સંતાન એમને આટલા પ્રેમ ને આગ્રહથી આવકારતાં હોય તો એ ખરેખર નસીબદાર હતાં.

પ્રદેશ એકદમ નવાઈભર્યો હતો. સતત ટેકરાળ - સૂકા, કથ્થાઈ, કશું ઊગ્યા વગરના. અંત વગરના કોમળ ગોળાકાર. આ રેતીની ટેકરીઓ નહોતી, પણ કકરી ધરતીના પડવાળા ઢોળાવો હતા. કૈંક જુદા જ પ્રકારનું રણ. ઑલિવનું થોડું વાવેતર આવ્યું, પણ પછી બધી બાજુ લીલી દ્રાક્ષની વાડીઓ ચાલી. વેલાઓ પર સફેદ પ્લાસ્ટિક પાથરેલું હતું - સૂરજથી બચાવવા. બપોરનો સૂરજ હતો પણ ઉગ્ર. ઘરો બરાબર દ્રાક્ષના વેલાઓની વચ્ચોવચ હતાં, બધા ઢોળાવો સૂર્યનું પ્રતિબિંબ ઝીલી રહ્યા હતા, અને ધાતુના બનાવેલા પાથરણાની જેમ ચમકી રહ્યા હતા. અદ્ભુત દૃશ્યાવલી હતી.

આ જોવા તો ગઈ હતી-પરિસરનું વૈવિધ્ય; કારણ કે પ્રદેશનાં લક્ષણોની અસરથી જ તો ઘડાય છે પ્રજાજનોનાં વ્યક્તિત્વ અને જીવન.

સિસિલીનો મહાન માનસપુત્ર ને વિખ્યાત નાટ્યકાર લુઈજી પિરાન્દેલો. એમની કૃતિઓમાં એમણે સિસિલીના પુરુષને લાક્ષણિક રીતે ચીતર્યો છે. જરા ગંભીર, જરા ફીકકો, જરા ઠીંગણો, જરા અધીરો. મિજાજ એનો ભારે, ને લોહી ખાસ્સું ગરમ. આ જ બધાં તત્ત્વોમાંથી ઊપજ્યો હશે 'માફિયા' કહેવાતો પ્રકાર. એક તરફ એ 'દાનવ'નો, ને બીજી તરફ એ 'લોક-નેતા'નો પર્યાય છે! એનાં ક્રૂર ને ઘાતકી વિચારવર્તનના કેન્દ્રમાં એક જાતનું નૈતિક મૂલ્ય છે, વચનપરાયણતા છે, આત્મ-પ્રેરિત ન્યાયાચાર છે. જોકે આપણને એમના વર્તનમાં આવું કાંઈ લાગે નહીં. પિરાન્દેલોએ પણ આવો સિસિલિયન મરદ તો નહીં જ કલ્પ્યો હોય.





આગ્રિજેન્તોમાં અકબંધ રહેલો એક પ્રાચીન ગ્રીક સ્થાપત્યાવશેષ તથા (જમણી બાજુ)
દેવી ડાયેનાનું પ્રાચીન ખંડિત મંદિર·ફોટો - પ્રીતિ સેનગુપ્તા

પણ માફિઓઝી ('માફિઆનું બહુવચન) ઈટાલીની બહુ કઠોર વાસ્તવિકતા છે. સિસિલી અને નેપલ્સની નજીકમાં જ્યાં એમનો અત્યાચાર સૌથી વધારે છે ત્યાં ૧૯૮૯ના વર્ષમાં ૯૪૦ જેટલાં ખૂન એમને કારણે થયાં મનાય છે - કુલ ૧૪૦૦માંથી. ને ૧૯૯૦ના પહેલા ૮-૯ માસની અંદર આ વિસ્તારમાં ૩૫૦ ખૂનની ગણતરી એમનાં અંદરોઅંદરના વિખવાદ ને વેરને નામે થઈ ગઈ છે. પુખ્ત ઉંમરના ગુંડાઓ ઉપરાંત બારથી પંદર વર્ષની કાચી વયના કિશોરોને પણ ચોરી, લૂંટ, માદક તત્ત્વોનાં વેચાણ અને ખૂનનાં કામોમાં સંડોવવામાં આવે છે. તાજેતરમાં 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ'માં આવેલા એક લેખ પ્રમાણે તો 'મુશિલ્લી' અથવા 'નાનકડાં જીવડાં' કહેવાતા આ કિશોર ગુનેગારો નવ ને દસ વર્ષના પણ જોવા મળે છે. હજારોની સંખ્યામાંના આ છોકરાઓ બીજી કોઈ શાળા, બીજું કોઈ જીવન જાણતા જ નથી. સિસિલીમાંના માફિઓઝી નિર્દોષોને, સ્ત્રીઓને ને બાળકોને હાથ લગાડતા નથી. આ એમનાં નૈતિક મૂલ્યોમાં છે. પણ નેપલ્સમાંના ક્રૂર-પંથીઓમાં વ્યવસ્થા ને શિસ્ત ઘણાં ઓછાં છે, ને તેથી એ લોકો વધારે હિંસ્ર છે, એ કોઈ મૂલ્યોથી બંધાયેલા નથી.

ઈટાલીની સરકાર માટે આ ખૂબ મોટી સમસ્યા છે. કાયદા, પોલીસ તેમજ ધર્મમાંના અગ્રણીઓએ રાષ્ટ્રપ્રમુખ પર ખૂબ દબાણ મૂક્યું છે. આ ધૃણાસ્પદ અત્યાચારોને અટકાવવા સરકારે હજી વધારે કડક પગલાં લેવાની જરૂર છે.

કોઈ એક માફિયા-કેસમાં નિમાયેલા એક મેજિસ્ટ્રેટનું કરપીણ ખૂન આગ્રિજેન્તો શહેરના રસ્તા પર કરવામાં આવ્યું હતું - '૯૦ ના ઉનાળાના અંતભાગમાં. એના થોડા મહિના પહેલાં એ રસ્તાઓ પર હું ફરી આવેલી. પહાડ પર વસેલું એ ગામ - ના, શહેર - આ સંદર્ભોને લીધે કંપાવતી યાદ બને છે.

પણ દેશના ગૌરવાન્વિત ઈતિહાસમાં, અને વિશ્વના પ્રવાસ-પ્રેમીઓ માટે આગ્રિજેન્તો (Agrigento) પ્રાચીન સ્થાપત્ય-ધન ધરાવતું અતિ વિશિષ્ટ સ્થાન છે.

આગ્રિજેન્તો ત્રણ સ્તરોમાં વિસ્તરેલું છે. છેક ઉપર મૂળ, મધ્યયુગીય કેન્દ્રભાગ ; એનાથી નીચેના ઢોળાવોના પરિઘ પર આધુનિક શહેર; ને દૂર, એથી યે નીચે, ઈ.પૂ. પાંચમી સદીમાં વસેલા ગ્રીક શહેરનાં અસ્થિશેષ. એને 'મંદિરોની ઉપત્યકા' કહે છે. જોવાલાયક ખાસ સ્થાન અહીં આ જ છે, ને તે પણ નવા, વાહન-વ્યગ્ર માર્ગોને લીધે અશાંત બન્યું છે. આધુનિક આગ્રિજેન્તોનાં નવાં, ઊંચાં મકાનો દૂર દેખાય છે. આ નિર્માણોન્માદ પર્વતીય

વેન્ડેટા, કેમોરિસ્ટ અને માફિઓઝી

દરેક પ્રજામાં જલ્દી નરી આવે એવી કેટલીક પેઢીઉતાર સાંસ્કૃતિકરસી લાક્ષણિકતાઓ જોવા મળે છે. આ રીતે દક્ષિણ ઇટાલી, સિસિલી, સાર્ડિનીઆ અને કોર્સિકાની ગુંડાટોળીઓ સદીઓથી કુખ્યાત રહી છે. દાદાગીરી, દાણચોરી, લૂંટફાટ, વેરની વસૂલાત, બ્લૅક મેલિંગ વગેરે ગેરકાનૂની બધી પ્રવૃત્તિઓ એ એમની ખાસિયત રહી છે. વેન્ડેટા, કેમોરા અને માફિયા નામે ઓળખાતાં એમનાં ત્રણ સંગઠનો આ માટે વિશેષ જાણીતાં રહ્યાં છે. વેન્ડેટા એ મૂળ તો રાજખટપટોમાંથી ઊભું થએલું એક ગુપ્ત દળ હતું. અંદરોઅંદરનાં વેરઝેરને પેઢી-દર-પેઢી સંઘરી રાખી 'ખૂન કા બદલા ખૂન'માં માનનારું આ દળ રાજકીય પલટાઓ સાથે ધીરેધીરે વીંખાઈ ગયું. પણ એ વેરવૃત્તિ તો ઓછા-વધતા પ્રમાણમાં ફેલાઈ જ ગઈ.

કેમોરા એ ૧૯મી સદીમાં રચાએલું આવું જ એક ગુપ્ત કે અર્ધગુપ્ત સંગઠન હતું. ૧૮૨૦માં એ જાણીતું થએલું. આ નામનું મૂળ સ્પષ્ટ નથી, પણ સ્પેનયાર્ડો દ્વારા નેપલ્સમાં તેનો આરંભ થયાનું મનાય છે. કેમોરા એ સ્પેનિશ શબ્દ છે, જેનો અર્થ થાય છે ટંટોફિસાદ. નેપલ્સમાં આ લોકો જાહેરમાં આવ્યા અગાઉ ઘણા લાંબા કાળથી સ્પેનમાં કાર્યરત હતા એવું મનાય છે. ફ્રાંસના બૂર્બોન રાજવંશે સ્પેન અને નેપલ્સ સુધી પોતાની આણ વિસ્તારેલી. નેપલ્સમાં એમના કારાગારમાં કેદીઓ પર થતા ભારે અત્યાચારો સામે ત્યાંના દરોગાઓ પર દાઝ વાળવા કેદીઓએ એક ગુપ્ત સંગઠન રચેલું. કાળાંતરે જેલમાંથી છૂટ્યા પછી યે તેઓએ પોતાની એકતા જાળવી રાખી અને ટોળીઓ બાંધી શહેરમાં લોકોને રંજાડવા લાગ્યા. એકબીજાના સંપર્ક માટે તેઓમાં સંકેતો પણ પ્રચલિત હતા. જેમ કે પોલીસ આવતો દેખાય તો તેઓ બિલાડીની જેમ મ્યાઉં જેવો અવાજ કાઢી પોતાના બીજા સાથીઓને જાણ કરી દેતા. કોઈ એકાદ શિકાર આવે તો કૂકડા જેવો અવાજ કાઢતા . આવનાર એકલો ન હોય તો લાંબો નિસાસો નાખતા અને જો આગંતુક પાછળ શક્તિ કે સમય વેડફવા જેવું ન લાગે તો છીંકતા. ધીરેધીરે તેમની ટોળીઓ જામતી ગઈ અને તેમણે લૂંટફાટ ઉપરાંત દાણચોરી અને બ્લૅકમેલ વગેરે જેવી પ્રવૃત્તિ પણ વધારી દીધી. આગળ જતાં એમનું ચલણ એટલું બધું વધી ગયું કે સમાજમાં મોટા ગણાતા લોકો પણ તેમનો સાથ લેવા લાગ્યા. એમની દાણચોરીની પ્રવૃત્તિમાં મોટા અમલદારો, રાજકુંવરો, જાગીરદારો અને દેવળના અધિકારીઓ પણ ભળતા. નેપલ્સનું વહીવટીતંત્ર પણ આવી ગેરકાનૂની પ્રવૃત્તિઓને માફક આવે એવું હોઈ આ લોકોનું વર્ચસ વધુ ફેલાયું હતું. મોટા વેપારીઓ પણ પોતાના માલની સલામત હેરફેર માટે કેમોરાની મદદ લેતા. ક્યારેક ઝટ નહિ ઉકેલાતા ગુનાઓની તપાસમાં પોલીસતંત્ર પણ તેમની મદદ લેતું.

ઇ. ૧૮૪૮ પછી તો આ લોકોએ રાજકારણમાં પણ પ્રવેશ કર્યો. ૧૮૬૦માં ફ્રાંસિસ બીજાએ નવું બંધારણ આપ્યું ત્યારે મોટી સંખ્યામાં ઘણા કેમોરિસ્ટ કેદીઓને પણ મુક્તિ મળી ગઈ. આથી તો એમની સત્તા વ્યાપક બની ગઈ. ચૂંટણીમાં યે એમણે હસ્તક્ષેપ કરવા માંડ્યો, અને કેટલોક કાળ ચાલેલી આ અંધાધૂંધી એટલી તો વધી ગઈ કે શાસનને તેની સામે આકરાં પગલાં લેવાં પડ્યાં. ૧૮૭૭માં એમને નાબૂદ કરવા વધુ દૃઢ પગલાં લેવાયાં ને સંખ્યાબંધ કેમોરિસ્ટોની ધરપકડ થઈ. ૧૯૦૧ સુધીમાં તેમની પકડ ઘટી ગઈ.

આવું જ ત્રીજું દળ માફિયાઓનું આજે તો દુનિયાભરમાં જાણીતું બની ગયું છે, એટલું જ નહિ, એમની રીતરસમ પ્રમાણે લગભગ દરેક દેશમાં આવી ગુંડાટોળકીઓ કામ કરતી થઈ ગઈ છે. દક્ષિણ ઇટાલી પરના નેપોલીઅનના આક્રમણ પછી ઇટાલીમાં વ્યાપેલી અરાજકતાના કાળમાં સિસિલીના જાગીરદારો પોતાની જાગીર પરના લોકો પર દાબ રાખવા કેટલાક માથાભારે માણસો રાખતા. ગરીબ કામદાર લોકો પર આ માણસો બધા જ પ્રકારના જુલ્મો આચરતા. આગળ જતાં એમની હિંમત વધી જઈ તેઓની ટોળકી રચાઈ અને એમને રોકનાર એમના માલિક જાગીરદારો ઉપર પણ તેઓ દાદાગીરી કરતા થઈ ગયા.

ધરાને અશક્ત બનાવી રહ્યો છે. ફસકી પડતી જમીનથી ૧૯૭૬માં આ અમૂલ્ય સ્થાપત્યો માંડ બચ્યાં હતાં.

પહેલી વાર તો આ પુરાતત્ત્વ વિભાગ સુધી હું ચાલતી જ ગઈ, કેટલું દૂર છે એનો ખ્યાલ નહીં. રસ્તો ખોતી, ધારતી, પૂછતી; પગથિયાં ઊતરતી; અમળાતા, અદય, અંત વગરના માર્ગે થતી છેવટે હું ખીણનાં મેદાનો પાસે પહોંચી. પાંચેક કિ.મી. તો જરૂર હશે. વચમાં વરસાદ પડતો રહ્યો હતો. એકવાર તો બેસીને મેં કૉફી ને કેક પણ ખાધાં હતાં. રસ્તો લગભગ ખૂટ્યો ત્યારે વરસાદ પણ બંધ થયો. વામકુક્ષીનો સમય પૂરો થયો હતો; ને ગ્રીક મંદિરની રોજિંદી અવગણના કરતાં વાહનો વધી ગયાં હતાં.

સંગ્રહાલય બંધ હતું. કારણ તો કોને ખબર. બસ ભરીને આવેલાં પ્રવાસીઓ પણ હતાશ થયાં. પાછલી બાજુ પર અર્ધગોળ ગ્રીક થીએટર હતું. સામે બીજા બધા ભગ્નાવશેષોનો પ્રસ્તાર હતો. એ 'મંદિરોની ઉપત્યકા' હતી. પ્રાચીન પાષાણો અને ધરાનો એક સરખો પીળચટ્ટો રંગ હતો. કળા અને કુદરતનો સરસ સમન્વય થતો હતો . સ્તંભખંડો અને ભગ્ન મંદિરોના આ રુચિર પુરમની વચમાં એક અતીવ સૌષ્ઠવપૂર્ણ, લગભગ અક્ષત, ગૌરવમંડિત ઈમારત હતી. એનું નામ કૉન્કૉર્ડનું મંદિર છે. નામનો ખાસ કોઈ અર્થ નથી, ને અંદર કોઈ મૂર્તિ પણ નથી. પણ આગ્રિજેન્તોનાં નવ-પરિણીત યુગલોમાં ત્યાં લગ્નને દિવસે જઈ આવવાની પ્રથા છે.

કદાચ આ ભવન ઈ.પૂ. ૪૩૦માં બનેલું. કાર્થાજની સાથેના યુદ્ધમાં પણ એ બચી ગયેલું. સાત મીટર ઊંચા ૩૪ સ્તંભ અકબંધ છે, ને એનાં ત્રિકોણાકાર શિખર સપ્રમાણ છે. છતાં જર્જરિત થયેલાં એનાં અંગો પર સમારકામ કરવાના હેતુથી એની આસપાસ જાળી ને વીજળીના તાર બાંધી દેવાયા છે.

સૂર્યના રાસાયણિક સ્પર્શથી, તપેલા સુવર્ણના બનેલા લાગતા ચૂનાના પથ્થરના આ ખંડેરો ઉપર એ સાંજનો સૂર્ય અંચળ ફેલાવી રહ્યો હતો. અપૂર્વ હતું એ સંસ્થાન. પણ કેમેરા ક્યાં હતો ? ફરીથી કેમેરા લઈને ગઈ. બધી બાજુથી કૉન્કૉર્ડ (concord)ના ફોટા લીધા. ઑલિવનાં ઝાડ ને બીજાં ઝાંખરાંની વચ્ચેથી એનો મહદાકાર વિશિષ્ટતમ લાગતો હતો. એ બીજી વાર ગઈ ત્યારે પ્રવાસીઓની બહુ ભીડ નહોતી, અને અલબત્ત, એ બીજી વાર બસ લઈને પહોંચી હતી.

આગ્રિજેન્તો ગામમાં ચાલવાની મને બહુ મઝા પડી. એક વાર હું દુઓમો જોવા નીકળી. એ ગામને બીજે છેડે હતું. હોટેલની બાઈએ કહ્યું કે

એમનું સંખ્યાબળ બહુ નહોતું, પણ એમની એકતા એટલી દૃઢ હતી કે કોઈપણ ગુનો કરતાં તે ખચકાતા નહિ. જાગીરદારો પાસે પોતાના મનમાન્યા માણસને જ તેઓ નોકરીમાં રખાવતા, ખેતરોમાં ઊપજતા પાકમાંથી મનમાન્યો ભાગ પડાવતા. પાકની લેવેચમાં પણ એમનો હસ્તક્ષેપ રહેતો. લગભગ બધાં જ ક્ષેત્રોમાં તેઓ પોતાના મનસ્વી નિર્ણયોનું પાલન બળજબરીથી ઠોકી બેસાડવા લાગ્યા. આમાંથી એમનામાં અંદરોઅંદર વિખવાદો પણ થતા અને એનાં વેર વાળવા માટે તેઓ પોતાની રીતે બધું જ - લૂંટ ખૂન વગેરે - કરતાં યે ખચકાતા નહિ.

એમની પોતાની કેટલીક રસમો પણ હતી. પોતાના વિખવાદો માટે તેઓ કદી અદાલતનો આશરો લેતા નહિ, કદી કોઈનો ઉપકાર સ્વીકારતા નહિ, પોતાના વેર-વટક પોતાની રીતે જ વાળતા અને આ અંગે કદી મોં ખોલતા નહિ. વેરની વસૂલાતને એ પોતાનો હક ગણતા. ધીરેધીરે તેઓ સિસિલીના અનધિકૃત સત્તાધારી બની બેઠા હતા. એમનું વર્ચસ્ એટલું તો વધી ગયું કે શાહી સૈન્યના અધિકારીઓ પણ તેમનાથી દબાતા રહેતા. ૧૮૭૦માં ઇટાલીની સરકારે સિસિલી પરના આ લોકોના વર્ચસને તોડવા આકરા પ્રયાસો કર્યા, કારણ ત્યાં તેઓ રાજકારણ અને ચૂંટણીમાં પણ હસ્તક્ષેપ કરવા માંડેલા. કટાનિયામાં ૧૫૦ જેટલા માફિઓઝી પકડાયેલા જેમને દેશપાર કરવામાં આવ્યા ને તેને પરિણામે એમનું દૂષણ જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં પણ ફેલાયું. ૧૮૬૦-૭૦ના અરસામાં તેઓ ધાણચોરી, લૂંટફાટ અને હત્યાઓ કરતા અને પાલેર્મો તથા તેની આસપાસના વિસ્તારમાં એમનું વિશેષ વર્ચસ્ હતું. પછી તો તેઓ ઇટાલીમાં પણ ફેલાઈ ગયા હતા. ૧૮૯૦ના ઑક્ટોબરમાં ન્યૂ ઓર્લીઅન્સના પોલીસવડા ડેવિડ હેનેસીનું ખૂન થયું. તેને લગતી ઊંડી તપાસમાં જાણવા મળ્યું કે આ કૃત્ય માફિયાઓનું હતું અને ત્યાં તો તેઓ પાછલા ત્રણ દાયકાથી ફેલાઈ ગયા હતા. ન્યૂ ઓર્લીઅન્સમાં વસતા ઇટાલિયનોની એક ટોળીને એમના જ દેશની માથાભારે માણસોની એક બીજી ટોળી સાથે લડાઈ થએલી અને એની સામેની આકરી કારવાઈના કારણે જ હેનેસીની હત્યા થએલી. અગિયાર જેટલા ઇટાલિયનો પર આ હત્યા અંગે શંકા હતી. એમના પર અદાલતી કામ પણ ચાલ્યું. પણ જ્યૂરી પરના ભારે દબાણને કારણે આમાંના કેટલાક છૂટી ગએલા. ૧૮૯૧ની ૧૪મી માર્ચે ન્યૂ ઓર્લીઅન્સના જાણીતા કહેવાતા નાગરિકોનું એક ટોળું જેલમાં પેસી જઈ કેટલાક ઇટાલિયન કેદીઓને નસાડી ગએલું. અલબત્ત, આની પાછળ માફિયાઓનો જ હાથ હતો.

ઇ. ૧૮૭૪-૭૫માં પણ ઇટાલીની સરકારે તેમની પ્રવૃત્તિઓને ડામવા પ્રયાસો કરેલા. ૧૯૨૮માં મુસોલિની તથા પાલેર્મોના સિઝારો મોરીએ તેમની પ્રવૃત્તિઓ પર સારો એવો દાબ બેસાડી દીધેલો. પણ હજી સુધી એમનું સંગઠન તદ્દન નેસ્તનાબૂદ થઈ શક્યું નથી.

અમેરિકામાં તેઓનું સંખ્યાબળ લાખોની ઉપર છે. 'કોસા નોસ્ટ્રા' તરીકે પણ ઓળખાય છે. કેવળ ઇટાલિયન મૂળના લોકોનું જ આ સંગઠન છે, બીજા કોઈ તેમાં જોડાઈ શકતા નથી. એમનું સંગઠન એક કુટુંબ તરીકે જ કામ કરે છે. આવા દરેક કુટુંબનો પોતાનો એક વડો - કેપો - હોય છે. ન્યૂ યૉર્ક, શિકાગો તથા બીજાં મુખ્ય શહેરોમાં મળી આશરે બાર જેટલા કેપો ત્યાં સત્તા ભોગવે છે. પૈસા લઈને લોકોને રક્ષણ આપવાથી માંડીને, જુગાર, દાણચોરી, ડ્રગ્સની હેરાફેરી અને ધંધાદારી હત્યાઓ વગેરે એમની મુખ્ય પ્રવૃત્તિ છે. દરેક ક્ષેત્રમાં એમના હાથ ફેલાએલા હોઈ એમની બહુ મોટી વગ છે. એમની ધાકને કારણે એમની સામેની સરકારી કારવાઈઓમાં કોઈ સાક્ષી આપવા પણ આગળ આવતું નથી. નાગરિક જીવનનાં લગભગ બધાં જ ક્ષેત્રોમાં સીધી કે આડકતરી રીતે તેમની વગ અને ધાક જામેલી છે. એમનું સંગઠન પણ એટલું ચુસ્ત છે કે એમનો કોઈ પણ સભ્ય ગદ્દારી કરી શકતો નથી તેમજ બહારની કોઈ પણ સત્તા તેમને કાબૂમાં લઈ શકતી નથી. પોતાનું સ્વાર્થી હિત સાધવા એમને આશરે ગયેલ કોઈપણ માણસ પછી એમના સકંજામાંથી છૂટે એ લગભગ અશક્ય છે. આના પગલે આજે તો દુનિયાભરમાં આવી સુગઠિત ગુંડાગીરી ફૂલીફાલી છે.

બિ.

ત્રણ-સાડા ત્રણ કિ.મી. હશે. નકશામાં જોઈએ તો ખૂબ પગથિયાં દેખાય, અને ગલીઓની ગુંચવાયેલી ભૂલભુલામણી. છતાં ગઈ. જવાનું તો હતું જ ને.

મુખ્ય નગરચોકમાંથી નીકળીને એ દિશામાં જાઓ એટલે એક રસ્તો પકડવાનો. 'વિઆ આર્તેનિયા' - એ જ બજારનો મુખ્ય માર્ગ. ઘણી દુકાનો અને કાફે. સૂટ પહેરેલા પુરુષો ઊભા રહેલા દેખાય, જાણે કશું બનવાની રાહ ના જોતા હોય ! જોકે એવું માની શકાય કે આસપાસની ઑફિસો ને બૅન્કોમાં કામ કરતા હશે, ને વિરામના સમયમાં બહાર નીકળ્યા હશે. ઈટાલીમાં કૉફી, કાફે, અને કૉફી-બ્રેકનું માહાત્મ્ય ઘણું. એણાં પણ જો પીનારાં બહુ ચોક્કસ અને શૉખીન હોય તો તો પૂછવું જ શું ! કૉફી બનાવવાની એક કળા છે, ને એક જાતનો કર્મકાંડ પણ છે. કઈ કૉફીના કેવા દાણા લેવા; એમને આછા-ઘેરા, ઓછા-વધતા કેટલા અંશે શેકવા - લાકડાંના તાપ પર કે વીજળીની અવનમાં, એ પણ મતભેદનો વિષય; દાણા દળવાનું મશીન પણ અગત્યનું ને એમને કેટલા કકરા કે સુંવાળા વાટવા તે પણ અગત્યનું.

કૉફી બનાવતું મશીન પણ મોટો ભાગ ભજવે. વળી, કપ બાજુમાં પડ્યા પડ્યા ગરમ થતા હોય. આ બધી શરતો બરાબર હોય, ને પાણી પણ જો અમુક રીતે ઊકળ્યું હોય તો મશીનમાંથી બહાર આવતી કૉફી સુગંધી, સ્વાદિષ્ટ, ઉપર સરસ ફીણવાળી, કોઈ ક્ષતિ વગરની હોય; ને એ સંપૂર્ણ સંતોષકારક પીણું બને. આવી રીતની કૉફી બનાવાતી હોય તેવાં કાફેની ખ્યાતિ શહેરની બહાર, દેશની બહાર પણ પ્રસરે, ને ક્યારેક ફૅન્સી સામયિકોમાંના લેખોમાં પણ ઉલ્લેખ પામે.

વિઆ આર્તેનિઆ પરના કાફે પાસેથી શ્રેષ્ઠ કૉફીની આશા રાખવી ખોટી, ને આવી સૂક્ષ્મ જાણકારી કે શૉખ પણ બધાંને ના હોય. ને એ પુરુષો શું કામ રસ્તામાં ઊભા રહેતા હતા તે કોને ખબર. રસ્તા પર ઘણી ગાડીઓ હતી. ગાડીઓ તો ઇટાલીમાં બધે જ. ને ફિઆટનાં જૂનાં અને નવાં મૉડેલ જોવા મળે. સરસ નામવાળી, ઇટાલીની બહાર ખાસ ના દેખાતી. 'આલ્ફા રોમેઓ' જોઈને શરૂઆતમાં તો બહુ ખુશી થઈ; પછી જોઈજોઈને એની નવાઈ ઓછી થઈ ગઈ !

અચાનક જોયું તો ચારે તરફ સરકારી મકાનો હતાં; ડિપાર્ટમેન્ટ ઑફ કૉમર્સ, પૅલેસ ઑફ જસ્ટિસ, પોલીસ સ્ટેશન, મ્યુનિસિપાલિટી - શું દૃશ્ય હતું ! લોકો, લોકો ! અફસરો, વકીલો, સંત્રીઓ, પોલીસો, ગાડીચાલકો, રાહદારીઓ ! કેટલાયે લોકોને ગાડી ઊભી રાખવી હતી, કેટલાકને આગળ જવું હતું. સાંકડા રસ્તા વધારે સાંકડા બનતા હતા, ને પછી હૉર્ન, ધાંટાધાંટ, હાથના હાવભાવ ! મરણિયાપણું ! ત્યાં આ રોજની જિંદગી હતી. નાની જગ્યાને ગાડીઓની વચ્ચેથી સરકી જતી પાદચારી અને ટૂંકા સમય માટે ફરવા આવેલી પ્રવાસી તરીકે મને એ બધા લોકોની દશા પર ખાસ્સું હસવું આવતું રહ્યું. હું તો એક નિરીક્ષક હતી, ત્યાંના નાગરિકોના જીવનની સહભાગી નહોતી.

દુઓમો કઈ તરફ છે તે પૂછતી પૂછતી હું આગળ વધતી રહી. જમણે 'વિઆ બાક બાક' પર વળવાનું હતું. હું ધીરેધીરે ત્યાંની જીવન-સરણીને જોતી જોતી ગઈ. મોટે ભાગે બધી નાનકડી, મકાનોના પડછાયાથી છાંયડાવાળી બનેલી શેરીઓ હતી. મોટે ભાગે નિર્જન, ને નિર્જીવ પણ જાણે. ઊપટી ગયેલા જેવા, જૂના પીળચટ્ટા રંગની દીવાલો હતી. એમના જૂના દરવાજાઓ બંધ હતા. પાછળ ચૉક અને મેડીઓ હશે, ને નાગરિકોનાં જીવનનાં હાસ્ય-રુદન પણ. ક્યાંક ક્યાંક બારણાં અરધાંક ખોલીને આધેડ કે વૃદ્ધ સ્ત્રીઓ ડોકિયાં કરી રહેલી દેખાતી. શેરીઓમાંનું થોડુંઘણું હલનચલન જોવું, એ પ્રવૃત્તિ જ એમને માટે બાકી રહી હશે.

મોટા ભાગની આ સ્ત્રીઓ કાળા પોષાકમાં હતી. મેં તો એમને વિધવાઓ જ ગણી લીધેલી. પછી પૂછતાં કોઈએ કહેલું કે સધવાઓ પણ અમુક સમાજ ને અમુક કુટુંબમાં કાળાં કપડાં પહેરતી હોય છે. પણ રંગીન કપડાં પહેરેલી આધેડ સ્ત્રીઓ પણ મેં જોઈ. જે હોય તે, પણ સદ્ભાગ્યે બધીઓએ મને એમના ફોટા પાડવા દીધા. સિસિલીની સ્ત્રીઓના ફોટાનો સરસ સંગ્રહ થયો છે મારી પાસે. એક વૃદ્ધા ઢાળ ચડતી હતી. એના હાથમાં સફેદ અને લાલ ગુલેઅનાર ફૂલોનો ગુચ્છ હતો. એના કાળા પરિવેશની સામે આ રંગ સરસ લાગતા હતા. મને થયું, ઘર માટે ફૂલો લઈ જતી આ બાઈનું ઘર કેવું હશે, જીવન અને મન કેવાં હશે ? મેં એનો ફોટો લેવા માગ્યો. એ કહે, 'મારો ?' એને નવાઈ લાગી, એને સંકોચ થયો. એનાથી પણ એના મનનો પરિચય મને મળ્યો. એ ઉંમરલાયક, સામાન્ય સ્ત્રી હતી; આ સહજ સંકોચથી એ સુંદર લાગી. શરમાળ સ્મિત સાથેનો એનો ફોટો મેં પાડ્યો, અને 'ગ્રાત્સિઆ' કહી વિવેક સાથે એનો આભાર માન્યો.

શાંત અને શરમાળ વૃદ્ધા, સ્પર્શી ગઈ એ મને. કેવું હશે એનું જીવન ? કોણ કોણ હશે એના કુટુંબમાં ?

ગલીઓ પણ શાંત હતી, તેથી સરસ લાગી. ઠંડકવાળી પણ હતી. દુઓમો સુધી પહોંચી, ને જોયું કે એનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો હતો. મુખ્ય દ્વાર બંધ હતાં. પણ બાજુનો દરવાજો ખુલ્લો હતો. અંદરનો અડધો ભાગ પડદા પાડીને બંધ કરાયો હતો, ને સમારકામ માટેનું માળખું બંધાયું હતું. દુઓમો ૧૮મી સદીમાં બંધાયો હતો. એનું સ્થાપત્ય લાક્ષણિક બારોક હતું. પણ ઘણું અનાકર્ષક, છત ઘેરા ભૂરા અને સોનેરી રંગે ચીતરેલી હતી. હું તરત બહાર જતી રહી.

સામે ખ્રિસ્તી પાદરીઓ માટેનો નિવાસ હતો. ચોકમાં થઈને નિવાસ સુધી બે કાળા, યુવાન પાદરીઓ જતા હતા. આફ્રિકાના હશે, પણ વર્ષોથી હશે. એમની ગતિમાં પરિચિતતા અને આત્મવિશ્વાસ હતાં. આ સ્થાન એમનું હતું, એ સ્પષ્ટ હતું. બાકી તો રસ્તા પર ઘણા આફ્રિકનો નાની, સસ્તી ચીજો વેચતા હોય છે, ટોળે વળી ઊભા હોય છે. એ બધા હજી બહારના લાગે છે. ઇટાલીમાં થાળે પડેલા લાગતા નથી.

નીચે જતાં બીજી શેરીઓ લીધી. બધું શાંત, ખાલી, જૂનું. જલદી ઊતરી આવી. વચમાં ફરી એ જ પોલીસ મળ્યો, જેને ઉપર જતાં રસ્તો પૂછ્યો હતો. એને મેં કહ્યું કે દુઓમો જોઈ આવી !

આગ્રિજેન્તોથી પાલેર્મો જતાં એવી જ સૂની, સૂકી ધરતી હતી. ક્યાંક કથ્થાઈ, ક્યાંક તીક્ષ્ણ શિખરો. બેએક સાવ સૂકી નદીઓ ગઈ, દૂર એક નવો પુલ બંધાતો હતો. ગાડી ઉત્તરે જતી હતી પછી પશ્ચિમ તરફ વળી - એકદમ કિનારે. મધ્ય-સિસિલી તો જાણે ક્યાંયે રહી ગયું.

કિનારો ખડકાળ હતો. સફેદ ફીણવાળાં મોજાં અથડાતાં હતાં. નાનાં કેટલાંક ગામ પણ સાવ દરિયા પર વસ્યાં હતાં. ક્યાંક તટ પટ ઊગેલા ઘાસને લીધે પાણી બદામી રંગનું લાગતું હતું. પણ તે સિવાય સમુદ્ર ઉજજ્વલ-પ્રસન્ન હતો. અને ભૂરો ભૂરો હર્ષોન્મત્ત એ હતો ભૂમધ્ય. □

કથાસરિત્સાગર

કનુભાઈ જાની

લંબક બીજો, તરંગ બીજો

કૂચમાં ઠીક ઠીક દૂર ગયા પછી એ દિવસે તો રાજાએ અરણ્યમાંના કોઈ સરવરતીરે પડાવ નાંખ્યો. થાક્યોપાક્યો રાજા સૂવા ગયો ત્યાં, સાંજે સેવાર્થે ઉપસ્થિત સંગતક નામે કથામાંડનાર[1]ને રાજા કહે, 'મૃગાવતીનું કમળ જેવું મોં જોવાનો લ્હાવો લેવા હું તલસું છું; માટે મારા મનને કાંઈક આનંદ મળે એવી કોઈ કથા માંડ.' ત્યારે સંગતક બોલ્યો, 'દેવ, તમે સંતાપ નકામો કરો છો. શાપ જતાં જ હવે તો તમારો એ દેવી સાથેનો મેળાપ થયો જાણો. માણસોને સંયોગ ને વિયોગ તો બહુએય આવે. (લો,) એની જ એક કથા કહું, સાંભળો પ્રભુ !'

શ્રીદત્ત અને મૃગાંકવતીની કથા

માળવામાં યજ્ઞસોમ નામે એક બ્રાહ્મણ હતો. એ ભલા માણસને બે પુત્રો, બહુ લોકચાહનાવાળા. એમાંથી એક કહેવાતો કાલનેમિ, બીજો વિગતભય નામે ઓળખાતો. પિતા સ્વર્ગે સિધાવ્યા; બન્ને ભાઈઓ ત્યારે શૈશવ વિતાવી ચૂક્યા હતા. એટલે વિદ્યાપ્રાપ્તિ માટે પાટલિપુત્રનગરે ગયા. ત્યાં વિદ્યા મેળવી ચૂક્યા ત્યારે ગુરુ દેવશર્માએ પોતાની બે પુત્રીઓ આપી - જાણે બીજી વિદ્યાની મૂર્તિઓ જ જોઈ લો એવી.

પછી બીજા કૈંકને ગૃહસ્થાશ્રમમાં ધનાઢ્ય થઈ જતાં જોઈને, ઈર્ષ્યાથી, કાલનેમિએ હોમથી લક્ષ્મીને આરાધવાનું વ્રત લીધું. એ પણ પ્રસન્ન થઈ, સાક્ષાત પ્રકટ થઈને કહે, 'તું ઘણું બધું વિત્ત મેળવીશ - અને પુત્ર પણ - ને તેય પૃથિવીપતિ. પરન્તુ છેવટે ચોરની માફક તારો વધ થશે. કારણ કે, તેં અગ્નિમાં જે આહુતિઓ આપી તે તો ઈર્ષ્યાથી કલુષિત થયેલે ચિત્તે આપી.' કહીને લક્ષ્મીજી અન્તર્ધાન થઈ ગયાં. કાલનેમિ પણ વખત જતાં બહુ મોટો ધનવાન થઈ ગયો. એને થોડા દિનો બાદ એક પુત્ર પણ થયો, અને પિતાના મનોરથ પૂર્ણ થયા. શ્રીના વરદાનથી થયો હતો તેથી તે પુત્રનું નામ રાખ્યું શ્રીદત્ત . વખત જતાં એ મોટો થયો. શ્રીદત્ત બ્રાહ્મણ હોવા છતાં અસ્ત્ર ને બાહુબળમાં પણ જગતમાં અજોડ હતો. કાલનેમિના બીજા ભાઈ વિગતભયની પત્નીને સાપ કરડતાં, એ (ગુજરી) જતાં એની પાછળ તીર્થયાત્રી બનીને એ દેશાન્તરે નીકળ્યો.

ગુણજ્ઞ રાજા વલ્લભશક્તિએ શ્રીદત્તને પોતાના કુંવર વિક્રમશક્તિનો મિત્ર બનાવ્યો. એટલે એને વળી એ અભિમાની રાજપુત્ર સાથે સહવાસ કરવો પડ્યો - જેમ બાલ્યાવસ્થામાં બળવાન ભીમને પણ દુર્યોધન સાથે થયું હતું તેમ (થયું). વળી અવન્તિના બે ક્ષત્રિયો સાથે પણ એ વિપ્રને મૈત્રી બંધાઈ અને બાહુયુદ્ધમાં જિતાયેલા દક્ષિણના બીજા પણ કેટલાક ગુણજ્ઞ મન્ત્રીપુત્રોએ મિત્ર તરીકે એનો આશ્રય લેવાનું સામે ચાલીને પસંદ કર્યું. મહાબલ ને વ્યાઘ્રભટ, ઉપેન્દ્રબલ અને વળી નિષ્ઠુરક નામે વ્યક્તિને પણ - એમ ઘણાને એની મૈત્રી બાંધી. હવે, એક વાર વર્ષાઋતુમાં આ રાજપુત્રમિત્ર શ્રીદત્ત પેલા અન્ય મિત્રો સાથે ફરવા માટે ગંગાતટે ગયો. ત્યાં રમતાં રમતાં રાજસેવકોએ પોતાના રાજપુત્રોને (રમતમાં) રાજા બનાવ્યો, કે શ્રીદત્તના મિત્રોએ તરત જ એને રાજા બનાવ્યો. એટલે મિજાજ જતાં એ મદછકેલ રાજપુત્રે પેલા વિપ્રવીર (શ્રીદત્ત)ને મેદાનમાં આવી જવા લલકાર્યો. પછી, શ્રીદત્તથી બાહુયુદ્ધમાં પરાજિત થતાં, અને પોતે અપમાનિત થતાં, એણે આગળ વધી જનારનો વધ કરવાનું મનથી નક્કી કર્યું. પરંતુ એનો નિશ્ચય જાણી જતાં, સાશંક શ્રીદત્ત એના મિત્રો સાથે રાજપુત્રથી છૂટો પડી ગયો.

છૂટા પડતાં, એમણે ગંગાના પ્રવાહમાં એક સ્ત્રીને તણાતી જોઈ - જાણે સાગરની લક્ષ્મી ઉપાડીને પાણીનું પૂર ચાલ્યું ! એટલે શ્રીદત્તે પાણીનાં પૂરમાંથી એને ઉગારી લેવા, ષડ્બાહુ વગેરે છ મિત્રોને કાંઠે ગોઠવી, પોતે પાણીમાં ઝંપલાવ્યું, એણે એને ચોટલેથી ઝાલી લીધી તો ખરી, પણ એ તો ઊંડાં પાણીમાં ઊતરતી ચાલી, એટલે એ વીર પણ એને અનુસર્યો. પાણીમાં ઊંડે સરક્યો એટલામાં ડૂબતાં ડૂબતાં એણે એક ક્ષણમાં જોયું એક શિવમંદિર! ન મળે પાણી કે ન મળે પેલી સ્ત્રી ! એ મોટું આશ્ચર્ય જોઈ, થાકેલા શ્રીદત્તે શિવજીને નમન કરી, ત્યાંના સુંદર બાગમાં જ (એ) રાત પસાર કરી. પ્રાતઃકાળે પેલી દેખાઈ, દેવને પૂજવા આવેલી, રૂપસમૃદ્ધિની જાણે મૂર્તિ, સર્વગુણે સમ્પન્ન. ઈશ્વરને પૂજીને એ ચન્દ્રમુખી (પોતાને)આવાસે ગઈ. એની પાછળ શ્રીદત્ત પણ ગયો. જોયું તો એનો આવાસ તો કોઈ દેવનું ધામ કહેવાય એવો. જાણે અપમાન પામેલી કોઈ માનિની હોય એમ ઝટપટ એ આવાસે પ્રવેશી. એની સાથે હરફેય ઉચ્ચાર્યા વિના હજારો સેવિકાઓ જેની સેવામાં હાજર હતી એવી એ કોમલાંગી, છેક પોતાના અન્તર્વાસમાં ગઈ અને પલંગ પર બેસી પડી. શ્રીદત્ત પણ ત્યાં જ પડખે બેસી ગયો. ત્યાં તો એકાએક એ સન્નારી રોવા માંડી. અવિરત અશ્રુધારા એની છાતી પર પડવા લાગી, ને તરત જ શ્રીદત્તને હૃદયે કારુણ્ય ઊભરાયું. એટલે એ એને પૂછવા લાગ્યો, 'તારું દુઃખ શું છે ? તું છો કોણ ? કહો, સુન્દરી ! હું એ દૂર કરવા સમર્થ છું.' ત્યારે થોડું ખમચાઈને એ કહે, 'અમે દૈત્યરાજ બલિની હજાર પૌત્રીઓ. એમાંની સૌથી મોટી હું વિદ્યુત્પ્રભા. અમારા દાદાને તો વિષ્ણુ લઈ ગયા - ત્યારથી - લાંબા કાળથી બન્ધનમાં છે, અને એ જ શૂરવીરે મારા પિતાને બાહુયુદ્ધમાં મારી નાંખ્યા છે. એમને મારી નાંખી અમને અમારા નગરમાંથી નિર્વાસિત કરી મૂક્યા, અને પછી તો અમારા નગરમાં એક સિંહ મૂક્યો, પ્રવેશ કાયમનો બંધ કરી દીધો છે. એ સિંહે તો એ સ્થાન ને અમારાં હૃદય બન્નેને દુઃખથી ભરી દીધાં છે. મૂળમાં તો એ યક્ષ[3] હતો, પણ કુબેરના શાપથી (બીચારો) સિંહપણું પામ્યો !

પણ એમ કહેવાયું છે કે કોક મૃત્યુલોકના માનવીને હાથે એ હારશે ત્યારે શાપ પૂરો થશે. સ્વયં વિષ્ણુએ, અમે નગરપ્રવેશાર્થે પ્રાર્થના કરી ત્યારે આમ જણાવ્યું હતું. એટલે, એ અમારો શત્રુ, સિંહ, તમથી જ હણાય. આટલા ખાતર તો હે, વીરપુરુષ, હું તમને છેક અહીં સુધી ખેંચી લાવી છું. તમે એને જીતશો એટલે એની પાસેથી મૃગાંક નામે ખડ્ગ પ્રાપ્ત થશે. એના પ્રભાવથી તમે આખી પૃથ્વી જીતીને રાજા થશો.

'ભલે' એમ કહી, એ દિવસ તો શ્રીદત્તે ત્યાં જ ગાળ્યો. તરત જ બીજે દિવસે દૈત્યકન્યાઓને આગળ કરીને એ પેલા નગરે ગયો. ત્યાં પેલા ઉદ્ધત સિંહને બાહુયુદ્ધમાં હરાવ્યો.

એ પણ શાપમુક્ત થતાં પુરુષરૂપે પ્રત્યક્ષ થયો. પોતાનો શાપ ટળ્યો એ કારણે (ઉપકારભાવે) તુષ્ટ થયેલા એણે શ્રીદત્તને ખડ્ગ આપ્યું ને પોતે અલોપ થઈ ગયો - સાથોસાથ અલોપ થયો અસુર કન્યાઓને માથેથી દુઃખનો ભાર પણ (૪૮) (ક્રમશઃ)

અહીં કથા માંડનાર માટેનો એક જૂનો સારો શબ્દ મળે છે 'કથક'. એ નામના નૃત્યપ્રકાર કરતાં આ જુદા અર્થ માટેનો શબ્દ થયો. આ સિવાયના બીજા ત્રણેક અર્થમાં પણ આ શબ્દ વપરાતો એમ આપ્ટેમાં છે : ૧ મુખ્ય અભિનેતા, ૨ ચર્ચા કે વિવાદ ઉઠાવનાર અને ૩ કથા કહેનાર. કથા કહેનાર માટે ફરીવી ચલણી કરવા જેવો આ શબ્દ છે 'કથક'. લગભગ દરેક રાજા આવા કથકો રાખતો, પોષતો. ખંભાતના મુસ્લિમ રાજવીના આવા એક કથકનો જાતઅનુભવ 'ઓરિએન્ટલ મેમ્અર્સ'માં જહોન ફાર્બસે આપ્યો છે. દરબારસાહેબ વાજસુરવાળાને ત્યાંના કથકોની વાત 'પરકમ્મા' અને 'છેલ્લું પ્રયાણ'માં મેઘાણીએ કરી છે. હજી ગઈ કાલ સુધી ભાતભાતના કથકો હતો. કાનજી ભૂટા બારોટ કોને યાદ નહિ આવે ?

અહીં, જુઓ, એક સ્ત્રી, એક સર્વોચ્ચ મનાતા (વિષ્ણુ) દેવની સામે, એક માણસ આગળ ફરિયાદ કરે છે ! આપણી કથાઓમાં દેવનાં આચરણો પણ ચર્ચાતાં ! આવી વિચારમુક્તિ આપણી સંસ્કૃતિનું નોંધપાત્ર લક્ષણ હતું. સામાન્ય ને અભણ લાગતા લોકોમાં પણ દેવાચરણ ચર્ચાય-કથાય એ શ્લાઘ્ય વૈચારિક શિક્ષણ થયું.

બલિની વાત જાણીતી છે : બલિ રાક્ષસ વિરોચનનો પુત્ર, પ્રહ્લાદનો પૌત્ર, બહુ જ શક્તિશાળી. દેવોને પણ કનડે. એટલે દેવોએ વિષ્ણુને ફરિયાદ કરી. વિષ્ણુએ કશ્યપ અને અદિતિને ત્યાં વામનાવતાર લીધો. યાચક રૂપે બલિ પાસે જઈ ત્રણ જ પગલાં જમીન માગી. બલિ તો દાનેશ્રી. આમાં ના પાડવા જેવું પણ શું હતું ? પણ જેવું માપવાનું શરૂ કર્યું કે વામને વિરાટ રૂપ લઈ એક જ પગલે આકાશ, બીજે પગલે આખી પૃથ્વી લઈ લીધી. પૂછ્યું, 'હવે ? ત્રીજું રહ્યું. ક્યાં મૂકું.' બલિએ માથુ નમાવ્યું. એને રાક્ષસો સાથે પાતાલે ધકેલી મૂક્યો. ત્યાં રાજ્ય ચલાવવાની છૂટ. 'ગીતગોવિંદ' આદિમાં છે : 'છલયસિ વિક્રમેણ બલિમદ્ભુતવામન.'

વાવમાં પાણી લેવા ઊતરતાં યુધિષ્ઠિરને યક્ષે પ્રશ્ન પૂછેલો. મહાભારતની માફક અનેક કથાઓમાં આવા કોયડાના કામે યક્ષ પ્રયોજાયેલા છે. પણ યક્ષ જાતે જ અભ્યાસીઓ માટેનો એક કોયડો છે. પ્રો. મેક્ડોનાલ્ડની 'વૈદિક માયથોલોજિ'માં યક્ષ ગેરહાજર છે ! લોકકથાઓમાં કોયડા ને વાવ-તળાવ સાથેના સંબંધો ધરાવતા પ્રસંગોમાં યક્ષ આવે છે. આર. ઈ. એન્થોવન, એમના 'ધ ફોકલોર ઑફ બૉમ્બે'માં (પ્રથમ આવૃત્તિ ૧૯૨૪; હાલ વિન્ટેજ બુક્સ, ગુરગાંવ પ્રકાશન ૧૯૯૦; પૃ. ૧૦૭) યક્ષિણીને 'વૉટર-નિમ્ફ' કહે છે - જલદેવી, પણ યક્ષનો ઉલ્લેખ નથી કરતા.

આપણા જોડણીકોશમાં 'એક દેવયોની; કુબેરનો અનુચર' એવી ઓળખ છે. કચ્છમાં જખ હજી પૂજાય છે. એટલે કોઈક પરંપરા યક્ષની હશે એમ અનુમાનાય ખરું. શિલ્પો-ચિત્તોમાં યક્ષ ઘણા.

યક્ષનું નામ કુબેરના અનુચર તરીકે પ્રસિદ્ધ છે. એનું કામ કુબેરની સંપત્તિ અને વનસમૃદ્ધિ સાચવવાનું હરિવંશ કહે છે : 'યક્ષોત્તમા યક્ષપતિં ધનેશ રક્ષન્તિ વૈ પ્રાસગદાદિહસ્તાઃ' 'યક્ષનો ઉલ્લેખ રામાયણમાં નથી; પણ મહાભારતમાં છે. 'કથાસરિત્સાગર'માં તો યક્ષ વારંવાર આવે છે. કુબેરશાપિત કાણભૂતિ યક્ષ હતો, કુબેર-અનુચર સાતવાહન યક્ષ હતો. રાક્ષસ અને પિશાચની સાથોસાથ ઘણી વાર યક્ષ ઉલ્લેખાય છે. પેલા બન્નેની માફક યક્ષની શક્તિ પણ દિવસે ક્ષીણ થઈ જાય છે. પેન્ઝર-અનુસાર તો આ મૂળ રાક્ષસજાતિ, પછી એમાં ફૂટ થતાં યક્ષ જાતિ અલગ પડી. રાક્ષસથી તદ્દન વિરુદ્ધ એ જાતિ માનવો સાથે સારો વ્યવહાર રાખતી. કિન્નર, ગંધર્વ, આદિ જાતિઓ 'યક્ષ'માંથી ઊતર્યાનું અનુમાન કરાયું છે, કારણ કે એ બધા કુબેરના અનુચરો હતા.



યક્ષ · મથુરાના સંગ્રહાલયમાં સચવાયેલી આ ખંડિત યક્ષમૂર્તિ પારખમના એક સ્થાપત્ય-અવશેષની વેદિકાના એક સ્તંભમાં કોતરાએલી છે. પારખમ મથુરાની દક્ષિણે ચૌદેક માઈલ દૂર છે.

યક્ષપૂજા પણ ક્યારેક થતી હશે. મણિભદ્ર નામે યક્ષના મંદિરનો ઉલ્લેખ ક. સ. સા.માં છે. રામાયણમાં આમ તો યક્ષ નથી. પણ તવકરે એક રસિક વાત લખી છે : ઉત્તરકાંડમાં પૃથ્વીની ઉત્પત્તિની કથામાં પ્રજાપતિએ જલાદિ તત્ત્વો સર્જ્યાં ત્યારે એ તત્ત્વોએ પ્રજાપતિને પૂછ્યું, 'અમારે કરવાનું છે શું ?' ત્યારે પ્રજાપતિ કહે: 'રક્ષધ્વમ્'. આ બધાંની હવે રક્ષા કરવાની. પ્રત્યુત્તરમાં કેટલાકે કહ્યું. 'રક્ષામઃ', તો કેટલાકે કહ્યું. 'યક્ષામઃ' ('રક્ષીશું' - 'ભક્ષીશું') જે લોકોએ કહ્યું, 'યક્ષામઃ' ('ભક્ષીશુ') એ કહેવાયા 'યક્ષ' (આ કથા 'ધ એસ્સેય્ઝ થ્રોઈંગ ન્યૂ લાઈટ ઑન ધ ગણધરઝ, ધી અપ્સરાઝ, ધ યક્ષઝ, એન્ડ ધ કિન્નરઝ' નામે (તવકર પ્રકાશન, મુંબઈ, ૧૯૭૧; પાનાં ૫૫ થી ૭૫) એન. જી. તવકરલિખિત પુસ્તકમાં છે. શ્રી તવકર આ સંપ્રદાયને વેદથીય જૂનો માને છે. ઐતિહાસિક કાળે બૌદ્ધ-જૈન કાળમાં જખ્ખ-યક્ષના ઉલ્લેખો સાહિત્યમાં ને ગુફાઓ-મંદિરોમાંનાં શિલ્પાદિમાં મળે છે. વૃક્ષો ને વેલી સાથે પણ એ જોડાયેલા છે. યક્ષના આલેખનોમાં, એણે વૃક્ષ કે વેલી ઉપાડી હોય એવું આવે છે. જૂનાં ભીતચિત્રમોમાં પણ યક્ષ મળે છે. અજંતાના યક્ષચિત્રો જાણીતાં છે.

'યક્ષ' શબ્દ મૂળમાં 'બ્રહ્મ' વાચક હતો એમ શ્રી તવકર માને છે. યક્ષોત્સવ કહેવાતો 'યક્ષમહા' કે 'બ્રહ્મમહા'. જૈન તીર્થંકરોના રક્ષકો તરીકે યક્ષો આવે છે.

પહેલાં યક્ષનું નામ નાગ-ગંધર્વ-કિન્નરની સાથે સંકળાએલું હતું; પછી ભૂત-પિશાચ-રાક્ષસો સાથે ગયું. પણ યક્ષકલ્પના હજારો વર્ષ જૂની લાગે છે. જૂનામાં જૂનું શિલ્પ તવકર પ્રમાણે (૬૦) ઈ.સ. પૂ. પાંચમી સદીનું છે. મથુરાના મ્યૂઝીઅમમાં એ યક્ષ પ્રતિમા છે. એ સૌપહેલી કિનિંગહામે જોયેલી-મેળવેલી-મથુરાથી ૧૪ માઈલ દૂર પરખમ પાસેથી એ પ્રતિમા મણિભદ્રની હોવાનું મનાય છે.

ગ્વાલિયર જિલ્લાના પવાયામાં ને અન્ય સ્થળોએ પણ મણિભદ્રપૂજા પ્રચલિત હતી. ભરતપુરમાં હજીયે પૂજાય છે. અન્ય શિલ્પોની માહિતી તવકરે (૬૦-૬૧) આપી છે. તારંગાનાં જૈન દેરાસરોનાં યક્ષશિલ્પો જોવાલાયક છે. યક્ષાધિપતિ હતો વૈશ્રવણ કુબેર. બૌદ્ધોમાં કહેવાય જમ્ભાલ. યક્ષયક્ષીને ઘણીવાર મોટાં પેટવાળાં, કદમાં નીચાં, પણ રૂપાળાં કલ્પ્યાં છે. વૃક્ષ-વેલ એમનો આવાસ મનાય છે. સુમેરના 'ઝિગ્ગુરટ' એ મૂળમાં 'જક્કરથ' (યક્ષરથ) હશે એવી કલ્પના પણ થઈ છે ! મૂળે યક્ષ નામની કોઈ પ્રાગ્વૈદિક અનાર્ય જાતિ હશે ? કો જાને !!

બિકાનેરનરેશનું પાટલૂન

મનસુખલાલ સાતા

સ્વાતંત્ર્ય પૂર્વેના હિંદુસ્તાનમાં નાનાંમોટાં સાતસો જેટલાં દેશી રાજ્યો હતાં. એમની પ્રજા ભલે એમને રાજા મહારાજા નવાબ શેખ કે ઠાકોર-દરબાર તરીકે ઓળખતી, પણ અંગ્રેજ સરકારના એ ખંડિયાઓ હતા અને અંગ્રેજોને મન તેઓ 'ચીફ' યા 'રૂલર' જ હતા. કયારેક નાનામોટા ખિતાબો કે ઓછીવધતી તોપોની સલામીનું માન આપી સરકાર તેમને બેવકૂફ બનાવી પોતાનું કામ કઢાવી લેતી. અલબત, આમાંના કેટલાક રાજાઓ પોતાની પ્રજાના હિત અને સુખચેનની ખેવના રાખતા હતા, પણ મોટાભાગનાં દેશી રજવાડાંની પ્રજા પોતાના શાસકના અણઘડ રાજવહીવટ અને અવનવા તરંગોથી ત્રસ્ત હતી. રાજા હોવાના કેફમાં કેટલાક રાજા કયારેક તો એવી બેવકૂફી કરતા કે એ કેવળ હાસ્યાસ્પદ જ બની રહે. આવો એક કિસ્સો જોઈએ.

દેશમાં સ્વાતંત્ર્ય માટે નાનીમોટી ચળવળો ચાલવા માંડી હતી. એ ચળવળોના ક્રાંતિકારીઓ અને નેતાઓને કાવાદાવા અને ફાટફૂટ તથા આકરી સજા વડે અંગ્રેજ સરકાર નિષ્ફળ બનાવ્યા કરતી હતી. પરંતુ ૧૯૩૦ના અરસામાં ગાંધીજીના નેતૃત્વમાં ચાલતી આઝાદીની લડતોનો જુસ્સો કંઈ જુદો જ હતો. આમાંથી માર્ગ કાઢવા અંગ્રેજોએ ત્રીજી ગોળમેજી પરિષદ યોજીને હિંદુસ્તાનની પ્રજાના પ્રતિનિધિ તરીકે ગાંધીજીને તેમાં ભાગ લેવા શહેનશાહ પંચમ જ્યોર્જ દ્વારા આમંત્રણ પાઠવી ઈંગ્લન્ડ બોલાવ્યા. આ ગોળમેજી પરિષદમાં ગાંધીજીની સાથે પં. મદનમોહન માલવિય તથા શ્રીમતી સરોજિની નાયડુને પણ જવાનું નક્કી થયું હતું. આ પરિષદમાં દેશી રાજ્યોના પ્રતિનિધિની પસંદગી માટે મુંબઈની તાજમહાલ હોટેલમાં પણ એક મીટિંગ યોજાઈ હતી. આમાં પ્રથમ તો નવાનગર (જામનગર)ના જામસાહેબ અને પછી પતિયાળાના રાજા ભૂપિન્દરસિંહની વરણી થઈ, પરંતુ અંગ્રેજ સરકારે આ બંને નામો નામંજૂર કરી બિકાનેરના રાજા ગંગાબહાદુરસિંગનું નામ સૂચવ્યું. અંગ્રેજ સરકારનું માથું ભાંગે એવા વડોદરાનરેશ સયાજીરાવ ગાયકવાડને સરકાર આમંત્રણ આપવાની ભૂલ તો ન જ કરે, કારણ સરકારની પ્રજા સાથે સમાધાન કરવાની નિયત જ સાફ નહોતી. એને તો અંગ્રેજોના વફાદાર એવા બિકાનેરના રાજા જ અનુકૂળ આવે એ સ્વાભાવિક હતું અને અંતે રાજા ગંગાબહાદુરસિંગને પંચમ જ્યોર્જનું આમંત્રણ અપાયું.

આમ, શહેનશાહ પંચમ જ્યોર્જ તરફથી અચાનક આમંત્રણ આવતાં ગંગાબહાદુરસિંગને તો બગાસું ખાતાં મોંમાં પતાસું મળ્યું. પ્રથમ તો એ વિચારમાં પડી ગયા, પણ એમના ખુશામતિયા અધિકારીઓ અને લાલચુ ભાટચારણોએ બિકાનેરનરેશને દેશી રાજ્યોના પ્રતિનિધિ એટલે રાજાઓના યે રાજા કહીને બિરદાવ્યા. દેશનાં બીજાં દેશી રાજ્યોના રાજા-મહારાજાઓને છોડીને એમના પ્રતિનિધિ તરીકે પાંચમા જ્યોર્જ પોતાને ઈંગ્લન્ડ બોલાવે એ વિચાર સાથે પોતાના પર બહુ મોટી જવાબદારી આવી પડ્યાના ખ્યાલથી એમણે તો તરત રાજ્યના દીવાન અય્યરને બોલાવી પરિષદમાં હાજરી આપવા અંગે ચર્ચાવિચારણા અને તૈયારીઓ કરવા મીટિંગો બોલાવવા માંડી. ઈંગ્લન્ડના શાહી ખાનદાન અને તેમનાં કુંવરકુંવરીઓને કેવી ભેટસોગાદો આપવી, અંગ્રેજ અમલદારો અને ત્યાંની રૂપગર્વિતાઓને પ્રભાવિત કરવા શું શું કરવું વગેરેનાં દિવાસ્વપ્નોમાં એ રાચવા લાગ્યા.

બીજી બાજુ જેમજેમ ગોળમેજી પરિષદ નજીક આવતી ગઈ તેમતેમ હિંદુસ્તાન અને ઈંગ્લન્ડનાં અખબારોમાં તે અંગેનાં વિવિધ લખાણો પણ પ્રકટ થવાં લાગ્યાં. આમાં ગાંધીજીની સાદાઈ, એમની બકરી, લાકડી, રેંટિયો, એમની ખાસિયતો, સ્વભાવ વગેરે અંગે પણ અનેકવિધ વસ્તુઓ છપાવા લાગી. બિકાનેરના દીવાન પણ રાજા સમક્ષ દેશપરદેશનાં છાપાં વાંચી સંભળાવતા. ગાંધીજી તો પંચમ જ્યોર્જ સમક્ષ પોતાના પોતડીવાળા લાક્ષણિક પોષાકમાં જ જશે અને પરિષદમાં પણ એ જ પોષાકમાં ભાગ લેશે એ જાણી અંગ્રેજ પ્રજામાં તો વ્યાપક કુતૂહલ પ્રસરી ગયું હતું. બિકાનેરનરેશ ગંગાબહાદુરસિંગને પણ એ જાણી મનમાં થયું કે આ કારણે ઈંગ્લન્ડના લોકો તો પોતડીધારી ગાંધીજીને જ જોવામાં ખોવાઈ જશે, એટલે પોતે કઈ રીતે લોકોનું ધ્યાન આકર્ષે તેની ચિંતા તેમને થવા લાગી. ગાંધીજીની પોતડીની ઈર્ષાથી એમના ફળદ્રુપ દિમાગમાં એક એવો વિચાર આવ્યો કે દુનિયાભરમાં સૌથી વધુ કિંમતી ભવ્ય અને બેનમૂન પાટલૂન પહેરીને પોતે ઈંગ્લન્ડમાં રજૂ થાય તો ત્યાંના સર્વે લોકોનું લક્ષ પોતાના પ્રતિ વાળી શકે અને બિકાનેરનરેશ તરીકે એમનો વટ પડી જાય. તરત જ હુકમો છૂટ્યા. શાંગહાઈથી બે હજાર રૂપિયે તોલાના ભાવનું 'ચીનાંશુક' રેશમ મંગાવ્યું. દિલ્હી, બનારસ, લખનૌ ને મુંબઈ-કલકત્તાના રાજાશાહી પોષાકના નિષ્ણાતો બોલાવાયા. વાળથી યે બારીક એવા સોનાચાંદીના તાર સાથે તેનું કાપડ તૈયાર કરાયું. ફ્રાન્સના નિષ્ણાતોએ તેને આખરી ઓપ આપ્યા પછી મુંબઈના વિખ્યાત અંગ્રેજ દરજી પાસે રાજાસાહેબનું પાટલૂન સિવડાવાયું. મદુરાના કારીગરોએ તેના ઉપર જરીભરત કર્યું. લખનૌ-બનારસ અને અવધના કારીગરોએ તેના ઉપર હીરામોતી, માણેક, નીલમ ને પોખરાજ જેવાં કિંમતી રત્નો મઢ્યાં. અને અંતે પાટલૂન તૈયાર થઈ ગયું ત્યારે તેની કિંમત દોઢ કરોડ રૂપિયા જેટલી થઈ ગઈ ! વિશ્વભરમાં અદ્ભુત એવું આ પાટલૂન તૈયાર કરવામાં બે મહિના લાગી ગયા. બિકાનેરનરેશ તો આ પાટલૂન જોઈ આફરીન થતાં બોલી ઊઠ્યા કે મારા આ પાટલૂન સામે તો ખુદ શહેનશાહ પંચમ જ્યોર્જનો પોષાક પણ ફિક્કો લાગશે. એ પાટલૂન પહેરી એમણે સૌ દરબારીઓનો અભિપ્રાય પણ પૂછ્યો, અને સ્વાભાવિક રીતે દીવાન સહિત સૌ ખુશામતખોરોએ આ પાટલૂન રાજાઓના ઈતિહાસમાં એક વિક્રમ સર્જશે

તેવો અભિપ્રાય આપ્યો. અખબારો અને દિલ્હીમાં પત્રકાર-પરિષદ બોલવી આ પાટલૂનના સમાચાર ફેલાવવા રાજાસાહેબે ઇચ્છા રાખી.

સ્વાભાવિક રીતે જ અરેબિયન નાઈટ્સની વાર્તામાં આવે એવા આ મહામૂલા પાટલૂનના સમાચાર ઈંગ્લેન્ડ પણ પહોંચ્યા. અંગ્રેજ સરકારના આ એક ખંડિયા રાજાની બેવકૂફીથી સૌ નારાજ થયા. પંચમ જ્યૉર્જ પણ પાટલૂનની વાત જાણી ચોંકી ઊઠ્યા. હકીકતની તપાસ કરાવી અને જાણવા મળ્યું કે બિકાનેરનરેશ આ રીતે શહેનશાહ સાથે સ્પર્ધા કરવા ઇચ્છે છે. ઈંગ્લેન્ડની સરકારે એક એટિકેટ ઑફિસરને બિકાનેર મોકલ્યો અને કહેવરાવ્યું કે રાજાસાહેબે પરિષદમાં કેવો પોષાક પહેરવો તથા કેમ બોલવું અને કેવી રીતભાત દાખવવી. સાથે એ પણ સ્પષ્ટ જણાવાયું કે રાજાસાહેબ શહેનશાહ પંચમ જ્યૉર્જના એક ખંડિયા રાજા અને એથી એમના તાબેદાર હોઈ એમનો પોષાક શહેનશાહ કરતાં ચડિયાતો હોય તે વાજબી નથી. ગાંધી જેવા સરકારના પ્રજાજનને પોતડી પહેરવાની યે બ્રિટિશ સરકાર છૂટ આપે અને પોતે એક રાજા તરીકે પોતાને મનપસંદ એવું પાટલૂન પણ ન પહેરી શકે એ શહેનશાહનો કેવો ન્યાય ? મહારાજાની આ દલીલ સાંભળી અંગ્રેજ એટિકેટ ઑફિસરે હસીને એવો જવાબ આપ્યો કે 'ગાંધીજી હિંદુસ્તાનની પ્રજાના પ્રતિનિધિ હોઈ સરકારના મહેમાન તરીકે પધારશે, જ્યારે આપ તો એક ખંડિયા રાજા છો. ગાંધીજી અમારા તાબેદાર નથી'. અને પછી ખંધાઈથી હસતાં એણે ઉમેર્યું કે 'આમ છતાં તમે તમારું કિંમતી પાટલૂન પહેરવા ઇચ્છતા જ હો તો એ પાટલૂનથી યે વધુ કિંમતી બે પોષાક શહેનશાહ તથા રાણી માટે ભેટ આપો. એ યોગ્ય રહેશે.' બિકાનેરનરેશ તો આ સાંભળી ઠરી જ ગયા. એમની સ્થિતિ તો સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ ગઈ. દુનિયાભરમાં કિંમતી એવું પાટલૂન પહેરવાના એમના કોડ પર પાણી ફરી વળ્યું, અને અંતે જ્યારે તેઓ ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ઈંગ્લેન્ડ ગયા ત્યારે અંગ્રેજ સરકારની સૂચના મુજબ સ્થાનિક દરજીએ તૈયાર કરેલો પોષાક પહેરવો પડ્યો. માનભંગ રાજાએ પરિષદમાં અનિચ્છાએ એકાદ બેઠક પૂરતી જ હાજરી આપી હતી. અને ત્યારે ગાંધીજી અને એમનો પોષાક જોઈ એમના મનમાં શું થયું હશે ?

બ્રિટિશ શહેનશાહ સામે આવી ગુસ્તાખી કરનાર પોતાના ખંડિયા રાજાની સાન ઠેકાણે લાવવા અંગ્રેજ સરકારે પણ વિચારી લીધું અને લંડનથી પાછા આવી બિકાનેરનરેશે પોતાના મિત્ર રાજાઓ તથા સગાંસ્નેહીઓ અને કેટલાક અંગ્રેજ અધિકારીઓ સમક્ષ પોતાના પાટલૂનના પ્રદર્શનનો ભવ્ય કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે વટક વાળીને એમના રંગમાં ભંગ પાડવા એ જ પ્રસંગે, પોતાની એક ઉપપત્નીના ખૂનના પ્રયાસ બદલ રાજા ગંગાબહાદુરસિંગની ધરપકડ શા માટે ન કરવી તેનું કારણ જાણવા માગ્યું. હતાશાભર્યા ગુસ્સાથી રાજા કંપવા લાગ્યા, અને બોલી ઊઠ્યા, 'ઓ ભગવાન, આ પાટલૂન મારા માટે કેટલું અપશુકનિયાળ નીવડ્યું !'

પછી તો આ નાલેશીભર્યા આરોપમાંથી છૂટવા એમણે અંગ્રેજ અધિકારીઓમાં બીજા લાખ્ખો રૂપિયા વેરવા પડ્યા હતા. આજે આ પાટલૂનની કિંમત ૩૦ કરોડ રૂપિયા જેટલી અંકાય છે. □

'આ જગત ઈશ્વરનું સર્જન છે, અને મનુષ્યજાતિ એ સર્જનનો એક ભાગ છે. કોઈ પણ મનુષ્ય અમુક ધર્મ પાળતો હોવાના કારણે તેને બીજાથી ઊંચો કે નીચો ગણવો એ ખુદ ઈશ્વર સામે અહં પોકારવા બરાબર છે' - આ શબ્દો કોના હોવાનું તમે ધારો છો - કોઈ શાસ્ત્રપુરાણના, કોઈ સંતમહંતના કે પછી કોઈ મહાન ચિંતક કે ફિલસૂફના?

એમાંના કોઈના નહિ. આ શબ્દો છે ભારતના નરરત્ન છત્રપતિ શિવાજી મહારાજના, જેમના વિષે ઇરાદપૂર્વક અનેક ગેરસમજો ફેલાયેલી છે. સ્વામી રામદાસના આદેશ મુજબ એમણે મરાઠા સત્તાના કરેલાં સ્થાપન અને વિસ્તરણ પાછળ જેટલો હિંદુઓનો એટલો જ મુસલમાનોનો એમને ટેકો રહેલો. શિવાજીએ મરાઠાઓને પોતાના પક્ષ સંગઠિત કર્યા તે પહેલાં પણ એ બહાદુર કોમ જે રાજ્ય તેની સેવા માગે તેને આપતી રહેલી. જે વધુ લાભ આપે તેની તહેનાતમાં તે રહી જતા. ખુદ શિવાજીના પિતા શાહજી ભોંસલે પણ પ્રથમ નિઝામશાહી સુલતાન, પછી આદિલશાહી સુલતાન, અને છેલ્લે મુગલ શહેનશાહની તહેનાતમાં રહેલા. એ જ રીતે શિવાજીના રાજ્યશાસનની શરૂઆતમાં જ અનેક પઠાણો તેમની તહેનાતમાં રહેવા આવી પહોંચેલા.

શિવાજીએ વિજાપુરના સુલતાન અને દિલ્હીના મુગલ શહેનશાહ સામે વિદ્રોહનો ઝંડો ઊંચક્યો, મુગલોના એક સેનાપતિ, એક મલખાનનો વધ કરી, બીજા સેનાપતિ શાઈસ્તખાનને ભૂંડા હાલે ભગાડ્યો તે પરથી તે મુસ્લિમ વિરોધી હોવાની છાપ ઊભી કરવામાં આવેલી, અને મુગલો પછી આ દેશના શાસકો બની બેઠેલા અંગ્રેજોએ પોતાના સ્વાર્થ ખાતર એ છાપને ઘૂંટીઘૂંટીને વધુ ઘેરી બનાવી.

અફઝલખાન સાથેના યુધ્ધ વખતે જેટલા મુસલામનો શિવાજીની ફોજમાં હતા તે કરતાં અનેકગણા મરાઠાઓ મુગલ સેનામાં હતા - ખુદ શિવાજીનો જ એક નજીકનો સગો મંબાજી ભોંસલે સુધ્ધાં. અને શિવાજીએ અફઝલખાનનો વધ કર્યા પછી તેને મુગલ સેનાથી બચાવી લઈ જનાર દસ જણામાં એક મુસલમાન વીર સૈનિક ઈબ્રાહીમ પણ હતો.

હકીતમાં શિવાજીને હિન્દુ તરફી અને મુસ્લિમ વિરોધી આલેખીને ખુદ ઈતિહાસનો જ દ્રોહ કરવામાં આવ્યો છે. એમાનો વિરોધ મુગલ શહનશાહતના સ્વચ્છંદ સામે હતો, મુસલમાનો સામે નહિ. મુગલ આક્રમણના ભય સામે એમનું શાસન નિર્ભય અને સ્થિર બન્યા પછી પણ હિન્દુત્વના અભિમાન હેઠળ ન તેમણે કોઈ મંદિર બંધાવેલું કે ન કોઈ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. ખુદ ઔરંગઝેબના જ ચરિત્રલેખક ખાફીખાને શિવાજીની પોતાની પ્રજાના સુખ માટેની કાળજીની ઓછી પ્રસંશા નથી કરેલી. એના જ લખ્યા પ્રમાણે 'શિવાજીએ સ્ત્રી-બાલકોને રક્ષણ આપવાના અને કુરાનની નકલો આદરપૂર્વક જાળવવાના ફરમાનો બહાર પાડેલાં.'

શિવાજી ઉપરની બખરોમાં કૃષ્ણાજી અનંત સભાસદે તેની પહેલી જ બખરમાં જણાવ્યું છે : 'તેમના રાજ્યમાં જુદા જુદા ભાગમાં આવેલાં મંદિરો અને પૂજાસ્થાનો માટે તેમણે જેમ ધૂપ, દીપ, નૈવેદ્યની વ્યવસ્થા કરેલી એમ જ મુસ્લિમ દરગાહો અને મસ્જિદો માટે કરેલી.'

શિવાજીએ પોતાના રાજ્યમાં યોગ્ય મુસ્લિમોને ઊંચામાં ઊંચા હોદ્દાઓ પર મૂકવામાં પણ કશો સંકોચ ન રાખેલો. તેમને મન યોગ્યતાનો માનદંડ કેવળ માનવતા હતી, પછી ધર્મે તે ચાહે હિન્દુ હોય, મુસમલાન હોય કે ખ્રિસ્તી. પોતાના મુલ્કી વહીવટમાં ઊંચામાં ઊંચુ સ્થાન તેમણે પોતાના સગોત્રીય કોઈ મરાઠાને નહિ પણ હૈદર કાઝી જેવા સામાન્ય મુસ્લિમને આપેલું. એ જ રીતે પોતાના નૌકાદળનું સુકાન તેમણે એવા જ સામાન્ય મુસ્લિમ દોલતખાનને આપેલું.

જેમ પ્રથમવાર શિવાજીનો જીવ બહાદુર મુસ્લિમ સેનાની ઈબ્રાહીમખાને બચાવેલો, તેમ ઔરંગઝેબની નજરકેદમાંથી તેમને છોડાવનાર પણ નજરકેદમાં એમની સાથે સામેલ ખદારી મેહતર નામનો તેમનો વિશ્વાસુ મુસ્લિમ અંગરક્ષક હતો. કશા ધાર્મિક ભેદભાવથી પર આ મહાન શાસકની

શિવાજી નિઝામશાહી, આદિલશાહી અને મુગલશાહી એવી ત્રણ રાજ્યસત્તાઓ સામે ટક્કર ઝીલીને વર્ધિષ્ણુ મરાઠી સામ્રાજ્યનો પાયો નાખનાર, તથા ભારતીય સંસ્કૃતિ પરના ઇસ્લામી આક્રમણ સામે અસામાન્ય પરાક્રમ અને નીડર મુત્સદ્દીગીરીથી હિંદુપદ-પાદશાહીનો ઝંડો રોપી પ્રજાને સ્વત્વ અને સ્વાતંત્ર્યનો પ્રથમ આસ્વાદ કરાવનાર નરવીર શિવાજીનો જન્મ ઇ. ૧૬૨૭ની ૧૬ એપ્રિલ (સંવત ૧૬૮૩ના વૈશાખ સુદ ૫)ના રોજ થયેલો. મુસલમાન બાદશાહોના જુલમથી ત્રાસીને મેવાડના શિશોદીઆ મહારાણા દેવરાજજી, 'ભોંસલે' નામ ધારણ કરી દક્ષિણમાં આવી વસેલા. તેમની ૧૮મી પેઢીએ શિવાજીના પિતા શહાજીનો જન્મ થયેલો. તેમના પત્ની જીજાબાઈએ લડાઈની નાસભાગમાં શિવનેરી કિલ્લામાં શિવાજીને જન્મ આપેલો.

ધર્મનિષ્ઠ તથા તેજસ્વી માતા પાસેથી ગળથૂંથીમાંથી જ પરાકમ અને ચારિત્ર્યના ઉચ્ચ સંસ્કારો ઝીલનાર તે બાળક શહાજીની પૂણે નજીકની જાગીરમાં દાદાજી કોંડદેવ નામના તેજસ્વી તથા કાર્યદક્ષ બ્રાહ્મણની દેખભાળ નીચે વીરોચિત સર્વાંગીણ શિક્ષણ પામ્યા. યવનોના ત્રાસ હેઠળ પીડાતા દેશને મુક્ત કરવાના ઉદ્દેશથી શિવજીએ પ્રમાણિક અને કસાએલા એવા આસપાસના માવળા લોકોને પ્રેમથી વશ કરી તેમની એક ફોજ ઊભી કરીને ૧૬ વર્ષની વયે તોરણા નામનો કિલ્લો જીતી લઈ સ્વરાજ્યનું તોરણ બાંધ્યું. તે પછી એક પછી એક કિલ્લા નિર્ભય રીતે તેમને કબજે કરતા જોઈ આદિલશાહે અફઝલખાન આદિ ઘણા સરદારોને મોટા લશ્કરો સાથે તેમને હરાવવા મોકલ્યા, પણ શિવાજીની ગેરિલા પધ્ધતિની વ્યૂહરચના આગળ એ બધા જ પરાજિત થઈ પાછા જતા.

તાનાજી આદિ અનેક એકનિષ્ઠ સરદારોની સહાયથી શિવાજીએ મુગલોનો પ્રદેશ પણ કબજે કરવા માંડતાં મુગલોએ ૭૭ હજારના સૈન્ય સાથે શાહિસ્તખાનને તેમની સામે મોકલ્યો, પણ તે યે હારીને પાછો જતાં ઔરંગઝેબે જયસિંહ અને દિલેરખાનને વિશાળ રાજપૂત સેના સાથે મોકલ્યા. તેમની સાથે યુધ્ધ કરવાથી બંને પક્ષે હિંદુઓનો જ વિનાશ થશે એ વિચારે શિવાજીએ જયસિંહ સાથે સંધિ કરીને પોતાના ૩૫ પૈકી ૨૨ કિલ્લાઓ તેને સોંપ્યા અને પોતે ઔરંગઝેબને મળવા દિલ્હી ગયા. પરંતુ ત્યાં વચનભંગ કરી ઔરંગઝેબે તેમને કેદ પકડ્યા. પણ મિઠાઈના ટોપલમાં છુપાઈ શિવાજી એ કેદમાંથી નાસી છૂટ્યા.

પાછા આવીને, ગુમાવેલા બધા કિલ્લા જીતી લઈ રાયગઢ મુકામે એમણે વિધિસર પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને ત્યારબાદ ચાર વર્ષ સુધી યવનોની ચડાઈઓ સામે પોતે રોપેલો સ્વરાજ્યનો ઝંડો અચળ રાખી આ શ્રેષ્ઠ સેનાનાયક તથા ચારિત્ર્યશીલ મહાપુરુષ ઇ. ૧૬૮૦ના એપ્રિલની ૮મીએ ઘૂંટણમાં ગાંઠ થઈ ત્યારે તાવ આવવાથી અવસાન પામ્યા.

-સં.

શયદા, બરકત અને બુખારી • ચંદ્રવદન ચી. મહેતા

'અમૃત ઝરણ વહાવનારી માત જય જય ભારતી'

દી. બ. કૃષ્ણલાલ ઝવેરીની પ્રસ્તાવના સાથે, વીર અને કરુણ રસભરી મા ભારતીની સ્તુતિ કરતી 'જય ભારતી' નામની એક પુસ્તિકા હતી. આજે તો શોધ્યે જડે તેમ નથી. પણ ફરી ફરી વાંચવાનું મન થાય, મોઢે રહી જાય એવા ફકરાઓવાળી વારંવાર વાંચવાનું મન થાય તેવી એ પુસ્તિકા પાઠ્યપુસ્તક થવાને લાયક હતી. તેમાંના આ કાવ્યના કવિ હતા 'શયદા'. ગઝલસમ્રાટ તરીકે તેમની વ્યાપક ખ્યાતિ હતી. સામાહિક 'બે ઘડી મોજના' તંત્રી તરીકે એ વિખ્યાત હતા.

એ કાળે એટલે કે આ સદીના બીજા-ત્રીજા દાયકામાં હાજીમહંમદ અલ્લારખાના ગુજરાતી માસિક પત્ર 'વીસમી સદી'ની ભારે બોલબાલા હતી. હજારો ઘરોમાં એ વંચાતું. નાનાલાલ કવિ, કેશવ હર્ષદ ધ્રુવ, કનૈયાલાલ મુનશી ઇત્યાદિ તે સમયના કવિ લેખકોની કૃતિઓ સુંદર સાજ-સજાવટ સાથે તેમાં પ્રકટ થતી. ડૉ. રમણલાલ યાજ્ઞિકે જેમને 'ડેસ્ડીમોના' નામે બિરદાવ્યા છે તે જયશંકર સુંદરી અને બાપુલાલ નાયક જેવા સુખ્યાત અદાકારોની વિવિધ પાત્ર-ભજવણીની છબીઓ, નૃસિંહ વિભાકરનાં નાટકોનાં દશ્યગીતો; ધુરંધરનાં અને રવિશંકર રાવળનાં અવનવા વિષયોના સરસ સચિત્ર લેખોવાળા એ 'વીસમી સદી' માસિકનું પ્રકાશન એ ગુજરાતી સામયિકોના પ્રકાશનના ઇતિહાસનું એક ઉજજવળ પ્રકરણ છે. હાજીમહંમદે એ સમયના મુંબઈના ખ્યાતનામ ફોટોગ્રાફર તારાપોરવાલાને સાધેલા. મોટો ખર્ચ વેઠીને હાજીમહંમદ એમની પાસે અનેકવાર ખાસ ફોટો લેવરાવીને 'વીસમી સદી'ને શણગારતા. 'મુંબઈ સમાચાર' ને 'જામે જમશેદ' જેવાં પત્રોના ખાસ વાર્ષિક અંકોમાં પણ એમણે લીધેલી છબીઓ પ્રકટ થતી રહેતી. રવિભાઈના 'કુમાર'ના પ્રકાશન તથા બચુભાઈની સંપાદનકળાના મૂળમાં આ 'વીસમ સદી'ની પ્રેરણાનો પણ હિસ્સો હતો. 'બે ઘડી મોજ'ના પ્રકાશન માટેની પ્રેરણા પણ 'શયદા'એ આ 'વીસમી સદી'માંથી જ મેળવી હતી.

શયદાસાહેબની સાથે એક અન્ય સાહિત્યકાર 'સાદીક' હતા. 'બે ઘડી મોજ'ની ઑફિસ મુંબઈમાં કાલાઘોડા સામે ત્યારે વૉટસન એનેક્સી નામે જાણીના બિલ્ડિંગમાં. એની એક બાજુ ત્રણેક મકાન છોડીને એલ્ફિન્સ્ટન કૉલેજ અને આ બાજુ યુનિવર્સિટીનું મકાન. વચ્ચે રસ્તો. ત્યાં શયદાસાહેબની ઓફિસમાં જાતજાતના મહેમાનો, પ્રવાસીઓ, દોસ્તદારોની સતત અવરજવર રહેતી. એમાં એક ગુલામઅલીભાઈ પણ હતા. ઊંચા પાતળા અને શાયરીના પાકા આશિક. પણ એથી યે વધારે તો એ ટ્રામની ટિકિટોના સંગ્રાહક તરીકે ખ્યાત હતા. આ એમને એક જ લત. એક જ રતિ. એક જ ધગશ. તેલના ડબાઓ નહિ, પણ ટ્રામની ટિકિટો સંઘરવાની એમને ધૂન. તે જમાનામાં મુંબઈમાં ચાલતી ટ્રામની ટિકિટો એમના વિપુલ સંગ્રહમાં બધા જ એકી આંકડાની, બધા જ બેકી આંકડાની, અમુક હજારથી માંડી અમુક હાજાર સુદીની સળંગ બધા જ એકડા, બગડા કે તગડાવાળા નંબરની એમ કંઈ કંઈ વિશિષ્ટતાવાળી ટ્રામની ઢગલાબંધ ટિકિટો એમણે સંઘરેલી, ખાધેપીધે એ સુખી અને જિંદગીમાં આ જ એક એમનું કર્તવ્ય.

આવી ભાતભાતની વ્યક્તિઓ 'બે ઘડી મોજ'ની ઑફિસમાં મળતી રહેતી. સાદીકભાઈ અધવચ્ચે પાકિસ્તાન ગયા. શયદા અહીં રહ્યા.

સાહિત્યમાં આ ખોજા કોમે પણ બસો-ત્રણસો પુસ્તકો સહિત સારો એવો ફાળો આપ્યો છે. આમાં નવલકથાનો ફાળો મહત્ત્વનો છે. નેવું વટાવ્યા બાદ મારી નોંધ-ટાંચણ વગેરેનાં બધાં ઓચરિયાં કાઢી નાંખ્યાં છે, એટલે એ કોમ અંગે અત્યારે મારી પાસે ખાસ કોઈ નોંધ નથી. પણ મહારાષ્ટ્રમાં કલ્યાણ ગામે ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી ૧૯૭૯માં આપેલા ભાષણમાં મેં આ ખોજા લેખકોના જબરદસ્ત ફાળા વિષે એકબે ફકરાઓ આપ્યા હતા. જો કે કોઈએ તેની ખાસ કંઈ નોંધ લીધાનું જાણમાં નથી. એ જ રીતે એ ભાષણમાં પારસીઓના લેખનકાર્ય, એમનાં સંખ્યાબંધ એકાંકીનો હિસાબ પણ આપ્યાનો મને ખ્યાલ છે.

સંસારમાં પુત્ર પિતાથી સવાયો થાય છે એમ કહેવાય છે, અને ક્યારેક એવું બને છે યે ખરું. પણ શ્વસુરથી જમાઈ સવાયો થયાના દાખલા એટલા સ્વાભાવિક નથી. શયદાસાહેબનું બાળપણ હું જાણતો નથી. મૂળ ભાવનગરના ને મુંબઈ આવી વસેલા. નાટકના રસિયા અને નાટક લખતા યે ખરા. નવલકથાના યે ઉપાસક અને જિગરી દોસ્ત, એવા શયદાસાહેબના જમાઈ એનાથી સવાયા. શયદાસાહેબ પ્રત્યેની મારી મિત્ર તરીકેની લાગણીથી પ્રેરાઈને જમાઈ બરકત સવાયા એમ તો હું કહું નહિ, પણ જુવાન બરકત વીરાણીને અમે પાયધુનીમાં આપેલી એક છાપાની અંધારી કોટડીમાંથી ઉઠાવેલા-પકડેલા એ હકીકત છે.

ઑલ ઇન્ડિયા રેડિયોમાં કામ માટે બી.બી.સી.ના નિષ્ણાત લાયોનલ ફિલ્ડને અને ઝુલ્ફિકારઅલી બુખારીસાહેબે લેમિંગ્ટન રોડ પરથી જેમ મને ઉપાડેલો, બુખારીસાહેબે અને મેં એક છાપાની નાનકડી કોટડીમાંથી બરકતને ઉપાડેલો. અરજાંફરજાં, લાગવગ, સિલેક્શન, સર્ટિફિકેટ કે કોઈની ચિઠ્ઠીચપાટીની જરૂર ત્યારે નહોતી. ઓગણીસો આડત્રીસના સમયની એ સુખદ પરિસ્થિતિ !

જનાબ ઝુલ્ફિકારઅલી બુખારી મુંબઈ મથકના સ્ટેશન ડિરેક્ટર તરીકે ઝેડ. એ. બુખારીના નામે પ્રસિધ્ધિ પામેલા, અને ફિલ્ડનસાહેબે મથક માટે ક્યાંક્યાંથી ખોળી-પ્રમાણીને મરાઠી ગુજરાતી પંજાબી સિમલાવાસી પારસી વગેરેમાંથી ચુનંદા દફતરદારો કર્મચારીઓ એકઠા કર્યા હતા. બહુ ચીવટ અને ઝપાટાબંધ કામ કરેલું એમણે. પારસી ટેલિફોન ઑપરેટર તો ખરા જ. પણ એક દાવરભાઈ ક્વૉડ્રેંગ્યુલર મૅચના પ્રખ્યાત અમ્પાયરને પણ નીમી દીધા. દાવરની એક જ શરત, મૅચો ચાલે ત્યારે ચઢતે પગારે રજા. ફિલ્ડનસાહેબે તરત બાર કે તેર દિવસના હિસાબ ગોઠવી કારકુનના ગ્રેડમાં જ ઉમેરી દીધો. એટલે પછી પાછળથી ભાંજગડ જ નહિ. નવી સંસ્થા શરૂ કરવાની હોય ત્યારે નિમણુકો મોટે ભાગે જરૂરિયાત, જાણકારી અને માનવસ્વભાવના અભ્યાસથી કરવામાં આવે એ સૂત્ર હવે બહુ અમલમાં મુકાતું જોવા મળતું નથી, પણ ત્યારે એમ થતું.

મૂળ પેશાવરના એટલે બુખારી અસલ પઠાણી બાંધાના, કોણ જાણે ક્યાંથી કહેવત લઈને આવેલા કે હિન્દુસ્તાનમાં ત્રણ જ શહેરની - પેશાવર, લખનૌ અને સૂરતની પ્રજા રાતે સાંજે બહાર ખુલ્લામાં જ જમે છે. એટલે

કે એવી હોંસીલી, મોજીલી, હસવું જાણે અને માણે. અમે એ કહેવત માટે વારંવાર પૂછતા ત્યારે કહેતા, મને પહેલાં સૂરત લઈ જાઓ, પછી પૂછજો. અને એ જનાબે સૂરત પધારી ત્યાં ધોતીકુરતું પહેરીને એક સભાને સંબોધન કર્યું હતું.

પાયધુનીમાં એક છાપાની ખોલીમાં એક ખૂણે બેઠેલા બરકતને મેં ઓળખ્યો. ત્રણચાર દિવસ પહેલાં જ મુશાયરામાં મેં એને ગઝલ લકારતો સાંભળેલો. મેં બુખારીસાહેબને વાત કરી ને એમણે તુરત કહ્યું તે એને કેટલો પગાર મળે છે એ પૂછી, એનાથી દોઢે પગારે કે તને જે ઠીક લાગે તે રકમ કહી એને 'ઑલ ઇન્ડિયા રેડિયો'માં સ્ટાફ આર્ટિસ્ટમાં નક્કી કરી દો. અને બાત બન ગઈ. આ બરકત વીરાણીએ સૂરત, વડોદરા, અમદાવાદ, મુંબઈમાં કંઈક મુશાયરા ગજાવ્યા છે. 'આકાશવાણી'માં સારાસારા પ્રોગ્રામો આપી આગળ વધતા રહી એણે પોતાની સુવાસ ફેલાવી છે. અને ઉંમર વધતાં માનભેર રિટાયર્ડ થઈ હવે પોતાના પુત્ર સાથે અંધેરીમાં રહે છે. જ્યારે જ્યારે વડોદરા આવે છે ત્યારે મારા ખબર અંતર પૂછવા હોંસથી ત્રણ દાદરા ચઢી મળવા આવે છે. ગઝલસમ્રાટ જનાબ શયદાનું નામ તો તેણે રાખ્યું જ છે. એની પાસે કદાચ શયદાની 'જયભારતી'ની એકાદ નકલ હોય તો એ કાવ્ય 'કુમાર'માં ફરી છાપીને આજની નવી પ્રજાને તેનો લાભ આપવા જેવો ખરો.

અનુસંધાન] માધુકરી [પૃ. ૧૮૩ પરથી

જે વરસે વરસાદ ઓછો પડતો તે વરસે કૂવા-તળાવનાં પાણી ઘટી જતાં અને છેલ્લે લોકોને કાદવવાળું પાણી પણ કૂવા-તળાવમાંથી ઉસેટીને મેળવવું પડતું હતું. ઇ.સ. ૧૮૨૪, ૧૮૪૪ અને ૧૮૪૫માં વરસાદ ઓછો પડતાં મુંબઈમાં પાણીની તીવ્ર અછત સર્જાવાપામી હતી. ૧૮૪૫માં મુંબઈના ગવર્નર સર આર્થર હતા. તેમણે પાણીની સમસ્યાનો ઉકેલ શોધવા એક સમિતિ નીમી બે દિવસની અંદર અહેવાલ સુપરત કરવા જણાવ્યું હતું. આજે તો સરકારી સમિતિઓ અહેવાલ તૈયાર કરવા બે મહિના શું, બે વરસ લગાડે છે. ડૉ. ગ્રેહામ અને ડૉ. લીથ આ સમિતિના સભ્યો હતા અને બેત્રણ દિવસમાં અહેવાલ ગવર્નરને સુપરત કર્યો હતો. છેલ્લે ૧૮૪૫માં જ કેપ્ટન જે.એચ.જી. કોફર્ડ તરફથી અમલમાં મૂકી શકાય એવું વ્યવહારુ સૂચન મળ્યું કે મુંબઈ બહાર સાષ્ટિ તાલુકામાં વિહાર ગામ નજીક નાળા પર બંધ બાંધીને પાણી એકઠું કરવું અને પંપના દબાણથી પાઈપલાઈન મારફતે મુંબઈ આણવું.

ઇ.સ. ૧૮૫૫માં એપ્રિલની ૨૦મી તારીખે આ યોજનાને મંજૂરી મળી ત્યારે કેપ્ટન કોફર્ડ મેજર બની ગયા હતા. આ યોજના માટે ખર્ચ લગભગ ૨,૪૫,૦૦૦ પાઉન્ડનો અંદાજવામાં આવ્યો હતો. હવે બન્યું એવું કે, બીજે જ વરસે ૧૮૫૬માં વરસાદ પડ્યો નહિ. કૂવા-તળાવ સુકાઈ ગયાં. લોકો મંદિર, મસ્જિદ, ચર્ચમાં વરસાદ માટે પ્રાર્થના કરવા લાગ્યા. ગરીબ લોકો માથા પર હાંડા-મટકા મૂકીને પાણીની શોધમાં દિવસભર રખડતા રહેતા. જે લોકો ગાય-બળદ, બકરી, ભેંસ ધરાવતા હતા તેઓ મુંબઈ છોડીને સાષ્ટિ તાલુકાનાં ગામોમાં પહોંચી ગયા. ગુજરાતી, પારસી, મુસલમાન વેપારીઓએ કોટબહાર મેદાનોમાં અને અન્યત્ર કૂવા ખોદાવ્યા.

છેલ્લે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આ ગંભીરતાને લક્ષ્યમાં લઈ ૧૮૫૬ના અંત ભાગમાં ૧૨૪૨ એકર જમીનમાં વિહાર સરોવરની યોજનાની શરૂઆત કરી અને રૂ. ૨૨ લાખ ૪૬ હજારના ખર્ચે ૭૯.૨૫ મીટર ઊંચો બંધ બાંધ્યો. ૧૮૬૦ની સાલમાં તૈયાર થયેલો આ બંધ દુનિયાના અન્ય બંધ કરતાં સહુથી મોટો હતો. આ બંધથી ૧૪ માઈલ સુધી ૧૨૦૦ મિલીમીટર ડાયામીટરની પાઈપલાઈન નાખવામાં આવી અને મુંબઈને પાણી પહોંચાડવાની શરૂઆત થઈ હતી. ૧૮૫૯ના ચોમાસાનું પાણી એકઠું કરાયું હતું એટલે મુંબઈને ૧૮૬૦થી નળ મારફતે પહેલીવાર પાણી મળવા લાગ્યું.

મુંબઈના લોકો ત્યારે ઘણા રૂઢિચુસ્ત હતા. આટલે દૂરથી આવેલું પાણી ગંદું હોય છે અને એ અપવિત્ર પાણી કેવી રીતે વાપરી શકાય ? અનુભવે જાણવા મળ્યું કે ઘર નજીકનાં કૂવા-તળાવ કરતાં વિહારનું પાણી અધિક સ્વચ્છ અને મીઠું છે ત્યારે જ વાપરવા લાગ્યા.

તાનસા સરોવરનો બંધ બાંધવામાં ૨૯૦ એકર પાંચ ગૂંઠા જમીન શરૂઆતમાં વપરાઈ હતી અને ૪૮૩૪ એકર જમીન પર પાણી ફરી વળ્યાં હતાં. આ બધી જમીન મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશને વેચાતી લીધી હતી. મુંબઈ સરકારે ૫૨.૧/૨ ચોરસ માઈલનું ક્ષેત્ર કબજે લઈને ત્યાં જંગલ વિકસાવ્યું હતું. બંધ બાંધવાનો કૉન્ટ્રેક્ટ મેસર્સ ટી. ગ્લોવ્હર ઍન્ડ કંપનીને આપવામાં આવ્યો હતો. કાળમીંઢ ખડકના પાયા પર આ બંધ ૧૧૮ ફૂટ ઊંચો અને ૮૮૦૦ ફૂટ લાંબો હતો. તાનસા સરોવર ૧૮૬૬થી ૧૮૯૨ સુધીમાં ત્રણ તબક્કે પૂરું થયું હતું. ભારતના ગવર્નર જનરલ માર્કવિસ ઑફ બેન્સડાઉનના હસ્તે ૧૮૯૨ના માર્ચની ૩૧મી તારીખે એનું ઉદ્ઘાટન થયું હતું. મુંબઈ સુધી પાણી લઈ જવા માટે ૧૨૦૦ મિલીમીટર ડાયામીટરની પાઈપલાઈન નાખવામાં આવી હતી. એ માટે લગભગ રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ થયો હતો.

૧૯૧૨માં તાનસા સરોવર મોટું કરવાનું કામ હાથમાં લેવામાં આવ્યું હતું અને બંધની ઊંચાઈ ત્રણ મીટર વધારીને ઘાટકોપર સુધી બીજી પાઈપલાઈન નાખવામાં આવી હતી.

તાનસાનો ત્રીજો તબક્કો ૧૯૨૭માં પૂરો થયો હતો અને તે માટે રૂ. ૫.૪૦ કરોડનો ખર્ચ થયો હતો. ત્યારે બંધની કુલ ઊંચાઈ ૧૨૮ મીટર થઈ હતી અને પાણી એકઠું કરવાની ક્ષમતા ૧,૩૩,૦૦૦ મિલિયન લીટર ઉપરથી વધીને ૧,૬૧,૦૦૦ મિલિયન લીટર જેટલી થઈ હતી. ૧૨૦૦ અને ૧૫૦૦ મિલીમીટર ડાયામીટરની પાઈપલાઈન નાખવાથી તાનસા સરોવરમાંથી મુંબઈને દરરોજ ૪૧૦૦ લાખ લીટર પાણી દરરોજ મળવા લાગ્યું હતું. વૈતરણા મોડક સાગરમાંથી પણ તાનસા સરોવરમાં વધારાનું પાણી છોડવામાં આવે છે.

મલબાર હિલ જેવા વૈભવશાળી વિસ્તારમાં પેડર રોડ નામ આજે પણ ભુલાયું નથી. આ શ્રી પેડર મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર હતા અને મલબાર હિલ પર પાણી એકઠું કરવા વૉટર રિઝરવોયર બાંધવાની સૂચના ૧૮૭૪માં તેમણે કરી હતી.

તાનસા સરોવર ખાતે મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશને એક રમ્ય બંગલો બંધાવ્યો છે. એ બંગલામાં એક પોટ્રેઈટ છે, રાવસાહેબ યશવંત રાનડેનું. શ્રી રાનડે ઇ.સ. ૧૮૮૭થી ૧૯૨૬ સુધી તાનસાના ત્રણ વિકાસ તબક્કા પૂરા થયા ત્યાં સુધી પાણી ખાતામાં નોકરીએ હતા. એમના વખતમાં ૧૮૯૨માં તાનસામાંથી દરરોજ ૨૦૦ લાખ ગેલન પાણી મળતું હતું તો ૧૯૨૭માં ૪૦૦ લાખ ગેલન પાણી મળતું હતું.

રાવસાહેબ રાનડે શરૂઆતમાં માસિક રૂ. ૧૫ના પગારે મિસ્ત્રી તરીકે પાણી ખાતામાં જોડાયા હતા અને માસિક રૂ.૬૫૦નો પગાર મેળવતા આસિ-સ્ટન્ટ એન્જિનિઅર બન્યા હતા. મુંબઈ સરકારે એમની સેવાની કદર કરી રાવસાહેબનો ખિતાબ આપ્યો કર્યો હતો. -મૂલચંદ વર્મા ('મુંબઈ સમાચાર')

એક વિશિષ્ટ કવિવૃંદ

ડૉ. મધુસૂદન પારેખ

પ્રાસ્તાવિક

ચાર્લ્સ બીજો ઈ. ૧૬૬૦ માં ઇંગ્લેન્ડની ગાદીએ આવ્યો તે સાથે જ લંડન શહેરના બૌદ્ધિક વર્ગમાં અને તત્કાલીન સાહિત્યમાં એક નવીન અનોખી ચમક આવી ગઈ હતી. નૈતિક મૂલ્યોને ફગાવી દઈને બુદ્ધિજીવીઓને અપીલ કરતું સાહિત્ય રચાવા માંડ્યું હતું.

પણ આ બધો રંગરાગ ઝાઝો ચાલ્યો નહિ. ડ્રાયડન, ડીફો, પોપ, સ્વિફ્ટ વગેરે ધુરંધર કવિઓએ પોતપોતાની પ્રતિભાનુસાર અંગ્રેજી સાહિત્યને વિષયવસ્તુ અને રીતિ બંને રીતે સારી પેઠે સમૃદ્ધ કર્યું. એ આખા યુગને ઑગસ્ટન યુગ તરીકે ઓળખવામાં આવ્યો છે. ડૉ. જ્હૉન્સને ડ્રાયડનનાં લખાણોની સમાલોચના કરતાં નોંધેલું કે અંગ્રેજી સાહિત્યમાં પથ્થરો હતા ; ડ્રાયડને તેને સ્થાને આરસનો વારસો મૂક્યો. તેણે રોમના મહાન ઑગસ્ટસનો હવાલો આપ્યો હતો. the city of Rome which he 'found of brick and left of marble'. અલબત્ત, આ વિધાન મુજબ ઈલિઝાબેથ યુગના શેક્સ્પીઅરને 'પથ્થર' તરીકે મૂલવવો યોગ્ય ગણાય? પણ એ આડ વાત થઈ.

મુદ્દાની વાત એ છે કે ચાર્લ્સ બીજાના મૃત્યુ પછી જેમ્સ બીજો, વિલિયમ મેરી અને રાણી એન (૧૭૧૪માં મૃત્યુ) ના સમય દરમ્યાન સામાજિક અને સાહિત્યિક પરિવર્તનો અનેકવિધ થતાં રહ્યાં.

રાણી એનના મૃત્યુ પછી હેનોવર વંશના રાજાઓનો અમલ શરૂ થયો. ટોરીપક્ષને સ્થાને વ્હિગ પક્ષનો પ્રભાવ વધ્યો અને વોલપોલ ઇંગ્લન્ડમાં કર્તા-હર્તા બન્યો. Every dog has its priceમાં માનનારા આ અર્થશાસ્ત્રના કુશળ અભ્યાસીએ રાજનીતિજ્ઞો અને પ્રેસને વશ કરી લીધાં. અંગ્રેજી સાહિત્યમાં એની નીતિની અસર વરતાવા લાગી. સ્ટીલ, એડિસન, સ્વિફ્ટ, પોપ વગેરે લેખકો-કવિઓ કોઈ અમુક ખાસ વર્ગને, વિશિષ્ટ પ્રકારના વાચકવર્ગને, ઉદ્દેશીને લખતા હતા. પણ રાણી એનના મૃત્યુ પછી હેનોવર વંશના રાજ્ય-અમલ દરમ્યાન એ પરિસ્થિતિ પલટાઈ.

બૌદ્ધિક, કટાક્ષયુક્ત સાહિત્ય રચનારા ધુરંધરો બાજુ પર હડસેલાઈ જવા માંડ્યા. જ્હૉનસને નગરજનો માટે, ફૅશનેબલ સમાજ માટે લખવાનું તાક્યું નહિ; એને તો સામાન્ય અદના માણસ માટે લખ્યું હતું. આને જે મૂલ્યો ભુલાઈ ગયાં હતાં તેને ફરી પાછાં લાવવા હતાં એટલે કવિતામાં હવે એક નવું વલણ દાખલ થતું દેખાય છે અને તે નૈતિકતાનું બોધકતાનું. રિચાર્ડસને આ પ્રકારના અદના માણસોને લક્ષ કરીને જ નવલકથાઓ લખવા માંડી હતી. બૌદ્ધિકતાને ગૌણ કરીને ઊર્મિલતાનું તત્ત્વ હવે વર્ચસ્ જમાવવા માંડ્યું હતું.

હવે કવિ સામે કોઈ નિશ્ચિત પ્રકારનો વાચકવર્ગ નહોતો. એ મોટા સમુદાયને લક્ષ કરવા ઉત્સુક બન્યો હતો. પોતાના અંતરમાં ઊંડે ઊતરીને એ પોતાની ભાવનાઓ, ઊર્મિઓ વિશાળ વાચકવર્ગ સમક્ષ અભિવ્યક્ત કરવા પ્રેરાયો હતો.

જ્હૉન્સનનું 'વૅનિટી ઑફ હ્યુમન વિશિઝ' (Vanity of Human Wishes) ભલે બૌદ્ધિકતાને અપીલ કરતી પોપની કૃતિ 'ધ એસે ઑન મૅન' જેવી સમર્થ ન હોય તો પણ તેમાં કવિનો એક અંગત સૂર (personal note) સાંભળવા મળે છે. અંતરની સચ્ચાઈને કારણ તે સ્પર્શી જાય છે. આ અંગત સૂર સમગ્ર સદી દરમ્યાન કૉલિન્સ (Collins), ગ્રે (Gray), જ્હૉનસન (Jonson), ગોલ્ડસ્મિથ (Goldsmith), કાઉપર (Cowper), ક્રૅબ (Crabbe) વગેરે અનેક કવિઓમાં ઊંડાણમાંથી પ્રકટતો સંભળાય છે.

કવિતાસાહિત્યમાં એક બીજી બાબત પણ ધ્યાનપાત્ર બને છે. નગર સંસ્કૃતિને જ કેન્દ્રમાં રાખવાનાં વૃત્તિ-વલણ ઘટ્યાં તેની સાથે જ પ્રકૃતિ પ્રત્યેનો એક અનોખો ભાવ કવિતામાં વિકસવા માંડ્યો. એ ભાવ અનોખો એટલા માટે હતો કે તેમાં વિજ્ઞાનરસ અને કાવ્યરસનો સુયોગ સધાયો હતો.

પ્રકૃતિ એ આમ તો અંગ્રેજી કવિતા માટે કોઈ નવીન વિષય નહોતો જ. ઑગસ્ટન યુગના કવિઓએ પ્રકૃતિકાવ્યો રચ્યાં જ હતાં. ડેન્હામ (Denham)નું 'કૂપર્સ હિલ' (Cooper's Hill), કવિ પોપનું 'વિન્ડસર ફૉરેસ્ટ'(windsor Forest) જાણીતાં કાવ્યો હતાં જ. ગોપકાવ્યો પણ કવિઓએ રચ્યાં હતાં. પણ હવેનાં પ્રકૃતિકાવ્યોમાં તાજગીભર્યાં, વિગતસમૃદ્ધ વર્ણનો, દૃશ્યને પ્રત્યક્ષ કરાવવાની કુશળતા, વિજ્ઞાનરસની સાથે જ કલ્પનાને અપીલ કરતા તત્ત્વનું સંમિશ્રણ વગેરે આકર્ષક નવીનતા હતી.

ઑગસ્ટન યુગના કવિઓએ ભલે મનુષ્યને જ, કેન્દ્રમાં રાખ્યો હોય, 'the proper study of mankind was man'નું સૂત્ર સ્વીકાર્યું હોય, તો પણ પ્રાકૃતિક સૌંદર્યથી કવિઓ વિમુખ નહોતા જ. અને પ્રકૃતિનું સૌંદર્ય માણવાની વૃત્તિ અંગ્રેજ પ્રજાના લોહીમાં જ છે. કવિઓ એ ઉત્તમ વિષયથી વિમુખ રહી જ કેમ શકે ?

પણ થૉમ્સન અને એની સાથેના અન્ય કવિઓના એક વિશિષ્ટ વૃંદની પ્રકૃતિકવિતા કંઈક જુદી, નવી ભાત ઉપસાવે છે. એમાં પ્રકૃતિસૌંદર્ય વર્ણવતો કવિ નૈતિક ચિંતનો રજૂ કરે છે. મનુષ્યજીવનને લગતા આવા પ્રતિભવો, ચિંતનાત્મક અભિપ્રાયો હવે ધ્યાનપાત્ર બને છે. જેમ્સ થૉમસન (James Thomsan ૧૭૦૦-૧૭૪૮) એમાં અગ્રણી કવિ બની રહે છે.

ઊર્મિસભર કવિતા ક્રમશઃ પ્રજામાં સ્થાન જમાવવા માંડે છે.

થૉમ્સન સ્કૉટલૅન્ડમાં દક્ષિણના પ્રદેશમાં જન્મેલો; એડિનબર્ગમાં તેનો અભ્યાસ. ધાર્મિક અધિકારી તરીકેની કારકિર્દી નાપસંદ કરીને નસીબ અજમાવવા તે ૧૭૨૫માં લંડન પહોંચ્યો અને શિક્ષણનું કાર્ય કરી આજીવિકા પેદા કરવા માંડી. એનું કાવ્ય 'વિન્ટર' (Winter) ૧૭૨૬માં, 'સમર' (Sum-

mer) ૧૭૨૭માં, 'સ્પ્રિંગ' (Spring) ૧૭૨૮માં અને, 'ઑટમ' શરદ ને સમાવી લેતું સંપૂર્ણ કાવ્ય 'The Seasons' ૧૭૩૦માં પ્રકટ થયું. દરમ્યાન તેને કોઈ માનદ નોકરી મળી જતાં અને પેન્સન મળવા માંડતાં તેણે પોતાનું એક રાજકીય બાબતને લગતું, 'લિબર્ટી' કાવ્ય પૂરું કર્યું. પોપના નિવાસથી કંઈક નજીકમાં રિચમંડ ખાતે તેણે વસવાટ કર્યો અને સંભવતઃ પોપની ઘેરવણી હેઠળ 'ધ સીઝન્સ'ની સુધારેલી આવત્તિ પ્રકટ કરી. ૧૭૪૮માં તેની છેલ્લી કૃતિ 'ધ કેસલ ઑફ ઈન્ડોલેન્સ' 'The Castle of Indolence' પ્રકાશિત થઈ. તેના નામે કેટલીક ટ્રૅજેડિ પણ નોંધાઈ છે.

'વિન્ટર'ની પ્રસ્તાવનામાં તેણે કાવ્યમાં પ્રકૃતિ વિષય કેમ પસંદ કર્યો તે અંગે નોંધ્યું છે કે કાવ્યાત્મક ઉત્સાહ, તત્ત્વચર્ચા, નૈતિક આવેગ વગેરે જગાવવા માટે પ્રકૃતિ જેવો અન્ય કોઈ વિષય નથી. પ્રકૃતિ નહીં તો અન્ય ક્યાં આપણને એકસાથે સૌન્દર્ય, વૈવિધ્ય અને ભવ્યતા મળી શકે ? આપણા આત્માને અલૌકિક યાત્રા કુદરત સિવાય બીજું કોણ કરાવી શકે ? થૉમ્સનની કવિતાથી ઑગસ્ટન યુગની કવિતામાં કોઈ અત્યંત નવીન તત્ત્વ ભલે ઉમેરાતું ન હોય તો પણ એ કંઈક એવું કશુંક પોતાના એ યુગના સાહિત્યિક માનસને જચી ગયેલું તેનાથી અલાયદું તત્ત્વ જરૂર લઈ આવે છે. અઢારમા સૈકાની સાહિત્યિક આબોહવામાંથી તે નિયમાધીન વિશ્વ અને તેના કર્તા ઈશ્વર વિશેની માન્યતા સ્વીકારીને ચાલે છે. આઈઝેક ન્યૂટને (Isaac Newton) આ અંગે પ્રવર્તાવેલો મત તેને માન્ય છે એથી જ તો એ આઈઝેક ન્યૂટનને સમર્પિત એક કાવ્યમાં વિશ્વની સંપૂર્ણતાનો અને નિયમાધીન વ્યવસ્થાનો ઉમળકાભેર સત્કાર કરે છે :

'O wisdom truly perfect ! thus to call
From a few causes such a scheme of things,
Effects so various, beautiful and great,
A universe complete !'

અને 'સીઝન્સ'માં ઉપસંહારરૂપે તે જે ધર્મસ્તોત્ર જોડે છે તેમાં પણ ઈશ્વરની કોઈક કલ્યાણમય યોજનાથી જ કુદરતની ઘટનાઓ બનતી રહે છે એ ભાવ સ્પષ્ટપણે આલેખે છે.

These, as they change, Alimighty Father, these Are
but the varied God ! The rolling year is full of Thee.

એના કાવ્યમાં ભાવ કે વિચાર નવો નથી. પણ તેમાં વ્યક્ત થતી એક અનોખી સંવેદનશીલતા અને એક વિશિષ્ટ સંવેદનાત્મક સૂર એ તેની વિશેષતા છે. થૉમ્સનની કાવ્યબાની સભાનતાપૂર્વકની ઉચ્ચ સ્તરીય, વર્ણનોના ગૌરવને પોષનારી છે. જ્હૉન્સને તેને 'florid and luxuriant' કહીને બિરદાવી છે. એણે પ્રયોજેલું પ્રવાહી પદ્ય (blank verse) મિલ્ટનના 'બ્લૅન્ક વર્સ'થી જુદું છે. અલબત્ત, મિલ્ટનના પ્રભાવથી તેની કવિતા સર્વથા મુક્ત નથી. કોઈક મનઃ સ્થિતિના (mood) સૂચન માટે વિગતસમૃદ્ધ વર્ણનોની પસંદગીમાં અને કાવ્યને કસદાર બનાવવામાં તેની આગવી કળા છે. પણ એ જ્યારે ઉદ્‌બોધનો કરવા માંડે છે, ચિંતનાત્મક પ્રતિભાવ રજૂ કરે છે, ત્યારે બોધાત્મકતામાં સરકી પડે છે. અને વાગ્છટાયુક્ત પ્રશ્નો મૂકે છે ત્યાં તે નિષ્ફળ જાય છે. સ્કૉટલૅન્ડના ડુંગરાળ પ્રદેશોનાં કે ઈંગ્લન્ડના દક્ષિણ પ્રદેશનાં પ્રાકૃતિક દશ્યો આલેખવામાં તેનો કસબ ઝળકી ઊઠે છે. સ્કૉટલૅન્ડની ટેકરીઓનાં સૌંદર્યો તો તેણે આકંઠ પીધાં જ હતાં !

થૉમ્સનના 'ધ કેસલ ઑફ ઈન્ડોલેન્સ'માં બે સર્ગ છે અને એ રૂપકાત્મક કાવ્ય છે. સ્પેન્સરનાં વર્ણનોનો પ્રભાવ ઝીલીને તેણે આ કાવ્યમાં કેટલાંક આહ્‌લાદક વર્ણનો કર્યાં છે. ક્યારેક તો વિનોદની આછી લહર પણ ફરકી જાય છે. કિલ્લાનું અને તેમાં રહેનારાનું - કવિનું સુધ્ધાં - વર્ણન હાસ્યની સૂક્ષ્મ રેખા પ્રકટાવે છે.

A bard here dwelt more fat than bard beseems

એક કવિ અહીં રહેતો હતો - કવિઓ સ્થૂલકાય દેખાય છે તેના કરતાં ય તેની કાયા વધુ સ્થૂલ હતી. 'સીઝન્સ'માં પણ 'બર્લેસ્ક'ની આછી લહેરો તેણે પ્રકટાવી છે.

કાવ્યના બીજા સર્ગમાં કાવ્યનાયકની સિદ્ધિઓનું, તેણે કરેલા કિલ્લાના નાશનું અને મુક્ત કરેલા કેદીઓનું આલેખન છે. કાવ્યનાયક સર ઈન્ડસ્ટ્રી (Industry) એ ઈંગ્લન્ડની વિકસિત યંત્રવિદ્યાઓના પ્રતીકરૂપ છે.

પણ થૉમ્સનની મહત્તા તેણે કાવ્યમાં પ્રકૃતિને એક મુખ્ય વિષય તરીકે સ્થાપી આપ્યો તે ઘટનામાં છે. એ પછી પ્રકૃતિએ કાવ્યના એક આકર્ષક વિષય તરીકે કદી પોતાનું સ્થાન ગુમાવ્યું નથી. (ક્રમશઃ)

અનુસંધાન) કલાવાર્તા (પૃ. ૧૭૫ પરથી

ગાંધીજીના વ્યક્તિત્વની વિશિષ્ટતા બતાવવા માટે કોમલ કરુણાની વ્યંજના આપી છે. રાગોની આ મૌલિક શોધથી તેઓ પારંપરિક ઘરાનાના બંધનમાંથી મુક્ત થતા ગયા. સંગીતના લોખંડી નિયમોને તોડી સંગીતના ખેરખાંઓનો આક્રોશ વહોરીને પણ તેમણે ભારતીય રાગોમાં મોર-પિચ્છની માફક સમરંગી રાગોની મેઘધનુષી છટા ઉપસાવી.

નાદના સૃજનસૌંદર્ય વિષે વાત કરતાં તેમણે કહ્યું છે કે 'દરેક વસ્તુ અવાજ કરે છે પણ એ ગાયકી નથી હોતી. ભક્તમંડળ બેસૂરા અવાજે ભજન ગાતું હોય ત્યારે એ લોકો એમ માને છે કે ભગવાન પાસે અમારો અવાજ નહીં, ભક્તિ પહોંચે છે. પણ ગાયક આમ ન કહી શકે. એની પાસે અવાજ નહીં, નાદ હોવો જોઈએ. અને એ નાદ સુંદર હોય. પણ જ્યાં સુધી કલાકાર ભક્તિની પકડમાંથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી એ સૃજન ન કરી શકે. આપણું સંગીત આજે પણ ભક્તિના પાલવમાં સંતાઈ સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે. આપણા સંગીતનું રક્ષાકવચ બનીને ઊભી છે આ ભક્તિ. જ્યારે પશ્ચિમી કલાકારો પરંપરાથી મુક્ત બની એમાં સંશોધન કરી નિત નવા પ્રયોગો કરે છે.'

પંડિત રવિશંકરે જે કામ વાદ્ય સંગીતમાં કર્યું લગભગ એવું જ કામ કુમાર ગાંધર્વે કંઠ્ય સંગીતમાં કર્યું. એમના વૈવિધ્યનો એકમાત્ર આધાર છે નાદાત્મક લચક. તેમણે પરંપરાનો દ્રોહ કર્યો. એમની ગાયકી પારાની માફક ચપળ હતી, જેને પકડવી મુશ્કેલ. તેથી જ એક અંગ્રેજ વિવેચકે કુમારની ગાયકી માટે કહ્યું છે કે - The voice from the burning bush.

કુમારના પ્રયોગોની તીર્થયાત્રા આવી હતી; ગાયનકલાની તમામ ખામીઓને ભરી દેતી તેમની ગાયકીનું નંદનવન આવું હતું. રાગ, તાન, હરકત, મીંડ આ બધાં નિર્મળ પુષ્પો આજે આકંદ કરી રહ્યાં છે! કુમાર ગાંધર્વનો દેહવિલય એ સંગીતજગતની મોટી ખોટ ગણાશે. -સુશીલા જોશી

ધારાવાહી લઘુનવલ

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

૨ વજી માસ્તરને એક પત્ની અને એક પુત્રનો પરિવાર હતો. પત્નીનું નામ સાવિત્રી અને પુત્રનું નામ શૈલેશ.

સાવિત્રીબહેન બરોબર રવજી માસ્તરના અર્ધાંગિની જેવાં જ લાગે; એટલે કે ભગવાનનું માણસ. લૂગડામાંય એવાં જ સાદાં. સુતરાઉ સાડી, પોલકું ને પગમાં સ્લિપર. પણ સવારે નાહી ધઈને માથું ઓળ્યું હોય ત્યારે રૂપાળાં લાગે. હસમુખો ચહેરોય કદાચ એમના રૂપાળાં લાગવાનું એક કારણ હોઈ શકે.

સાવિત્રીબહેનને બધી વાતે સુખ હતું. એક તો ઑફિસ ને ઘર ભેળાં, ને ઘરમાં પાછાં ત્રણ જ જણાં. વળી, રવજી માસ્તરનો નિત્યક્રમ પણ એમના જેવો જ સાદો ને સરળ. સવારે વહેલા ઊઠીને મોંમાં દાતણ અને બાલદીમાં કપડાં, સાબુ ને ડબલું નાખતાંકને ઊપડે વાડીએ. પ્રાત:ક્રમથી પરવારીને , ત્રણે જણનાં કપડાં ધોઈને પાછાં આવે. આગલા દિવસે વહેંચવાની બાકી રહેલી ટપાલમાં કોઈ ખાસ કાગળો નજરે પડે તો એ પણ સાથે લેતા જાય. નાહીધોઈને પાછા વળતાં કાગળ પહોંચતો કરી દેવાય ને ક્યાંક ચાપાણી પીતાંપીતાં ગામની બે વાત પણ જાણવા-સાંભળવા મળે.

રવજી માસ્તર ઘરે પાછા ફરે એ દરમિયાન સાવિત્રીબહેન ઊઠ્યાં હોય. દાતણપાણી કરી નાહી લીધું હોય. પછી રવજી માસ્તરને પૂછીને બેય જણને માટે કે પછી એકલા પોતાના માટે ચા મૂકે. એ દરમિયાન રવજી માસ્તર પૂજાપાઠ પતાવે. ઑફિસની ખુરશીમાં ગોઠવાઈ જાય. પછી સાવિત્રીબહેન છૂટાં.

છૂટાં એટલે ઘરકામ હોય, પણ એ તો સાવિત્રીબહેન મોજથી કર્યા કરે, ને પાછો એમાં શૈલેશનો એમને સાથ.

શૈલેશને ચાનો કપ આપતાં કહે, 'ચા પીને સંજવારી કાઢી નાખ ત્યાં સુધીમાં હું પાણી ભરી આવું.'

પાણી ભરવા જતી વખતે રસ્તામાં આવતા મંદિરમાં દર્શન કરવા રોકાય. ઓળખીતાં મળે એમની સામે હસે, બે ઘડી ઊભાં રહે, ખબર અંતર પૂછે. અઠવાડિયામાં બે દિવસ મંદિરમાં સંજવારી-સેવાનો લાભ લે. કોઈએ થાળ આપ્યો હોય તો પ્રસાદ લેતાં જાય.

પાણી ભરીને ઘેર પહોંચે ને શૈલેશની ભાળ કાઢે. વળી એને કંઈ નાનું-મોટું કામ સોંપીને જાય વાડીએ છાશ લેવાં. છાશની સાથે પટલાણી આપે તે શાકપાંદડુંય લેતાં આવે. એમના આવ્યા પછી રવજી માસ્તર શાકભાજી લેવા જવું કે નહિ તે નક્કી કરે.

પછી સાવિત્રીબહેન રસોઈનો ઉદ્યમ આરંભે. શાક રોટલી ને ભાત કરવામાં વાર શી, પરંતુ શેરીમાં રમવા નીકળી ગયેલા શૈલેશને બોલાવવામાં ઘણી વાર થતી. એ રમતાં રમતાં કોઈનું ટાંપું કરવામાંય આનાકાની ન કરે. હશે, કોઈનું કામ કરવા સામે રવજી માસ્તર કે સાવિત્રીબહેન, બેમાંથી કોઈનેય વાંધો હોય નહિ. પણ આ તો કોઈની સાઈકલ હાથ લાગી તો ક્યાં નીકળી જાય એ વાતનું કાંઈ ઠેકાણું નહિ. અવળચંડો તો એવો કે કોઈનું ટ્રૅક્ટર શહેર બાજુ જતું હોય તો અમથોય એની ઉપર ચઢી બેસે !

સાદ ન સાંભળે તો ગોતવાય નીકળવું પડે. કોકના ઘરમાં જઈને ભરાયો હોય તો સાવિત્રીબહેન છેક ત્યાં પહોંચી જાય ને પછી ઘરના માણસોને જોઈને ઘણી વાર તો મૂળ વાત જ ભૂલી જાય. જેવી પરિસ્થિતિ. મૂળ સ્વભાવ જ હસમુખો. સામે ભાવ જુએ તો સ્વભાવ તરત પોતાનું કામ કરવા લાગી જાય.

કોઈ વાર કેરીની મોસમ હોય તો કોઈ વાર સક્કરજનની. વાડીઓના ગામમાં ફળફળાદિની તો શી કમી હોય ? સાવિત્રીબહેનને આવા પ્રસંગે એનો અણધાર્યો લાભ મળી રહે. સાવિત્રીબહેન થોડાઝાઝા સામું ન જુએ, લાગણી સામું જુએ. એટલે પોતાના ગણીને કોઈ કહે કે હવે આટલામાં ઘરે શું લઈ જાશો તો ત્યાં બેસીને જ ન્યાય આપી દે. પછી આવ્યાં હોય એ કરતાં બદલાઈ ગયાં હોય એવાં થઈને પાછાં જાય. 'હાલ, હાસ હવે', કહેતાં શૈલેશને ઉઠાડતાં જાય.

ઘેર પહોંચતાવેંત સાવિત્રીબહેન શૈલેશ સાથે રવજી માસ્તરનેય જમવા બેસાડી દે. શૈલેશને ટેવ જ લૂશ લૂશ ખાવાની તે રવજી માસ્તર હજુ તો પૂરા ગોઠવાય એ પહેલાં દફતર ગળે ભેરવતોકને ઊપડે... બહાર નીકળતાં નીકળતાં જ ચોકડી પર બે કોગળા કરતો જાય તેનો અવાજ છેક અંદર સંભળાય, કુરરર... કુરરર...

પછી રવજી માસ્તરની સામે જ બેસીને સાવિત્રીબહેન પણ કોળિયા ઉતારતાં જાય... એમાં તરેહ તરેહના સ્વાદ ભળતા જાય. સાવિત્રીબહેન એ સ્વાદને નોખા કરી કરીને સંભારતાં રહે, શીખંડ કાને ઘેર ક્યારે ખાધો હતો, ને દૂધપાક ? પણ સાવિત્રીબહેનને અહીં તો રોજ આમ જ ભોજન પૂરું કરવાનું આવે.

જમ્યા પછી જો ઑફિસમાં કોઈ આવ્યું ન હોય તો રવજી માસ્તર જરા આડે પડખે થાય. ઘર અને ઑફિસ સાથે હોવાનું આ ઓછું સુખ હતું ? કશી ચિંતા નહિ, ગામના માણસો પણ સારા હતા. કોઈ આવી ચઢે અને રવજી માસ્તરને ઑફિસમાં જુએ નહિ તો અંદર આવીને જગાડે.

સાવિત્રીબહેન પણ એઠવાડો કાઢી, વાસણકૂસણ કરીને જરા આડાં પડે. પણ આ વખત વિતાવવો એમને ભારે કઠણ થઈ પડે. રવજી માસ્તરના ઘરમાં વાંચવા જેવી કોઈ સામગ્રી પણ ઝટ હાથ લાગે નહિ. ફાંફાં મારતાં કોઈનું ભુલાઈ ગયેલું છાપું કે જૂનું ચોપાનિયું હાથ લાગે તો સાવિત્રીબહેન એનાથી હવા નાખતાંનાખતાં એની અંદર નજર પણ નાખી લે.

પરંતુ રવજી માસ્તરને બપોરની ચા કરી આપ્યા પછી તો સાવિત્રીબહેન નીકળી જ પડે. ગામમાં કોઈ સાજુંમાદું હોય તો એની પોતે ખબર કાઢવા પહેલાં જાય. ખબર કાઢવા શું, પોતે કોઈ પણ રીતે ઉપયોગી નીવડે એમ છે કે કેમ તે જુએ અને એમ હોય તો પછી કશો વિચાર કરવા પણ થોભે નહિ. બધું કરી છૂટે. બધો ભાર ઉપાડી લે. ઘરના માણસને દરદી પાસેથી ખસવું ન પડે એ રીતે એ રસોડાનું અને ઘરનું બીજું નાનુંમોટું કામ સંભાળી લે. પોતે ઉજાગરો વેઠીને ઘરના માણસોને આરામ લેવા મજબૂર કરે, 'થાક્યા હશો તમે, આખો દહાડો તો બેઠાં છો...' માંદા માણસને સાજો કરીને જ એ ઘેર પાછાં ફરે.

ઘેર આવ્યા પછી સાવિત્રીબહેનને કેટલાય દિવસ ગમે નહિ. ઘરની એકેએક વસ્તુ એમની ગમગીનીમાં વધારો કરતી રહે. જે વસ્તુ હાથમાં લે તે અળખામણી લાગે, જાણે આ પોતાનું ઘર જ નહિ. કદાચ એટલે જ એમને પોતાના કરતાં બીજાં બધાને ઘેર વખત વિતાવવો વધુ ગમે છે...

કોઈને ત્યાં મહેમાનહી આવ્યા હોય તો સાવિત્રીબહેનને સૌથી પહેલાં ખબર પડે અને ખબર પડે કે તરત મળવા પહોંચી જાય. ઘરના માણસો પાસેથી જાણવા મળે કે આવનાર પણ યાદ કરતા જ હતા. થોડી વાર પહેલાં જ પૂછ્યું હતું, સાવિત્રીબહેન કેમ હજુ દેખાયાં નહિ !...

સાંભળીને સાવિત્રીબહેન હરખાય. આમ કહેતી વખતે કહેનાર અમુક રીતે હસે છે એ બાબતે એ આંખ આડા કાન કરે. અરે, આમ તો એ બધાએ અહીં આવવા નીકળ્યાં હશે એ વખતે જ સાવિત્રીબહેનને સંભાર્યાં હશે, એમને માટે એ ભૂલ્યા વિના કંઈને કંઈ લાવ્યાં હોય, એ પરથી જ સાવિત્રીબહેનને એ વાતની ખાતરી થાય. એટલી બધી લાગણી જોઈને સાવિત્રીબહેનનો જીવ ઝાલ્યો ન રહે. એ સહુને હેતથી મળે. મહેમાનોમાં મોટી ઉંમરના હોય એ મુસાફરીથી થાક્યાં હોય એમની સેવા પણ કરવા લાગે. અને પાછાં ઊઠતી વખતે ઘરના માણસને પણ કહેવાનું ભૂલે નહિ, 'કંઈ કામકાજ હોય તો બોલાવી લેજો, મૂંઝાશો નહિ.'

કોઈ મૂંઝાય એ સાવિત્રીબહેનને જરાય ગમે નહિ. એવાં એ ભલાં. માણસ માણસને કામ ન આવે તો બીજું કોણ આવે, એમ વિચારનારાં એટલે સામેથી કહેણ ન આવે તો પણ પોતે સામે ચાલીને ખબર કાઢી આવે. મહેમાનના હાથમાંથી કામ લઈ લે. જરૂર પડે તો રોકાય પણ ખરાં. ચહેરો જ એવો હસમુખો તે સૌને ગમે. આથી જ મહેમાનો રોકાણ દરમિયાન પર્યટને જાય કે શહેરમાં, સાવિત્રીબહેન સાથે આવે એવું ઇચ્છે. પાછો સાવિત્રીબહેન માટે સગવડ-અગવડનો તો સવાલ જ ન હોય, એ ભારરૂપ તો બને જ નહિ, સ્વભાવ જ મળતાવડો ને મદદરૂપ થવાનો.

આથી જ અનાજ ભરવાની મોસમ હોય કે અથાણાંની, સાવિત્રીબહેન કોઈને ક્યારેય મૂંઝાવા ન દે. સહુને એમની આવડતનો લાભ મળે. સહુનો સાવિત્રીબહેન તરફનો ભાવ પણ એવો. લોકો પ્રેમપૂર્વક આગ્રહ કરે, તમારા ઘર માટે અથાણાં-મસાલા કરવાનો પછી તમને ક્યારે વખત રે'શે ?... અને શીશી ભરી જ દે.

સાવિત્રીબહેનની આ વિવશતા છે, એ કોઈનો આગ્રહ ઠેલી શકતાં નથી. હી...હી એવું હસીને એને વશ થઈ જતાં એમને સહુએ જોયાં છે. પછી તો સાવિત્રીબહેનને કેટલાય દિવસ લગી એ અથાણાની સોડમ આવ્યા કરે. બહુ સાચવી સાચવીને એ અથાણું વાપરે.

આ રીતે જીવન વ્યતીત કરી રહેલાં રવજી માસ્તર અને સાવિત્રીબહેનની સાથે એક જીવન શૈલેશનું પણ વ્યતીત થઈ રહ્યું હતું. ગામડામાં રહેવું એને ગમતું નહોતું. તક મળતાં જ એ બાજુના શહેરમાં આંટો મારી આવતો. આવી તક માટે એ સતત સૌને પૂછતો રહેતો, પછી કોઈ વેપારી હોય કે ખેડૂત. કોઈવાર નિશાળ જતાં-આવતાં આવી તક ઊભી થાય તો પણ શૈલેશ ખમચાય નહિ. કામ ભળાવનારને જ દફતર સોંપી દઈને ઊપડે. એને સાધનનો પણ સવાલ નહિ. કોઈનું ટ્રેક્ટર મળી જાય કે કોઈવાર મોટર સાઈકલનો પણ મેળ પડી જાય. બસમાં તો ભાગ્યે જ જવાનું થાય, જવાનો સમય જ ક્યાં નક્કી હોય ? પણ પોતાની શક્તિનો પરિચય શૈલેશે આ સૌને આપી દીધો હતો. સહુને ખબર હતી કે છોકરો મૂંઝાય એવો નથી. અમસ્તા એકલા જવું એના કરતાં એને સાથે લેવો ખોટો નહિ, એમ વિચારનાર પોતે જાતે ગયા વિના ચાલે એમ ન હોય એવા સંજોગોમાં પણ એને સાથે લે. (ક્રમશઃ)

'ધૂમકેતુ'ની જન્મશતાબ્દીની ઉજવણી



ગુજરાતી ટૂંકી વાર્તાના યુગશ્રેષ્ઠ સર્જક અને જીવનનિષ્ઠ સાહિત્યકાર ધૂમકેતુ-ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી-ની જન્માબ્દીનું વર્ષ તા. ૧૨-૧૨-૧૯૯૧થી આરંભાયું છે.

ધૂમકેતુ એ એમની 'તણખા' મંડળના ચાર ભાગોની કીર્તિદા નવલિકાઓથી ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે. એમની પૂર્વે નવલિકાસર્જન તો શરૂ થઈ ચૂક્યું હતું, પણ એ સાહિત્યપ્રકારને કલાત્મકતા અને નવો વળાંક તો ધૂમકેતુએ જ આપ્યા.

એમણે પાંચસો જેટલી નવલિકા રચીને જીવનનાં વિવિધ પાસાંને આલોકિત કર્યાં. માત્ર ગુજરાત અને ભારતમાં જ નહિ, વિદેશી ભાષાઓમાં પણ એમની નવલિકાઓ આવકાર પામી છે.


આ ઉપરાંત ધૂમકેતુએ ગુજરાતના સુવર્ણયુગને નિરૂપતી ચૌલુક્યયુગીન નવલકથાવલીની ૧૬, ભારતના સુવર્ણયુગને આલેખતી ગુપ્તયુગીન નવલકથાવલીની ૧૩ અને સામાજિક વિષયોની ૭ નવલકથાઓ, બે ખંડમાં આત્મકથા, ટાગોર તથા ખલિલ જિબ્રાનના મુક્ત અનુવાદો તેમજ બાળકો-નવશિક્ષિતો માટે તેર જેટલી પુસ્તકશ્રેણીઓનું સર્જન કર્યું છે. ગુજરાતની અગ્રણી પ્રકાશનસંસ્થા ગૂર્જર પ્રકાશને આ તમામ પુસ્તકો ૬ જુદા જુદા સંપુટમાં નવેસરથી પ્રકટ કરીને સાહિત્ય રસિકોને આકર્ષક વળતર સહિત પ્રાપ્ત કરી આપવાની યોજના બનાવી છે. આ વળતરયુક્ત દરે પુસ્તકો ગુજરાત-મહારાષ્ટ્રના તમામ પ્રસિદ્ધ પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી મળી રહે અને ગ્રાહકોએ ટપાલની ઝંઝટમાં ઊતરવું ન પડે એવી જોગવાઈ પણ થઈ છે.


ધૂમકેતુ જન્મશતાબ્દીની ઉજવણીમાં માર્ગદર્શન તથા મદદ માટે તેમજ પુસ્તકોની પ્રાપ્તિ માટે દરેક પ્રકારનો પત્રવ્યવહાર ગૂર્જર પ્રકાશન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ને સરનામે આવકાર્ય છે, એવું લખી જણાવવામાં આવ્યું છે.


કલાવાર્તા

ધારો કે કોઈ આંતરરાષ્ટ્રિય પ્રદર્શનમાં તમારી કૃતિને એવોર્ડ અને રોકડ ઈનામ મળ્યું હોય અને તમને તેની જાણ જ ન થાય તો? ૧૯૯૦ના નવેમ્બરમાં મેક્સિકોમાં 'ઇકોલોજિ એન્ડ પોલ્યુશન વિષયક એક દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રિય પોસ્ટર-પ્રદર્શન યોજાયું હતું. ક્રમાંક આપવાની કંઈક ભૂલથી નિર્ણાયકોએ ઈનામ વિજેતા ચાર પોસ્ટરની એક શ્રેણી માટે 'પ્રાઈમર પ્રીમીઓ કાર્ટેસ ઇકોલોજિકો એવોર્ડ અને તેની સાથે સાથે ૩૫૦૦ ડોલરનું ઈનામ જાપાનના એક પોસ્ટર-ડિઝાઈનરને નામે જાહેર કરી દીધું. થોડા વખત પછી ભૂલ પકડાઈ અને આ પારિતોષિક મુન્સ્ટર (વેસ્ટફેલિયા)ના ૪૫ વર્ષના જર્મન ગ્રાફિક ડિઝાઈનર ગુન્ટર શ્મીટને તેની જાણ કરવામાં આવી અને ૧૯૯૧ની વસંતમાં તેને આ ઈનામ પહોંચાડ્યું.


ઈનામવિજેતા આ પોસ્ટરો મોન્ટ્રીઅલના એક પ્રદર્શનમાં પણ રજૂ થયાં છે. કમ્પ્યૂટરની સહાય લીધા વિના કેવળ હસ્તકૌશલથી જ બનાવેલાં આ પોસ્ટરોમાં અંધરાકમય પશ્ચાદ્‌ભૂ ઉપર પૃથ્વીના સૂચનરૂપ ઘાસનો ગોળાર્ધ, વૃક્ષ, પ્રાણીના પ્રતીક રૂપ તેની ખાલ તથા જીવનના સૂચનરૂપ પાણીની લહેર દર્શાવીને દરેક પોસ્ટરની મધ્યમાં શ્વેત તૂટક રેખા રૂપે મોર્સ કોડની ભયજનક અંતિમ સ્થિતિ સૂચવતો સંકેત - એસ ઓ એસ (save our soul-sos)ની સંજ્ઞા દર્શાવી છે. પ્રદૂષણને કારણે આખરી ભયંકર સ્થિતિમાં આવી પડેલી પૃથ્વી તથા તેના પરના જીવનની આ પોસ્ટરોમાં સુંદર રીતે સૂચક, સરળ અને સચોટ રજૂઆત થઈ છે. તેના ડિઝાઈનર ગુન્ટર શ્મીટ આવી આગવી પોસ્ટર ડિઝાઈનો માટે વ્યાપક ખ્યાતિ પામેલા છે. મ્યુનિખ, હેગન,







આમ્સ્ટર્ડમ, બાડન-બેડન વગેરે અનેક જર્મન શહેરોમાં એમનાં પોસ્ટરો ખૂબ આવકાર પામ્યાં છે. 'એટલાસ ફિલ્મ્સ' તથા જર્મનીમાં 'ટ્વેન્ટીએથ સેન્ચરી ફોક્સ' માટે પણ એમણે પોસ્ટરો કર્યાં છે. આ નવું ઈનામ એમને એક કદમ વધુ આગળ લઈ જાય છે. આગામી પોસ્ટર બાએનલ માટે 'અમેરિકાનાં ૫૦૦ વર્ષ' વિષયક પોસ્ટરો માટે વર્કશોપ ચલાવવાનું પણ એમને કહેણ મળ્યું છે.



નાદબ્રહ્મના ઉપાસક

કુમાર ગાંધર્વ



સુપ્રસિદ્ધ ગાયક સંગીતસમ્રાટ કુમાર ગાંધર્વનું ૧૨ જાન્યુઆરી ૧૯૯૨ના રોજ નિધન થયું. સંગીતપ્રેમીઓની દુનિયામાં આ સમાચાર વજ્રાઘાત સમ બની રહ્યા. દેવાસના જંગલની ખીણોમાં ઘેરો સૂનકાર વ્યાપી ગયો.

પદ્મશ્રી, પદ્મભૂષણ, મધ્યપ્રદેશ સરકારના કાલિદાસ સન્માન જેવા પુરસ્કારોએ માત્ર કુમાર ગાંધર્વનું નહીં પરંતુ એમના અવાજને જે પ્રતિષ્ઠા મળેલી તેનું ગૌરવ કર્યું છે. નાદબ્રહ્મમાં લીન કરી દેતી એમની સૂરની પકડ ચિત્તતંત્રને ઝંકૃત કરી દેતી. હા, કુમાર ગાંધર્વ એક ગાયક નહીં એક સ્વર હતા અને એ સ્વરમાં વ્યક્ત થતી પીડાની પરાકાષ્ઠા, એક એવી લોકપીડાની કે જેમાં દુ:ખ એનું આકસ્મિક રૂપ છોડી સમય અને સમાજના વિરોધાભાસનું સાક્ષી બની જાય. એમના અવાજમાં દુ:ખની એવી એકાંતિક અને મર્મભેદી ત્વરા ઉપસ્થિત થતી કે જેને લીધે સંગીતશાસ્ત્ર એના કઠોર અનુશાસનને બાજુ પર મૂકી માત્ર અભિવ્યક્તિને જ પ્રધાનતા બક્ષે.

ઈ. ૧૯૨૪ની આઠમી એપ્રિલે બેલગામ (કર્ણાટક)ના સુલેભાવ ગામમાં એમનો જન્મ. શિવપુત્ર શિવરામૈયા કોમકલી એ એમનું અસલ નામ. માત્ર છ વરસની વયે લય, તાન અને સ્વરની એવી જાદુગરી પ્રાપ્ત કરી લીધી કે વઝેબુઆ, ફૈયાઝખાં, ઓંકારનાથ અને સવાઈ ગાંધર્વને સહેજપણ ફેરફાર વગર જેમના તેમ પોતાના અવાજમાં પ્રકટ કરી શકે. એકાદ વરસ પછી બાગેવાડીમાં પરિવારના ગુરુ કલમઠ સ્વામીએ શિવપુત્રનો અવાજ સાંભળી કહ્યું, 'અદ્‌ભુત ! આ

તો ગાંધર્વનું રૂપ ઊતરી આવ્યું છે!' અને શિવપુત્ર 'કુમાર ગાંધર્વ' નામે ઓળખાવા લાગ્યા.

હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં આવી પ્રતિભા ભાગ્યે જ જોવા મળે. કર્ણાટકી સંગીતમાં તો બાળક પારણામાંથી જ રાગ ઓળખતો થઈ જાય. એટલે કુમાર માટે આ બધું સહજ હતું. પરંતુ પારંપરિક રાગ પકડી બેસી રહેવાને બદલે એમના અજંપાએ સંગીતક્ષેત્રે અનેક નવાં પરિમાણો સિદ્ધ કર્યાં.

આવા કુમારને નામે નવમા વરસે ગાયન પાર્ટી બની. પ્રખ્યાત તબલાવાદક મહેબૂબખાં આ પાર્ટીમાં જોડાયા. માત્ર દસ વર્ષની વયે કુમારે અલ્લાહાબાદ સંગીત સંમેલનમાં પોતાના સ્વરનું જાદુ પાથરી દીધું અને બારમે વર્ષે મુંબઈના જિન્ના હૉલમાં મહાન સંગીતજ્ઞો વચ્ચે કુમારે કંઈક એવી રીતે સમ્મોહન-પાશ ફેંક્યો કે પૂરી મહેફિલ એમની પકડમાં આવી ગઈ. ત્યારબાદ કુમારનો સ્વર એક ચમત્કારની પ્રતિષ્ઠા પામી ગયો, અને ધીમેધીમે શાસ્ત્રીય ગાયનની તમામ સીમાઓ અને દાયરાઓને પાર કરતો ગયો.

અલ્લાહબાદમાં ફૈયાઝખાંને એમની જ ગાયકીની નકલ સંભળાવી ચકિત કરી દેવા એ તો કુમારને માટે સામાન્ય વાત હતી, પણ આ ચમત્કાર કરતાં પણ મોટો સવાલ તો હતો સંગીતની યોગ્ય સમજ અને એમાં મૌલિક આવિષ્કારનો. અનુશાસન, શુદ્ધતા અને એક વિશિષ્ટ પ્રકારના સંગીતસંસ્કાર આપવા માટે કુમારના પિતાએ પ્રો. બી. આર. દેવધરને શિક્ષક તરીકે પસંદ કરેલા. મુંબઈમાં અંજનીબાઈ માલવેકર પાસે પણ એમણે સંગીતદીક્ષા મેળવી. દેવધરનું પોતાનું વલણ પરંપરાભંજક હોવાથી એમની એ વિદ્રોહવૃત્તિ કુમારને માફક આવી ગઈ. કંઈક નવું અને બીજાથી જુદું ન કરી શકે ત્યારે બેચેની અને નિરાશાથી અકળાઈને ઑપેરાહાઉસ પાસે આંસુ સારતા કુમારને ઘણાએ જોયા હશે. એમના મનમાં પણ આ વાત હંમેશાં લીલીછમ વેદનાની જેમ તાજી જ રહી. એક મુલાકાતમાં એમણે કબૂલ કર્યું છે કે 'નિરાશાના આંચકા ખૂબ જ જરૂરી છે. મનમાં સંતોષ જન્મે કે તરત કળાકાર જડ થઈ જાય.'

ઈ. ૧૯૩૮માં કુમારે રાગ ભીમપલાસી અને તાલ રૂપકમાં પ્રથમ બંદિશ બનાવી જેના બોલ હતા:

'ઇસ જગમેં તુમ બિન કૌન
તુમ ગુરુદેવ મૈં ચેલા'

કુમારના શ્વાસો આ ભીમપલાસીને જીવતદાન આપવાનો ઉપક્રમ કરતા હતા એ દરમિયાન એમનું સ્વાસ્થ્ય કથળ્યું, એક ફેફસું રાજયક્ષ્માનો શિકાર બન્યું. કુમારના કંઠ પર તાળું વસાઈ ગયું, પૂરાં પાંચ વરસ સુધી ગળાને સંપૂર્ણ આરામ. ગાયકીનો 'ગા' પણ નહીં. માળવાની ધરતી પર દેવાસની લીલીછમ વનરાઈ અને ડુંગરોની ગોદમાં ૧૯૪૮માં કુમારે આશ્રય લીધો અને આજીવન ત્યાં જ રહ્યા. બીમારી સામે પૂરાં પાંચ વર્ષ ઝઝૂમ્યા.

માંદગી દરમિયાન પત્ની ભાનુમતીની સેવા શુશ્રૂષાનો પણ ઘણો મોટો હિસ્સો હતો. આ પત્નીના ભાવિની ચિંતા રાખી એમણે 'ભાનુકુલ' નામે આવાસ પણ બનાવ્યો હતો, પણ તેમાં રહેવાનું પત્નીથી બની શક્યું નહિ. આવાસ બની રહ્યો અને ભાનુમતીનું અવસાન થયું. મરતાં પહેલાં પુનર્લગ્ન કરી લેવા માટે એણે પતિ પાસેથી વચન લીધું હતું. કુમાર ગાંધર્વે પછી વસુંધરા સાથે લગ્ન કરેલા. પ્રથમ પત્નીથી તેમને એક પુત્ર પણ છે - મુકુલ શિવપુત્ર.

એક દિવસ પ્રાતઃકાળે કુમારના ગળાની ઘંટડીઓ ઝણઝણી ઊઠી. કુમાર ભૈરવીને લીધે ચારેબાજુ મોગરાની સુગંધ પ્રસરી ગઈ. કુમારનો પ્રભાતી સૂર ઊંચા પહાડો પર ફેલાયેલાં ગાઢ નિર્જન જંગલોની કેડીઓ પર ગૂંજી ઊઠ્યો. એકાંત પહાડી વિસ્તારની ખીણોમાં ઊંડે ઊંડે ઘૂંટાતો હતો વિરક્તિનો એ કુમારનાદ -

"નિરભય નિરગુણ ગુણ રે ગાઉંગા....
રાગ છત્તીસ સુનાઉંગા...."

અદ્‌ભુત ! એકદમ નવું. રુગ્ણશય્યા જાણે કુમાર માટે તપસ્યાપીઠ સાબિત થઈ. દેવાસની ગલીઓમાં ગૂંજતી લોકસ્વરાવલીને શાસ્ત્રીય સ્પર્શ આપી એમણે કંઈક એવું રચ્યું કે સંગીતક્ષેત્રમાં હલચલ મચી ગઈ. કબીર, સૂર, તુલસી, મીરાંના શબ્દોમાં શક્તિ જગાડતો, એક નવો જ આત્માનંદ વહેંચતો, બૈરાગને પણ એની હેસિયતની અનુભૂતિ કરાવતો યુગન યુગન કા યોગી ! માલવાની ધરતી પર કુમાર ગાંધર્વનો આ નવો જન્મ હતો. નવા રાગો, નવી બંદિશો, નવું જીવન !

કબીર અને મીરાંના શબ્દો અને એમાં છુપાયેલી તાકાત અને અર્થોને જીવંત થતા જોવા એ એક અદ્‌ભુત અનુભવ બની રહેતો. આ અનુભવની હું સાક્ષી છું. લોકસંગીતમાં છુપાયેલા રાગો પકડી એને પોતાનો સ્પર્શ આપી જે રીતે અપ્રતિમ બનાવી દીધા એનું દર્શન અન્યત્ર દુર્લભ છે. ભજનોમાં કુમારનો કોઈ હરીફ નથી. બ્રહ્માંડ જેવી રીતે સ્વયંની પરિક્રમા કરી રહ્યું છે એવી જ રીતે કુમાર રાગસૌંદર્યની આસપાસ રમ્યા કરતા. એમાં જ રમમાણ રહેતા.

નિર્ગુણી ધૂનોમાં પણ નાથપંથીઓનાં કવન એમને વિશેષ પ્રિય. નાથપંથીના મતાનુસાર આ સંસાર ભવસાગર નહીં, પણ સુખસાગર છે. આ સુખસાગરમાં હંસ એટલે કે આત્માએ તરસ્યા ન રહેવું જોઈએ. આનંદ લૂંટવો જોઈએ અને આનંદ એ જ માણી શકે જેનામાં પૌરુષ હોય. એ પૌરુષની પ્રાપ્તિ, આનંદલહેરીઓ પર તરવાની ક્ષમતા કુમારને નિર્ગુણી ધૂનોમાંથી મળી. પહેલીવાર એ ધૂન ગાઈ ત્યારે લોકોએ ટીકા કરી કે કુમાર ભીખારીઓના ગીત ગાવા લાગ્યા છે. પણ આજે તો કેટલાય ગાયકો આ 'ફૉર્મ'ને લીધે લોકપ્રિય થવા લાગ્યા છે.

કુમારના ગાયનમાં કંઠની એવી કસરત નહોતી કે ધીરે ધીરે આડંબર સાથે શરૂ થાય અને શ્રોતાઓની ધીરજનો ભોગ લીધા બાદ એના સંગીત હોવાનો અનુભવ કરાવે. અશોક રાનડેએ સ્પષ્ટ કહ્યું છે કે કુમારે જ્યારે સંગીતજગતમાં પગ મૂક્યો ત્યારે સંગીત એના તમામ સ્વરૂપે જડતા અને ગતિરોધનું શિકાર હતું. કુમારે એકલા હાથે એ ગૂંગળાવનારી પરિસ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો. કુમારે પોતાના ગાયનમાં મધ્યલયનો જ વધુ ઉપયોગ કર્યો છે, જેને લીધે સંગીતમાં તરત રમમાણ કરી લેવાની ખૂબી પેદા થઈ.

કુમાર હંમેશાં એવા રાગોની શોધ માટે પ્રયત્નશીલ રહ્યા જે જીવંત રહે. સંગીતના આ સંશોધકે અથાક પ્રયત્નો વડે જે નવા રાગ આપ્યા તેમાં સંજરી, મધસૂરની, માલાવતી, બેહદભૈરવ, અનુપરાગ, સોહની ભટિયાર વગેરેનો સમાવેશ થાય છે. એમના એક રાગ 'ગાંધી મલ્હાર' વિષે તેમણે કહેલું કે, તીવ્ર ગાંધારનો ઉપયોગ કરી
(અનુસંધાન પૃ. ૧૭૧ પર)

અતીતમાં અવગાહન

સંગીત

પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે સંગીતમાં ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણે કલાનો સમાવેશ થાય છે. પણ તેમાં ગીત મુખ્ય હોવાથી તેને જ સંગીત કહેવામાં આવે છે. તેના બે પ્રકાર છે:'માર્ગી' અને દેશી'. પ્રાચીન સંગીત માર્ગીય હતું; હાલમાં પ્રચલિત છે તેને દેશી સંગીત કહેવામાં આવે છે. દેશી સંગીતમાં કર્ણાટકી ને હિંદુસ્તાની એવા બીજા બે પ્રકાર છે. કર્ણાટકી દક્ષિણમાં અને હિંદુસ્તાની હિંદના અન્ય ભાગમાં પ્રચલિત છે.

નાદ: સંગીતનો સંબંધ નાદ (અવાજ) સાથે છે. તેની ઉત્પત્તિ વિશે નાટ્યશાસ્ત્ર કહે છે કે જીવાત્મા જ્યારે બોલવાની ઈચ્છા કરે છે ત્યારે પ્રથમ મનને પ્રેરણા થાય છે.મન શરીરમાં રહેલા અગ્નિને પ્રેરે છે. અને અગ્નિ શરીરમાં રહેલા પવનને પ્રેરે છે. તે પવન પ્રથમ નાભિસ્થાનથી ઉત્પન્ન થઈ અનુક્રમે હૃદય, કંઠ ને શીર્ષમાંથી ગતિ કરી છેવટે મુખ દ્વારા ધ્વનિ રૂપે પ્રકટ થાય છે તેને નાદ કહે છે.

શ્રુતિ : નાદના બાવીસ પ્રકાર છે. તે 'સાંભળવાયોગ્ય' હોવાથી શ્રુતિ કહેવાય છે. હૃદયની અંદર રહેલી અમુક નાડીઓના આધારે આ શ્રુતિ-ભેદ થાય છે એમ પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે.

સ્વર: બાવીસ શ્રુતિમાંથી સાત સ્વર ઉત્પન્ન થાય છે. તેનાં નામ: ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. આ સ્વરોને સંક્ષેપમાં (તેના પ્રથમાક્ષરોને આધારે) સા, રી, ગ, મ, પ, ધ, ની, એવી સંજ્ઞા આપવામાં આવી છે. એ સ્વરો સીડીની જેમ એકમેકથી ચડિયાતા બોલાય છે. આ સાત સ્વરોનાં સ્વરૂપજ્ઞાન માટે તે દરેક સ્વરને નાટ્યશાસ્ત્રમાં અમુક પ્રાણીના સ્વર સાથે સરખાવવામાં આવ્યો છે. કહ્યું છે કે મોર ષડજ, ચાતક ઋષભ, બકરો ગાંધાર, કૌંચ પક્ષી મધ્યમ, કોયલ પંચમ, દેડકો ધૈવત અને હાથી નિષાદ સ્વર બોલે છે.

એ દરેક સ્વરના પાછા બે પ્રકાર છે : શુદ્ધ અને વિકૃત. સ્વર પોતાના નિયત સ્થાનથી ખસે ત્યારે વિકૃત બને છે. તેના પણ કોમળ ને તીવ્ર એવા બે પ્રકાર છે. પોતાના સ્થાનથી પાછળ રહેલા સ્વરને કોમળ અને ઉપર રહેલાને તીવ્ર કહેવામાં આવે છે.

આ ઉપરાંત સ્વરોમાં બીજા ચાર ભેદ છે : વાદી, સંવાદી, અનુવાદી અને વિવાદી. રાગોના મુખ્ય સ્વરોને વાદી, ગૌણને સંવાદી તેમજ બાકીના સ્વરોને અનુવાદી કહે છે; અને રાગમાં વર્જ્ય હોય તેવા સ્વરો વિવાદી કહેવાય છે.

સમક : એક 'સા'થી બીજા 'સા' સુધીના સાત સ્વરોના એક ઝુમખાને સમક કહે છે. તેના પણ ત્રણ પ્રકાર છે : મંદ્ર, મધ્ય અને તાર. મંદ્ર સમકનો અવાજ હૃદયમાંથી, મધ્યનો કંઠમાંથીને તારનો શીર્ષમાંથી ઉત્પન્ન થતો કહ્યો છે. આ ત્રણે સમકોનું ઉચ્ચારણ એકમેકથી ચડિયાતી રીતે થાય છે. સામાન્યત: માણસનો અવાજ બેથી અઢી સમક સુધી પહોંચે છે એમ કહેવાય છે.

આરોહ-અવરોહ : સ્વરોને એકમેકથી ચડિયાતા ક્રમમાં ગાવામાં આવે તેને આરોહ કહે છે. જેમ કે સા, રી, ગ, મ, પ, ધ, ની. તેવી જ રીતે ઊતરતા ક્રમમાં ગાવાને અવરોહ કહે છે. જેમકે ની, ધ, પ, મ, ગ, રી, સા.

રાગ : આ રીતે સ્વરોની અમુક વિશિષ્ઠ પ્રકારની જે ચિત્તાકર્ષક રચના કરવામાં આવે તેને રાગ કહે છે. તેના ત્રણ પ્રકાર છે : ઔડવ, ષાડવ અને સંપૂર્ણ. જેમાં પાંચ સ્વરો હોય તે ઔડવ, જેમાં છ સ્વરો હોય તે ષાડવ અને જેમાં સાતે સાત સ્વરો હોય તે સંપૂર્ણ.

આ ઉપરાંત રાગના બીજા પણ ત્રણ ભેદો છે: શુદ્ધ, છાયાલગત્વ અને સંકીર્ણ. જે રાગની રચનામાં અન્ય કોઈ રાગની છાયા ન હોય તે શુદ્ધ; જેમાં અન્ય કોઈ એક રાગની છાયા હોય તે છાયાલગત્વ; અને જેમાં બેથી વધારે રાગોની છાયા હોય તે સંકીર્ણ.

રાગ-બંધારણ અંગે કેટલાક નિયમો પણ છે. જેમકે (૧) તેમાં ઓછામાં ઓછા પાંચ સ્વરો તો હોવા જ જોઈએ; (૨) આરોહ-અવરોહ હોવા જોઈએ. (૩) વાદી-સંવાદી વગેરે સ્વરો પણ હોવા જોઈએ.

અલંકાર: સ્વરોની ઉલટ-પલટને અલંકાર કહે છે. જેમકે સારી, રીસા; રીગ, ગરી; ગમ, મગ; મપ, પમ; પધ, ધપ; ધની, નીધ વગેરે. આ અલંકારને સારીગમ કે આલાપથી ગવાય છે.

આલાપ : સ્વરને જ્યારે સારીગમના નામાક્ષરોને બદલે આકાર કે ઇકારમાં ગાવામાં આવે તેને આલાપ કહેવામાં આવે છે.

તાન : રાગનો જે વિસ્તાર કરવામાં આવે તેને તાન કહે છે.

તાલ : તાલ એ અગત્યનું અંગ છે. ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણે કલાઓ તાલને આધારે જ છે. અમુક નિયત કાલ-મર્યાદા કે પ્રમાણને તાલ કહે છે.

માત્રા : એ તાલ માત્રાનો બનેલો હોય છે. એક સેકંડના સમયને કે એક તાળી પાડવાના સમયને એક માત્રા કહેવામાં આવે છે.

લય : ગીતના કાલની ગતિને લય કહે છે. તે વિલંબિત, મધ્ય ને દ્રુત એમ ત્રણ પ્રકારની છે. ધીમી ગતિને વિલંબિત લય, સાધારણ ગતિને મધ્ય લય અને ઝડપી ગતિને દ્રુત લય કહેવાય છે.

યોગેન્દ્ર પ્રિયદર્શી
(જાન્યુઆરી ૧૯૪૭ માંથી)

તમે પોતે

પોતાના ગુણાવગુણ તથા શક્તિ-અશક્તિનો દરેક વ્યક્તિ સંપૂર્ણ ખ્યાલ મેળવી શકે તથા આત્મ-નિરીક્ષણ દ્વારા ચારિત્ર્યઘડતર કરવાને ઉદ્યુક્ત થઈ જીવનને વધુ ઉન્નત ને સમૃદ્ધ કરી શકે.

આત્મવિશ્વાસ એ મનુષ્યની પ્રગતિનો સાચો પાયો છે. મનુષ્યમાં બીજા અજોડ ઉચ્ચ ગુણો હોય પણ જો તેનામાં આત્મવિશ્વાસ જ ન હોય તો એ ગુણોની કંઈ કિંમત નથી. તમારામાં આત્મવિશ્વાસ છે કે નહિ અને હોય તો કેટલો છે, તે તમારે જાણવું હોય તો નીચેના પ્રશ્નોના જવાબો તમે એક કાગળ ઉપર લખી કાઢો. એ બધા પ્રશ્નોના જવાબ જો તમે હકારમાં આપ્યા હોય તો તમારામાં આત્મવિશ્વાસ પૂરેપૂરો છે; જેટલા પ્રશ્નોના જવાબ નકારમાં તેટલી તમારા આત્મવિશ્વાસમાં ખામી.

૧. તમે ચાલતી વખતે દૃઢતાથી ડગલાં ભરો છો અને મસ્તક ઊંચું રાખીને ચાલો છો?
૨. તમારે જે કહેવાનું હોય છે તે તમે સ્પષ્ટ રીતે તથા સરસ રીતે કહી શકો છો?
૩. તમે તમારી શક્તિઓને સારી રીતે ખીલવી શકશો એની તમને ખાતરી છે?
૪. બીજાની સલાહ લેવા જવા કરતાં તમે તમારા જ અભિપ્રાય પર આધાર રાખો છો?
૫. આસપાસનાં બધાં જ ગમગીન થઈને બેઠાં હોય તે વખતે પણ તમે પ્રસન્ન રહી શકો છો?
૬. તમારી ઑફિસનું કામ વધુ સારી રીતે થાય તે માટે તમે કંઈ સૂચનો કરી શકો છો?
૭. અશક્ય એવાં દિવાસ્વપ્નોને તમે કાબૂમાં રાખી શકો છો?
૮. તમે વધુ મહેનત કરો તો પણ તમારું શરીર બગડશે નહિ એવી તમને પૂર્ણ શ્રદ્ધા છે?
૯. તમારી ચિંતાઓને દૂર કરવા તમે રોજ ને રોજ કંઈક (સક્રિય કાર્ય) કરો છો?
૧૦. તમારા ક્ષેત્રમાં તમારી પ્રગતિ થાય તે માટે તમે કોઈ યોજના તૈયાર કરી રાખી છે?
૧૧. ગમે તેવા સંજોગોમાં પણ માનસિક શાંતિ મેળવવાની કળા તમે હસ્તગત કરી છે?
૧૨. કાર્યમાં નિષ્ફળતા મળતાં નિરાશ થઈ પાછા ન પડતાં તમે ફરી પ્રયત્ન કરો છો?
૧૩. તમારી કૃતિ કે કામગીરી દ્વારા તમે તમારા સમાજની-દેશની-જગતની પ્રગતિ કરાવી શકશો એમ તમે માનો છો?
૧૪. લોકો શું કહેશે તેની દરકાર ન કરતાં તમને પોતાને આરોગ્ય અને કરકસરની દૃષ્ટિએ યોગ્ય લાગે તેવાં કપડાં તમે પહેરો છો?
૧૫. તમારી હાલની નોકરી કરતાં શરૂઆતમાં ઓછા પગારવાળી પણ ભવિષ્યમાં વધારે કમાણીવાળી નોકરી તમને મળે તે તમે પસંદ કરો ખરા? (સળંગ અંક ૨૮૪માંથી)

સાહિત્યસંપર્ક

હરીન્દ્ર દવેને મુનશી એવૉર્ડ

બહુમુખી પ્રતિભા ધરાવતા સત્ત્વવંતા સાહિત્યસર્જક હરીન્દ્ર દવે ગુજરાતી સાહિત્યમાં કવિ, નવલકથાકાર, વિવેચક, વિચારક અને પત્રકાર તરીકે સુપ્રસિદ્ધ છે. ૧૯૭૭માં પ્રકટ થયેલા તેમની **કવિતાના** (સુરેશ દલાલ દ્વારા સંપાદિત) ગ્રંથ **'હયાતી'**ને ૧૯૭૮નો રાષ્ટ્રિય સાહિત્ય અકાદમીનો **એવૉર્ડ** એનાયત થયો હતો. હરીન્દ્રનું કવિતા જેવું જ મહત્ત્વપૂર્ણ પ્રદાન નવલકથા-ક્ષેત્રે પણ છે. તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમને મુનશી એવૉર્ડથી સન્માનિત કરી નવલકથાકાર તરીકેના તેમના પ્રદાનને બિરદાવ્યું છે.

હરીન્દ્ર જયંતીલાલ દવેનો જન્મ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૩૦ના રોજ તેમના મોસાળ ખંભરા (કચ્છ)માં થયો હતો. પ્રાથમિક, માધ્યમિક અને જૂનિઅર બી.એ. સુધીનું શિક્ષણ તેમણે ભાવનગરમાં લીધેલું. તેમની સાહિત્યિક, સાંસ્કૃતિક રુચિ કેળવવામાં રવિશંકર જોશી મહત્ત્વનો ફાળો આપે છે. આગળ અભ્યાસઅર્થે તેઓ મુંબઈ જાય છે. ૧૯૫૧માં ગુજરાતી સાથે બી.એ. થયા પછી ૧૯૬૧માં તેઓ ગુજરાતી-અંગ્રેજી સાથે એમ.એ. થાય છે.

અધ્યાપક થવાની તક જતી કરી હરીન્દ્ર પત્રકારત્વને વ્યવસાય તરીકે સ્વીકારે છે. ૧૯૫૧થી ૧૯૬૨ સુધી તેઓ 'જનશક્તિ'ના તંત્રી વિભાગમાં કામ કરે છે. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી તેઓ ભારતીય વિદ્યાભવનના પાક્ષિક 'સમર્પણ'ના સંપાદક રહે છે. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી યુસિસની મુંબઈ ઑફિસમાં ગુજરાતી વિભાગના તંત્રી તરીકે કામ કર્યા પછી ૧૯૭૩ થી મુંબઈથી પ્રકટ થતા દૈનિક 'જનશક્તિ'ના તંત્રી બને છે. 'પત્રકારત્વ મારા લોહીમાં વણાયું છે.' એમ કહેનાર હરીન્દ્ર અત્યારે 'જન્મભૂમિ-પ્રવાસી'ના તંત્રીની જવાબદારી સંભાળી રહ્યા છે.



પત્રકારત્વ ક્ષેત્રે ભારેખમ જવાબદારીનું વહન કરી રહ્યા હોવા છતાં હરીન્દ્ર સાહિત્યક્ષેત્રે સ્મરણીય પ્રદાન કરી રહ્યા છે એ સાનંદાશ્ચર્ય જન્માવનારી બાબત છે. તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'આસવ' ૧૯૬૧માં તથા કાવ્યસંગ્રહ 'મૌન' ૧૯૬૬માં પ્રકટ થાય છે. ૧૯૭૨માં તેઓ બીજો ગઝલસંગ્રહ 'સમય' તથા એક મુક્તકસંગ્રહ 'અર્પણ' આપે છે. અગાઉના સંગ્રહોથી વિષયવસ્તુ અને નિરૂપણ રીતિની દૃષ્ટિએ અલગ પડતો કાવ્યસંગ્રહ 'સૂર્યોપનિષદ' કવિ ૧૯૭૫માં પ્રકટ કરે છે. તે પછી અદ્યાપિ તેમનું કાવ્યસર્જન ચાલુ જ છે. તેમની કવિતાનો આરંભ રાજેન્દ્ર-નિરંજન યુગના કવિઓની પરંપરામાં થાય છે અને પછી તે ધીમે ધીમે અદ્યતન કવિતાના પ્રવાહમાં ભળી જાય છે.

ગુજરાત રાજ્ય નાટ્યસ્પર્ધામાં ઇનામ પ્રાપ્ત કરતી કૃતિ 'યુગે યુગે' દ્વારા હરીન્દ્ર ૧૯૬૯માં નાટકક્ષેત્રે પ્રથમ પ્રદાન કરે છે. ૧૯૭૮માં તેઓ 'સાહિત્ય' ત્રૈમાસિકમાં 'દીવાલમાં દરવાજો' નામક બીજી નાટ્યકૃતિ આપે છે. 'કૃષ્ણ અને માનવસંબંધો' વિશે નોંધપાત્ર ગ્રંથ આપ્યા પછી તેઓ નવમા દાયકાના આરંભે 'નીરવ સંવાદ' નામક નિબંધસંગ્રહ આપે છે. તેમાં વિષયવૈવિધ્ય અને ભાષાલાલિત્ય છે, પણ પ્રાધાન્ય ભોગવે છે વિચારતત્ત્વ. આ દાયકાના મધ્યમાં અને ઉત્તરાર્ધમાં તેઓ 'વેરાનું સ્વપ્ન', 'ઘૂંટાતું સત્ય', 'ઘીના દીવાનો ઉજાસ', તથા 'ઇશ્વરની આંખનું આંસુ' જેવા સંગ્રહોમાં સાંપ્રત ક્ષણોને શબ્દબદ્ધ કરે છે. 'કવિ અને કવિતા'(૧૯૭૧)માં માર્મિક કાવ્યાસ્વાદો આપ્યા પછી ૧૯૮૭માં તેઓ 'વિવેચનની ક્ષણો' લઈ આવે છે. તેમાં તેઓ પોતાને જે ગમ્યું છે તેનો આસ્વાદ કરાવે છે. ગુજરાતી ગ્રંથકાર શ્રેણીમાં તેઓ ઉમાશંકર જોશી વિશે એક લઘુગ્રંથ લખે છે. સારંગ બારોટની શ્રેષ્ઠ વાર્તાઓનું સંપાદન તેમણે 'સાચાં મોતીનો ચારો' નામથી કર્યું છે. ટી.એસ.એલિયટના વિખ્યાત કાવ્ય 'ધ વેસ્ટ લેન્ડ'નો અનુવાદ તેમણે 'મરુભૂમિ' (૧૯૮૮) શીર્ષકથી કર્યો છે. આ અનુવાદ આપણા સાહિત્યની એક ઘટના કહી શકાય.

હરીન્દ્ર દવેને કવિતા પછી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થાય છે નવલકથાક્ષેત્રે. ૧૯૬૨ ('અગનપંખી')થી આજ સુધી તેમનું નવલકથા સર્જન ચાલુ રહ્યું છે. ત્રણ દાયકાના નવલકથાલેખન દરમ્યાન તેમની પાસેથી દસ નવલકથાઓ પ્રાપ્ય થાય છે. જેમાંની અડધોઅડધ કૃતિઓ એક યા બીજા કારણે ઉલ્લેખનીય છે.

પોતાની પ્રથમ નવલકથા 'અગનપંખી'માં હરીન્દ્રે ધરતી અને આકાશી દુનિયાનો તથા બે પ્રકારના માનવજગતનો સુપેરે પરિચય કરાવ્યો છે. આ નવલનું જગત ભૂલો અને અકસ્માતનું જગત છે. ૧૯૬૬માં પ્રકટ થતી હરીન્દ્રની બીજી નવલકથા 'પળનાં પ્રતિબિંબ' નિરૂપણ-પદ્ધતિની બાબતમાં આગળની કૃતિ કરતાં જુદી પડે છે. આ નવલમાં સ્થળકાળનાં પરિમાણો અને ઘટના-પરંપરાનો છેદ ઉડાવી લેખકે પાત્રોના મનોગતને કાવ્યમય ભાષામાં વ્યક્ત કરવાની મથામણ કરી છે. શાંતિની ચરમ ક્ષણ શાશ્વત બને તેની તિતિક્ષા કૃતિમાં સાદ્યંત અનુભવાય છે.

હરીન્દ્ર દવેની ત્રીજી નવલકથા 'અનાગત' (૧૯૬૮)નું સ્વરૂપ લઘુનવલનું છે. કૃતિની કથનરીતિ ત્રીજા પુરુષની હોવા છતાં કથાનાયક આલોકનો દૃષ્ટિકોણ તે લેખકનો દૃષ્ટિકોણ હોય એવી છાપ પડે છે. લેખકની સાથે, મૃત્યુની સંનિધિ અનુભવતા નાયક સાથે નષ્ટપ્રાય થયેલું ઊરડ ગામ વાત કહેવા લાગી જાય છે. લેખક નિરૂપ્યમાણ લાગણીના સ્તર સુધી ભાષાને લઈ જવામાં સફળ થયા છે.

'માધવ ક્યાંય નથી' (૧૯૭૦)માં લેખક માધવ પ્રત્યેની ઉત્કટ પ્રીતિનો અનુભવ રંગદર્શી શૈલીમાં કરાવે છે. તેમને વિશેષ પ્રસિદ્ધિ અપાવનાર આ રચનામાં પુરાકલ્પનનો વિનિયોગ કરી કૃષ્ણના પાત્રસંદર્ભમાં આધુનિક યુગની છિન્નભિન્નતા અને સ્વાર્થાંધતાને ઉપસાવવામાં લેખકને મહદંશે સફળતા પ્રાપ્ત થઈ છે. નારદના પરિભ્રમણોમાં જીવતા કૃષ્ણનું પાત્ર હૃદયંગમ બની શક્યું છે.

'સુખ નામનો પ્રદેશ' (૧૯૭૫) નવલકથામાં હરીન્દ્રે મનુષ્યમાત્રની સુખ પ્રાપ્ત કરવાની સનાતન ઇચ્છાની સાથે સાંપ્રત ઘટનાઓ ગૂંથી લઈ કેટલીક તરંગલીલાઓના આલેખ દ્વારા માનવની સુખ નામના પ્રદેશની શોધનું ચિત્ર આપ્યું છે. 'સંગ-અસંગ' ૧૯૭૯માં 'ચિત્રલેખા'માં ધારાવાહીરૂપે પ્રકાશિત થયેલી. આ નવલકથામાં તાંત્રિક વિદ્યા તથા ત્રિપુરસુંદરીના સાહિત્ય અંગેની જાણકારી આપવામાં આવી છે. 'ગાંધીની કાવડ' (૮૪)માં લેખકની સમાજાભિમુખતા જોવા મળે છે. 'લોહીનો

રંગ લાલ' (૧૯૮૨) વાર્તારસથી વિશેષ કંઈ આપી શકતી નથી.

હરીન્દ્રની નવમી નવલકથા 'મુખવટો' (૧૯૮૫) ટ્રેજેડિ જેવી પ્રબળ અસર મૂકી જતી, રસપ્રવાહમાં ભાવકને પ્રબળ વેગથી ખેંચી જતી, કચકડાની કલાસૃષ્ટિના કાવ્યમય કોલાજ સમી રમણીય કથા છે. 'વસિયત' (૧૯૮૭) લેખકની દસમી (અને 'ચિત્રલેખા'માં ધારાવાહી પ્રકટ થયેલી ચોથી) નવલકથા છે. પંજાબની ઉત્તેજનાપૂર્ણ, વિક્ષુબ્ધ કરી મૂકે તેવી સમકાલીન ઘટનાઓને વણી લેતી આ ઘટનાપ્રધાન બૃહદ નવલકથામાં ભારેખમ, રહસ્યસભર ઘટનાઓનું પ્રમાણ એટલું બધું વધારે છે કે પાત્રમાનસના ઊંડાણોમાં જવાનો અને તેમનાં મનોમંથનોને નિરૂપવાનો પૂરતો અવકાશ રહ્યો નથી. છતાં મુખ્ય પાત્રોની માનસિક ગડમથલ લેખકે પકડી છે અને ઉપસાવી છે. આ નવલકથા પાછળ લેખકની વિશિષ્ટ જીવનદૃષ્ટિ રહેલી છે. આ ઉમદા જીવનદૃષ્ટિ અને પૃથ્વી-શેફાલીની વિરલ પ્રેમકથા અમુક અંશે ડિટેક્ટિવ જેવી લાગતી રહસ્યસભર નવલકથાને ઋજુ માનવીય પરિમાણ બક્ષે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ તરીકે તાજેતરમાં જેમની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે એવા આપણા મૂર્ધન્ય સાહિત્યકાર-પત્રકાર હરીન્દ્ર દવે આવનારાં વર્ષોમાં તેમની સર્જક ચેતનાના રમ્ય નવોન્મેષને પ્રકટાવતી ઉત્કૃષ્ટ કલાકૃતિઓ સર્જવા સમર્થ બને એવી અભ્યર્થના.

- પ્રસાદ બ્રહ્મભટ્ટ

સાહિત્યિક સંજ્ઞાઓ

ટોન

ટોન (tone) શબ્દ ગુજરાતીમાં લગભગ સમાવાઈ ગયેલી સંજ્ઞા છે. ટોન એટલે ભાવ. 'એમણે અમુક ટોનમાં કીધું' એટલે અમુક ભાવમાં કીધું. વળી, ભાવ વિવિધ હોય - કટાક્ષનો હોય, આવકારનો હોય, કદરનો હોય, ઉપરની સપાટીએ એક રીતનો પણ વાસ્તવમાં બીજી રીતનો ય હોય. આ બધી સંકુલ અર્થલીલા ટોનમાં વ્યક્ત થાય, ટોન દ્વારા.

તો આ કે તે ભાવ તો પરિણામરૂપ છે. તે પરિણામ નિપજાવનાર સાધન તે ટોન છે. અંગ્રેજી અર્થમાં લઈએ તો ટોન તે આ કે તે ઉક્તિ બોલવાની એક રીત, અમુક લઢણ, તે સૂચવે છે. ટોન શબ્દનો સાદો ડિક્શનરી-ગત અર્થ સહજ, સરલ રીતે ગુજરાતી સંદર્ભમાં પણ ટોન શબ્દ વાપરતાં પકડાય છે. 'તમે એવા ટોનમાં બોલ્યાને કે -' આમ આપણે ઘણી વાર સાંભળીએ છીએ.

પણ વિવેચનની પરિભાષામાં અંગ્રેજીમાં ટોન સંજ્ઞાનો સારા એવા સઘન સંદર્ભમાં ઉપયોગ થાય છે. ખાસ કરીને ભાષાશાસ્ત્રની શૈલીશાસ્ત્ર, સ્ટાઈલિસ્ટિક્સની શાખામાં આ સંજ્ઞા બહુ અર્થપૂર્ણ રીતે પ્રયોજાતી જોવા મળે છે.

આમાં એક છેડે ઉચ્ચારણની વિશિષ્ટતાઓ ઝીલવા, નોંધવા જે ઉચ્ચારશાસ્ત્ર, ફનેટિક્સની આગવી સંજ્ઞાશ્રેણી હોય, તેના અનુસંધાનમાં ટોનને નોંધવા વૈજ્ઞાનિક રીતનાં ચિહ્નો, રેખાઓ, આવર્તનો, ચઢાવ-ઉતાર દર્શાવતા કોઠાઓ આ પ્રકારની જિજ્ઞાસાને વિકસાવતી, સંતોષતી રીતિ-પદ્ધતિઓની સામગ્રી એ આગવી જ છે. જેમ અંગ્રેજી ભાષા બોલતાં શીખનારને અમુક તબક્કે એક પ્રશ્નાર્થમાં રચાયેલું વાક્ય કેવી રીતે બોલાય તે બતાવવા આવાં વાક્યોની ટોન વિશેની રીતિ સમજાવવી પડે. આરંભે નીચા સૂરે, પછી ઊંચા, પછી વળી - આમ જેને ઇંનટનેશન પૅટર્ન, સૂરરચના, આરોહ-અવરોહની રચનારીતિ કહે છે તેની વાત કરવી પડે.

આમ, આગળ સાહિત્યમાં-કાવ્યમાં નવલકથામાં, નાટકમાં ટોનનો ઉપયોગ થાય છે, ત્યારે ભાષાનું એ જ ઘટક હવે ખૂબ જ કેન્દ્રવર્તી બની જાય છે. સાદી વાતચીતમાં પણ ટોન-ગત રમત પ્રયોજાય છે તે આપણા બધાનો અનુભવ છે. જ્યારે સાહિત્યિક સંવાદમાં કે પછી કોઈ પ્રસંગના વર્ણનમાં એ જ ઘટકની મદદથી અર્થ નિષ્પન્ન કરાતો જોવા મળે છે ત્યારે ભાષાના આ ટોન નામક અંગ વિશે વિશેષ જિજ્ઞાસા જાગે છે. સાહિત્યિક કૃતિમાં ટોનનો જે સંકુલ ઉપયોગ થતો જોવા મળે છે તે આમ તો રોજબરોજની ભાષાનું જ એક વધુ પરિમાણ છે, પણ ડિકન્સ કે હેન્રી જેમ્સ કે હાર્ડી જેવી પ્રતિભાને ચાકડે ચડે ત્યારે એ જ અંગે કેટલી વિપુલ અર્થચ્છાયાઓ ઉપસાવી શકે છે તેનો વિસ્મય ખૂટતો નથી.

નાટક તો બોલેલી ભાષાની કલા છે અને શેક્સ્પીઅરના 'મૅકબેથ'માં લેડી મૅકબેથની એક જગ્યાએ એક ઉક્તિ છે: 'વી ફેઈલ', એ આ સંબંધમાં બહુ જાણીતી છે. એ ઉક્તિ નટ કઈ રીતે ઉચ્ચારે છે તે પર એ શબ્દોના જ નહીં, પણ લેડી મૅકબેથના પાત્રવિશેષના અર્થઘટનનો આધાર છે. 'ધારો કે આપણે નિષ્ફળ જઈએ', 'શું આપણે નિષ્ફળ જઈએ?' 'હા, આપણે નિષ્ફળ જઈએ' - એ બધા અર્થો આ બે શબ્દોની ટોનગત રજૂઆત પર આધાર રાખે છે.

કાવ્યમાં પણ કવિએ કવિએ ફેર હોય છે. કોઈ કવિમાં ટોન એ મહત્ત્વનું અંગ ન હોય. કોઈમાં આખી મજા જ ટોન કઈ રીતે પ્રયોજાયો છે તેમાં હોય. ખાસ કરીને પ્રશિષ્ટ પ્રકારના, ક્લાસિકલ કવિઓમાં ટોનનું મહત્ત્વ વધારે રહેવાનું. અઢારમી સદી એ ભદ્રલોકના સાહિત્યની સદી એમ અંગ્રેજી સાહિત્યના સંદર્ભમાં કહી શકાય. એમનો છંદોલય સુરેખ, તાજવે તોળેલો, નિયમિત. આ કવિતા આમ જોઈએ તો જરા ઠંડા કાળજાની ગદ્યાળુ લાગે. ઠાવકી, સંસ્કૃત, કૃતક. પણ આ પેલી નારિકેલફલ પ્રકારની કાવ્યરીતિ. જો ધીરજ રાખી તેનાં ટોનગત લક્ષણો જાણવા-માણવા લાગો, તે જે સંસ્કૃતિનું ફરજંદ હોય તે સારીય સંસ્કૃતિમાં પ્રસરેલી અર્થલીલાને, તેની બધી મૂર્છનાઓ નવજાગ્રત કરી, તેમાં એક વાર વિહરવા માંડો, અન્ય ભાષાનાં લયો-આવર્તનો, તેની રમત ઝીલવા લાગો તો પછી એટલી બધી મજા આવે. બધો જ આધાર માત્ર ટોનની રમણામાં રહેલો છે એવું લાગે. અંગ્રેજ કવિ પોપ જે અઢારમી સદીની આ પ્રકારની કવિતાનો પ્રમુખ પ્રયોજક છે તેને વાંચતા આ જ પ્રતીતિ થાય, તેની એક જાણીતી પંક્તિ છે : 'સમટાઈમ્સ કાઉન્સેલ ટેક, એન્ડ સમટાઈમ્સ ટી' - કોઈ વાર અતિ મહત્ત્વની સલાહ લેતાં, કોઈ વાર ચ્હા...- બહુ જ વિલક્ષણ એવી અર્થછટાઓ આવા આવા શાબ્દિક, સૂરગત, કીમિયા તેમના કસબથી વ્યક્ત થાય છે.

અત્યારના સમયમાં ટોન એ વર્ગભેદના વિવિધ આવિષ્કારો ઉકેલવામાં મદદરૂપ ઘટક છે. ખાસ કરીને સમકાલીન કલ્ચરના અભ્યાસોમાં આનો વિશિષ્ટ ઉપયોગ કરાય છે. રિચર્ડ હોગર્ટ નામના અંગ્રેજ વિવેચકનાં લખાણો આ સંબંધે ખાસ રસપ્રદ છે. બ્રિટિશ વિવેચનની આ ખાસ પ્રણાલિ રહી છે. ગુજરાતી નવલકથાના અભ્યાસોમાં પણ દાખલા તરીકે જ્ઞાતિભાન જેવા ક્ષેત્રમાં આવા અભિગમો ઉપયોગી થઈ શકે. આ દૃષ્ટિએ ટોનના અભ્યાસની મહત્તા આજ વધતી જતી જોવા મળે છે.

- દિગીશ મહેતા

જાણીએ જોડણી

તત્સમ-તદ્ભવના સામાન્ય નિયમો

નિયમ ૯ : કેટલાક શબ્દોના ઉચ્ચાર માટે પ્રાદેશિક મતભેદ હોઈ લખવામાં પણ વૈકલ્પિક અક્ષરો માન્ય ગણવામાં આવ્યા છે : જ-ઝ, ડ-ઢ, ડ-ર, લ-ર, લ-ળ, શ-સ, શ-ષ વગેરે.

દાખલા : ચીજ-ચીઝ, મજા-મઝા, સાંજ-સાંઝ, જરૂખો-ઝરૂખો જમરૂખ-ઝમરૂખ, મજિયારું-મઝિયારું - પેડુ-પેઢુ, અષાડ-અષાઢ, ચડાઈ-ચઢાઈ, વેડમી-વેઢમી, ચડિયાતું-ચઢિયાતું; - અડધ-અરધ, કઠેડો-કઠેરો, અછડતું-અછરતું, ઉડાડવું, ઉરાડવું, તડબૂચ-તરબૂચ, ખવડાવવું-ખવરાવવું, ધવડાવવું-ધવરાવવું, સુવડાવવું-સુવરાવવું, ખડબચડું-ખરબચડું, કહેવડાવવું-કહેવરાવવું; નિચોલ-નિચોર, શેલડી-શેરડી, ખરસૂલું-ખરસુરું, નારિકેલ-નારિકેર; - અટાલી-અટાળી(-રી), કમલ-કમળ, ચંચલ-ચંચળ, પંચોલી-પંચોળી, પિંગલ-પિંગળ, પરિમલ-પરિમળ, સુરવાલ-સુરવાળ, તાત્કાલિક-તાત્કાળિક; - ઇશુ-ઇસુ, ઘેંશ-ઘેંસ, છાશ-છાસ, ડોશી-ડોસી, માશી-માસી, દશ-દસ, દિશ-દિસ, વીશ-વીસ, ત્રીશ-ત્રીસ, શિકલ-સિકલ, શિલક-સિલક, અગાશી-અગાસી, ખુરશી-ખુરસી, દશેરા-દસેરા, પાડોશી-પાડોસી, બક્ષિશ-બક્ષિસ, બારશ-બારસ, લંબૂશ-લંબૂસ, હબશી-હબસી, અહેશાન-અહેસાન, કપાશિયો-કપાસિયો, ગરાશિયો-ગરાસિયો, સરશિયું-સરસિયું, અગિયારશ-અગિયારસ, કોશ-કોષ, જોશ-જોષ, વિશે-વિષે, વેશ-વેષ વગેરે.

નોંધ : (ક) શું, શક, શંકા, શક્ય, શાક, શોધ, શકુનિ, શગડી, શટલ, શરીર, મુશાયરો, શમિયાનો, શક(-ક્ક)રપારા જેવા શબ્દોમાં 'શ' જ રાખવો અને સત્ર, સંચો, સેવા, સોલો, સપૂચું, સફાઈ, સસલું, સાકર, સૂવર, ચાળીસ, પચાસ, સેમિનાર, સફરજન જેવા શબ્દોમાં 'સ' રાખવો.

(ખ) આ વિકલ્પ-છૂટ મર્યાદિત શબ્દો માટે જ છે. ચીડ, રાડ, પડવું, રડવું, દાડમ-માંના ડનો ઢ કે ર થતો નથી. કાઢ, વાઢ, અઢાર, જેવામાં ઢ જ રહે છે. કડી ને કઢી, શરત ને સરત, શંકર ને સંકરના અર્થ જુદા છે. 'નુકસાન'માટે 'નુકશાન' કરી શકાતું નથી.

(ગ) મર્યાદિત સંખ્યામાં કેટલાક બીજા વિકલ્પો પણ છે. જેમ કે અણકી(-ચી), અથાક(-ગ), અણ(-ન)ઘડ, અણગોક(-ખ,-હ), અણખત(-લ), અડદવો(-ળો), અડબોત(-થ), કોહવાટ(-રો), નારિયેર(-ળ), ઉભ(-બ)ળાવવું વગેરે.

(ઘ) આ વિકલ્પો પૈકી એક જણે એક જ દિશાના કે પ્રકારના શબ્દો પસંદ કરવા જોઈએ. દશ, જોશી, ચડવું, કચડવું, વર્તુલ લખનારે વૈકલ્પિક છૂટનો અધિકાર ભોગવી દસ, જોષી, ચઢવું, કચરવું, વર્તુળ ન લખવું તે સામાન્ય રીતે સારું ગણાય.

(ડ) આવું બધા જ વિકલ્પો વિશે વિચારવું સારું. એક દિશાનો યા નિયમને વધુ અનુસરતો શબ્દ વાપરવો વધુ હિતાવહ છે. કેમ કે 'રાષ્ટ્રિય' લખનાર ખોટી રીતે 'પંચવર્ષિય' પણ લખી બેસે છે. શ-ષ ગમે તેમ બદલનાર 'દોશી'નું 'દોષી' પણ કરી બેસે છે !

નિયમ ૧૦ : લેખન અને છાપકામની અનુકૂળતા ખાતર કેટલાક અક્ષરોનાં બે કે વધુ રૂપ સ્વીકારવામાં આવ્યાં છે.

દાખલા : જુ-જ્ઞુ, જૂ-જ્ઞૂ, જી-જી, રુ-રુ, શ્ર માટે શ્ર તથા શ્ચ-શ્ચ, ર્ માટે રેફ(ˆ), /,્ર વેગેરે.

રાજુ-રાજ્ઞુ, જૂઠ-જૂઠ, કાનજી-કાનજી, મારું-મારુ, ઈશ્વર-ઈશ્વર ઈત્યાદિ.

નોંધ : (ક) જીને બદલે જી અને રૂને બદલે રૂ વધુ પ્રચલિત છે. જી-જી, રૂ-રૂમાં માત્ર લેખનવેગજન્ય આકારભેદ રહેલો છે. જો કે ટપયંત્રમાં જી નહીં, જી જ વાપરવો પડે છે, કમ્પ્યૂટરને પણ જી કરતાં જી વધુ અનુકૂળ લાગે છે.

(ખ) જ્ઞુ, જ્ઞૂ જેવા વધારાના - બિનજરૂરી કાનાવાળા અક્ષરો કરતાં જુ, જૂ જ વાપરવા વધુ સાચા ગણાય

(ગ) આર્ટ્સ, માર્ક્સ, વર્ડ્ઝવર્થ જેવામાં રેફ સ્વરયુક્ત વ્યંજન ઉપર બિરાજે છે. જો કે આર્ટ્સ, માર્ક્સ વર્ડ્ઝવર્થ લખીએ તો પણ ઉચ્ચારાર્થમાં ફેર પડતો નથી. પરંતુ પ્રણાલિકા મુજબ રેફ સ્વરયુક્ત વ્યંજન પર રહે છે.

(ઘ) જોડાક્ષરો માટે આપણી લિપીની લખાવટ-છપાવટ જોઈએ તેટલી સંતોષકારક નથી. ઉપરાંત દેશની ભાષાઓ વચ્ચે એક સંપર્કલિપી પણ આવશ્યક છે. રાષ્ટ્રિય એકતાને તેથી બળ પણ મળે. આ કારણોસર લખવા માટે પ્રચલિત લિપી ભલે રહી, પણ છાપવા માટે નાગરી લિપીની હિમાયત કરવામાં આવે છે. ગુજરાતી પાક્ષિક 'ભૂમિપુત્ર' અગાઉ પૂરું અને હવે એક લેખ પૂરતું નાગરી લિપીમાં છપાય છે.

નિયમ ૧૧ : કવિતામાં પણ નિયમાનુસાર જ જોડણી કરવી. છંદની દૃષ્ટિએ જરૂર પડે તો વર્ણ ઉપર લઘુ-ગુરુનાં ચિહ્ન મૂકી શકાય.

દાખલા : મંદાક્રાંતા છંદમાં -

ભાગી નાસી દૂ઼ર સફળતા ને હું તાકી જ રહ્યો !

નોંધ : (ક) આપેલાં ઉદાહરણમાં છંદની દૃષ્ટિએ 'દૂર' શબ્દમાં દૂ પર ˘ ચિહ્ન કરી તેને લઘુ માનવાનું સુચવાયું છે. આ રીતે ગદ્યની જેમ પદ્યમાં પણ શબ્દોની જોડણી, છંદને લીધે બદલવાની જરૂર નથી.

(ખ) આજની કવિતા ઇ-ઈ, ઉ-ઊની હ્રસ્વ-દીર્ઘતા હજી સાચવે છે. પરંતુ સમગ્ર જોડણીનાં બંધન એ ભાગ્યે જ પાળે છે. ભઈ, પહેર, મ્હોર, જલ્દી, ઈતિહાસી, જેવાં નિયમ બહારનાં લાગતાં રૂપો કવિતામાં જોવા મળે છે. - **રામજીભાઈ પટેલ**

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય પુસ્તિકાઓ

મહાદેવભાઈ દેસાઈનો પરિચય અને એમના વૈશિષ્ટ્ય પર પ્રકાશ પાડતી પુસ્તિકા. લેખિકા : વનમાળા દેસાઈ

વિશ્વનું મોટું બેંકકૌભાંડ : તાજેતરમાં દુનિયાભરમાં વ્યાપક હલચલ મચાવી મૂકનાર બી. સી. સી.આઈ બેંકના નાણાંકીય કૌભાંડોની સમજ આપતી પુસ્તિકા. લેખક : અભિજિત દોશી.

વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાઓ વિષે વિગતે માહિતી આપતી પુસ્તિકા. લેખક : પ્રદીપ ત્રિવેદી

પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરીઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૦૨; દરેક પુસ્તિકાની કિંમત ૪ રૂપિયા.

પ્રભાવક સ્થવિરો (ભાગ ૨) : આ સદીના પૂર્વાર્ધમાં થઈ ગએલા મહાન જૈન જ્યોતિર્ધરોમાંનાં ચાર પ્રભાવક સ્થવિરો - સર્વશ્રી બુટેરાયજી મહારાજ, વૃદ્ધિચંદ્રજી મહારાજ, મોહનલાલજી મહારાજ તથા વિજયશાન્તિસૂરિ મહારાજનાં ચરિત્રો. લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ. (ક્રાઉન, પાકું પૂઠું

પૃ. ૧૮૩. કિં ૨૦ રૂ. પ્રકાશક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫ સરદાર વી.પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪.)

જિનતત્ત્વ (ભાગ-૪) જૈન ધર્મના પારિભાષિક વિષયોની સરળ સમજ આપતાં આઠ વ્યાખ્યાનોનું સંપાદન. (ક્રાઉન, પાકું પૂઠું, પૃ. ૧૮૬. લેખક, પ્રકાશક તથા કિંમત ઉપર મુજબ.)

તાઓદર્શન ચીનના વિખ્યાત દર્શક લાઓત્સેના વિચારપંથ તાએન-તાઓની સમજ આપતું પ્રકાશન. લેખક ડૉ. રમણલાલ ચી. શાહ (પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦. ડિમાઈ, કાચું પૂઠું, પૃ. ૯૪, કિં. ૧૮ રૂ.)

કચ્છની તવારીખ : નોંધનીય ઐતિહાસિક સાલવારી સાથે કચ્છનાં અનેક પાસાંઓની તારીખો અને માહિતી આપતી ઉપયોગી સંદર્ભ પુસ્તિકા. સંપાદક : પ્રા. જિતેન્દ્ર એન. અંતાણી. (પ્રકાશક : સ્વ. સુરેન્દ્રરાય અંતાણી સ્મૃતિ સમિતિ, ભૂજ, ડિમોઈ, કાચું પૂઠું, પૃ. ૫૪. કિં. છાપી નથી.)

તારા અને નક્ષત્રનો સચિત્ર સરળ પરિચય કરાવતી રસપ્રદ પુસ્તિકા. લેખક : ડૉ. છોટુભાઈ સુથાર. ડિમોઈ, કાચું પૂઠું, પૃ. ૬૪. (પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧. કિં ૧૪ રૂ.)

સરદાર વલ્લભભાઈ પટેલ અને ગુજરાતનું જાહેરજીવન. દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવળંકરે સરદારશ્રી વિશે કરેલાં નોંધપાત્ર મુદ્દાઓનાં ટાંચણો. (પ્રકાશક : સન્નિષ્ઠ પ્રકાશન, 'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ડિમોઈ, કાચું પૂઠું, પૃ. ૩૪. કિં ૧૫ રૂ.)

સેવા એ જ સાધના. સંગઠનના આદર્શો અને આદર્શ સમાજસેવકની સમજ આપતા શ્રી એકનાથ રાનડેના પુસ્તકનો અનુવાદ કરનાર એચ. અંગિરસ. (પ્રકાશક : વિવેકાનંદ કેન્દ્ર, વિવેકાનંદપુરમ્, કન્યાકુમારી, ડિમોઈ, કાચું પૂઠું, પૃ. ૧૦૩. કિં ૧૨ રૂ.)

આપણી વાત : 'અનામી' - ડૉ. રણજિત પટેલનાં અવસાદ અને આનંદ એવી પરસ્પર વિરોધી ભાવસ્થિતિઓની અનુભૂતિરૂપ કાવ્યો. (પ્રકાશક : અનામી પ્રકાશન, ૨૨/૨ અરુણોદય સોસા., વડોદરા ૩૯૦ ૦૦૫, ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૧૫૯, કિં ૫૦ રૂ.)

ક્ષણકમળ : રમણીક અગ્રાવતનો કાવ્યસંગ્રહ. (પ્રકાશક : ભાવના અગ્રાવત, સી/૨૦ શેરી ૧૫, નર્મદાનગર, જિ. ભરૂચ. ડિમોઈ, કા.પૂ., પૃ. ૪૦, કિં ૨૧ રૂ.)

વિનાયક વિષાદયોગ બહાદુરભાઈ જ. વાંકની ૧૦ વાર્તાઓ. (પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૬૧એ, નારાયણનગર, અમદાવાદ-૭, ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૯૬, કિં ૧૬ રૂ.)

સુમી અને ચાંદ : ગાંધીયુગના એક યુગલની નિજકથા. લેખક : ચંદ્રકાન્ત મોદી, (પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧ ડિમોઈ, પાકું પૂઠું, પૃ. ૧૬૭, કિં ૨૫ રૂ.)

૧૯૮૪ની સાલનું ગ્રંથસ્થ વાઙ્મય: સન ૧૯૮૪માં પ્રકાશિત થએલાં (અને સમીક્ષકને મળેલાં) વિવિધ વિષયોનાં ગિજરાતી પ્રકાશનોની સમીક્ષા. કરનાર ડૉ. મધુસૂદન પારેખ. (પ્રકાશક : ગુજરાત સાહિત્ય ભવન, પાલડી, અમદાવાદ-૧ ડિમોઈ, પાકું પૂઠું, પૃ. ૧૨૮, કિં ૩૦ રૂ.)

પ્રચ્છન્ન : પ્રસિદ્ધ બંગાળી કથાલેખક વિમલકરની પ્રચ્છન્ન પ્રેમની કથાનો અનુવાદ. અનુવાદક અને પ્રકાશક : અનિલા દલાલ, ૩૪, પ્રોફેસર્સ કોલોની, અમદાવાદ ૩૮૦ ૦૦૯(ક્રાઉન, પાકું પૂઠું, પૃ. ૨૨૦, કિં ૨૩ રૂ.)

શબ્દકથા

જરીબ

આપણે ત્યાં જમીન માપવા ને માપનાર માટે 'જરીફ' શબ્દ પ્રયોજાય છે, પણ સાચો શબ્દ 'જરીબ' છે. પ્રથમ બંનેનો અર્થભેદ તપાસીએ.

(૧) જરીફ (ફા.) જમીન માપવાની સાંકળ, જમીન-માપણીનું કામ કરનાર ૨. મોજણીદાર. ૩. વિ. (અ.) જરીફ - વિનોદી મશ્કરું ૪. બુદ્ધિમાન, સમજદાર, માપણીનું પત્રક ('સાર્થ જોડણીકોશ' પૃ. ૩૪૦)

(૨) જરીબ (અ.) જમીન, અનાજ, પાણી વગેરેનું માપ. ૦ ગરી એક સાધન જેનાથી જમીન માપવામાં આવે છે. પુ. એ કામ કરનારો, મોજણીદાર ('ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ' ભા. ૨, પૃ. ૨૩; ડૉ. છોટુભાઈ નાયક)

આમ, જમીન માપવા-માપનાર માટે 'જરીબ' શબ્દ પ્રયોજાતો હોવાનું તારવી શકાય છે.

મૂળ તો શેરશાહના સમય દરમ્યાન જમીન-માપણી માટે દોરડાના (શણના?) ગજનો ઉપયોગ થતો, પણ તે ઋતુ પ્રમાણે સંકોચ-વિસ્તાર પામતો. શેરશાહની આ પ્રથા આગળ જતાં સિકંદર લોદીના સમય દરમ્યાન પણ પ્રયોજાતી, પણ પછીથી તેમાં જે (સંકોચ-વિસ્તરણની) અડચણ હતી તેમાં મોગલ બાદશાહ અકબરે સુધારો કર્યો. મૂળ દોરડાના ગજના બદલે તેમણે લોખંડના અંકોડાથી જોડાયેલ વાંસના ગજથી માપણી શરૂ કરાવેલ. ઇ.સ. ૧૫૮૦માં એક ફરમાન દ્વારા સામ્રાજ્યની સંપૂર્ણ ભૂમિ એક સમાન માપ પ્રમાણે માપવામાં આવી. તેમનો ગજ 'ઇલાહી ગજ' કહેવાતો, જે ૪૧ આંગળ કે ૩૩ ઇંચનો રહેતો, જે લગભગ એ જ સ્વરૂપે અદ્યાપિ અમલમાં છે. આ જરીબ દેશી પ્રમાણે ૫૫ ગજની અને અંગ્રેજી પ્રમાણે ૬૦ ગજની હોય છે; એક જરીબમાં ૨૦ ગઠ્ઠા હોય છે. જમીન માપતી વેળાએ જરીબ (સાંકળ) ખેંચવાનું કામ કરનારને 'જરીબકશ' (અ) કહેવાય છે. તો, જમીનની માપણી ને મોજણીદારની કચેરીને 'જરીબકશી' (અ) કહેવાય છે.

અકબરના સમય દરમ્યાન પુનઃ આરંભાયેલ 'જરીબ' વિશે પ્રચલિત તત્કાલીન લોકોકિત આ પ્રથા પ્રત્યેની લોકોની કડવાશ વ્યક્ત કરે છે :

'દર નઝરે ઇબ્રાતે મર્દે લબીબ
મારે દુસર બેહકે તનાબે જરીબ.'

અર્થાત્ બુદ્ધિશાળી (લોકોની)ની નજરે તો 'જરીબ' કરતાં બે-માથાંવાળો સાપ સારો !' ('દરબારે અકબરી' ભા. ૧, પૃ. ૮૬)

હસમુખ વ્યાસ



મારે દ્વારે પરમ સુખી હું, સર્વદા એકલો છું,
મારા સંઘે કવિ ફિલસૂફો, એકલો તો ભલો છું,
મીઠી ઊર્મિ લલિત ઉરની, તર્કની ભવ્ય શ્રેણી,
સ્વપ્નો ચારુ-વિરલ વહતી-તેની દ્વારે ત્રિવેણી.

કુસુમાકર

શ્રેયાંસપ્રસાદ જૈન, સ્વર્ગસ્થ

હજુ ચારેક વર્ષ પહેલાં જેમની સમાજસેવાને નજરઅંદાજ કરી પદ્મભૂષણ બનાવાયા હતા તે અગ્રિમ ઉદ્યોગપતિ શ્રેયાંસપ્રસાદ જૈનનું લાંબી બીમારી બાદ દક્ષિણ મુંબઈમાંના તેમના નિવાસસ્થાને ૮૪ વર્ષની જૈફ વયે ૧૭મી માર્ચે વહેલી પરોઢે નિધન થયું ત્યારે ઔદ્યોગિક આલમે એક વિચક્ષણ ઉદ્યોગપતિ અને સમાજે એક માનવતાપ્રિય મહાનુભાવ ગુમાવ્યો છે.


એમનો જન્મ ૧૯૦૮ની ત્રીજી નવેમ્બરે ઉત્તર પ્રદેશના નજિબાબાદના જૈન જમીનદાર સાહુ કુટુંબમાં થએલો. યુવાન વયથી જ એમને માનવસેવાના કાર્યમાં રસ હતો અને એ માટે જરૂરી એવી ઉદારતા અને સંસ્થાસંચાલનની આવડત હતાં. પરિણામે પોતાના વતનની મ્યુનિસિપાલિટીના ઉપાધ્યક્ષપદે ચૂંટાએલા અને બીજનોરની ડિસ્ટ્રિક્ટ બોર્ડની શિક્ષણ સમિતિના અધ્યક્ષ પણ વરાએલા. અલબત્ત, ૧૯૩૮માં એમણે વ્યાવસાયિક ક્ષેત્ર અ઼઼નાવ્યું અને લાહોર ગયા. ત્યાં ૧૯૪૨ની 'ભારત છોડો' ચળવળમાં સક્રિય બની બે માસ અટકમાં રહેલા. આમ, વ્યાવસાયિક કારકિર્દીના વિકાસ સાથે એમણે માનવકલ્યાણની પ્રવૃત્તિમાં પણ વિશેષ સક્રિયતા દાખવવા માંડી. એમના થકી માનવકલ્યાણની અને શિક્ષણની લગભગ અર્ધો ડઝનથી પણ વધુ સંસ્થાઓ સ્થપાઈ, અને એ સહુમાં એમણે તન-મન-ધનથી રસ લીધો. ૧૯૮૫માં મહારાષ્ટ્ર સરકારે એમની જાહેર સેવાઓને બિરદાવીને સન્માનપત્ર એનાયત કરેલું. જૈન સમાજે એમને 'શ્રાવક શિરોમણિ', 'વેસ્ટર્ન ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સે' એમને 'સમાજરત્ન', ભારત જૈન મંડલે 'સમાજ-શિરોમણિ' આદિ ઇલકાબો એનાયત કરેલા. ૧૯૫૨થી ૧૯૫૮ સુધી પહેલી રાજ્યસભાના તેઓ સભ્ય નિયુક્ત થયા હતા.



ભારતીય વિદ્યાભવન, બોમ્બે હૉસ્પિટલ અને ભારતીય જ્ઞાનપીઠમાં તેમનું પ્રદાન પાયાનું અને પરમોચ્ચ છે. 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના ભારતીયકરણની દિશામાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ ગણાયું છે. તેઓ ૧૯૪૩માં લાહોર છોડી મુંબઈ આવ્યા અને મુંબઈનગરીને જ પોતાની કર્મભૂમિ બનાવી. ૧૯૪૯માં 'ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ'નો હવાલો સંભાળી તેને ઉદ્યોગોમાં ટોચની કક્ષાએ લઈ જવામાં તેમની દક્ષતા જણાઈ આવે છે. ૧૯૬૨માં થએલા ચીની આક્રમણકાળે 'ફિક્કી'નું સુકાનીપદ સંભાળી રહેલા શ્રેયાંસપ્રસાદ જૈને અડીખમ ધ્યેય અને અજબ હિંમત દાખવ્યા હતાં. આમ, વ્યાપાર-ઉદ્યોગ, રાજકારણ, સમાજસેવા એમ ત્રિવિધ ક્ષેત્રે સ્વ. શ્રેયાંસપ્રસાદ જૈનનું પ્રદાન મહામૂલું અને મહત્ત્વનું રહ્યું હતું. (સંકલિત)

દાદુરની દુનિયા

ગોફર દેડકો અને લાલ પગાળો દેડકો



ગોફર દેડકો અને લાલ પગાળો દેડકો બંને દેખાવમાં લગભગ સરખા જણાય છે. તેમની લગભગ ૧૬ થી ૧૮ જાતિઓ જોવા મળી છે. તેમનું શરીર પ્રમાણમાં સાંકડું અને સુંવાળું હોય છે, અને પગ ઘણા લાંબા હોય છે.

ગોફર દેડકાં ૬ થી ૧૦ સે.મી. લાંબાં હોય છે. તે અમેરિકાના પૂર્વીય પ્રદેશમાં જોવા મળે છે. તેમનો રંગ ભૂખરો હોય છે અને તેમાં કાળા રંગનાં નાનાં ટપકાં હોય છે. તે કાચબા (turtles) અને નાગ્ર (crayfish)ના દરમાં પડ્યાં રહે છે. આમ, એક રીતે દેડકાની આ સામાન્ય જાતિ હોવા છતાં તે ભાગ્યે જ જોવા મળે છે. લાલ પગાળાં દેડકાં પશ્ચિમ અમેરિકામાં જોવા મળે છે. તે લગભગ ૫ થી ૧૨ સે.મી. લાંબાં હોય છે. તેમનો પીઠ તરફનો ભાગ કથ્થઈ કે આછા લીલા રંગનો હોય છે; જ્યારે નીચેનો ભાગ (જમીન તરફનો ભાગ) લાલાશ પડતો હોય છે. તે સામાન્ય રીતે ખૂબ ભેજવાળાં જંગલોમાં જોવામાં આવે છે. તેમની પ્રજજન ઋતુ જૂન-જુલાઈ છે. તેમની નીચેનો વર્ણ લાલાશ પડતો હોવાથી તેને લાલ પગાળા (red-legged) દેડકાં કહે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

ઝારની એમ્બર ચેમ્બર

એમ્બર એ શંકુદ્રુમ વૃક્ષોમાંથી નીકળેલા મધ જેવા રંગના અર્ધપારદર્શક સુગંધી રસનો અશ્મીલ છે. એની સપાટી ચળકતી હોય છે અને તે ઘસવાથી ઋણ વીજભાર પેદા થાય છે. અંબર કે કેરબાને નામે આપણે તેને ઓળખીએ છીએ. એક કાળે તેનું મૂલ્ય રત્ન સમાન ગણાતું હતું. ફકીરો તેના પારાની માળા પહેરતા અને આભૂષણો તથા એવી કિંમતી કલાકારીગરીની ચીજોમાં તે જડવામાં આવતો હતો. એના કેટલાક ઔદ્યોગિક ઉપયોગો પણ વિકસ્યા હતા. અશ્મીલ પદાર્થોની સાથે મળેલા એના કેટલાક ટુકડાઓમાં પ્રાચીન કાળની વનસ્પતિના અંશો તેમજ નાનાં જંતુઓ પણ જોવા મળ્યાં છે. બાલ્ટિક વિસ્તારમાંથી તે બહુ મોટા પ્રમાણમાં આજે ય મળી આવે છે. ૧૮મી-૧૯મી સદીમાં મૂલ્યવાન પદાર્થ તરીકે એની મોટી માંગ રહેતી હતી. રશિયાના ઝાર પીટર મહાનને એમ્બરનો બહુ મોહ હતો. એમ્બર-જડિત કલાકારીગરીની ચીજોનો એણે બહુ મોટો સંગ્રહ કરેલો, જેમાંની ઘણી ચીજો આજેય જોવા મળે છે. ઇ. ૧૭૦૫માં જર્મનીના એક ઉસ્તાદ ઝવેરી કારીગર ગોટફ્રેડ તુરોએ એમ્બર-જડિત એક બહુ સુંદર આભૂષણપેટી બનાવેલી તે પણ ઝારના આ સંગ્રહમાં છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઝારનો આ કલાસંગ્રહ સાઇબેરિયામાં છુપાવી રખાયો હતો. એમાંની બસો જેટલી સુંદર વસ્તુઓ થોડા સમય પહેલાં બર્લિનમાં પ્રદર્શિત થઈ હતી. બ્રિટ્ઝ કેસલ કલ્ચરલ ફાઉન્ડેશન અને પુશ્કિન શહેરના સંગ્રહસ્થાન વચ્ચે થએલી એક સમજણથી રશિયાની બહાર પહેલી જ વાર આ ચીજો 'એમ્બર- ધ પ્રાઈડ ઑફ ઝાર્સ' નામક પ્રદર્શનમાં રજૂ થઈ હતી. આ પછી તે સેન્ટ પીટ્સબર્ગમાં કેથેરિન પેલેસમાં રાખવામાં આવી છે.

ઇ. ૧૭૦૧માં પ્રુશિયાના રાજા ફ્રેડરિક પહેલાએ પોતાના શાર્લોટનબર્ગના કિલ્લાના આવાસને શણગારવા ગોડફ્રેડ તુરો અને ડેન્માર્ક તથા ડેન્ઝિગના ઉસ્તાદ કારીગરો રોકીને એમ્બર-જડિત રાચરચીલાવાળો એક ખાસ ખંડ બનાવરાવ્યો હતો. પણ પછી કોઈ કારણસર આ બધો કલારાશિ બર્લિન શહેરના ગઢમાં ખૂણાના એક ખંડમાં ગોઠવાયો હતો. લગભગ પંચાવન ચોરસ મીટર જેટલા વિસ્તારમાં ગોઠવાયેલ આ અતિ અલંકૃત એવી બરોક શૈલીની કારીગરીવાળી સંખ્યાબંધ વસ્તુઓમાં ૨૨ જેટલી તો મોટી પેનલો હતી. આ બધી ચીજોમાં મુખ્યત્વે એમ્બરનો જ ઉપયોગ થયો હોઈ એ ખંડ 'એમ્બર ચેમ્બર' તરીકે ઓળખાતો.

પણ આ એમ્બર ચેમ્બરમાં ને તેની કલાકારીગરીમાં ફ્રેડરિક પહેલાને જે રસ હતો તે રસ તેના વારસ પુત્ર ફ્રેડરિક વિલિયમને નહોતો. ઇ. ૧૭૧૬માં રશિયાના પીટર મહાને બર્લિનની મુલાકાત વેળા આ એમ્બર ચેમ્બર જોઈ. એમ્બરનો મોહ તો તેને હતો જ. ઉસ્તાદ કારીગરો દ્વારા સર્જાએલો આ કલારાશિ જોઈ એ તો એના પર વારી જ ગયો.

આ બાજુ ફ્રેડરિક વિલિયમ પહેલાને પોટ્સડામના પોતાના મહેલના રક્ષકોની 'રેજિમેન્ટ ઑફ જાયન્ટ્સ' ઊભી કરવામાં રસ હતો. કલા કરતાં સ્વીડન સામે એક સામરિક સંધિ કરવાનું વધુ મહત્ત્વ હતું. ઝાર પીટરે એને ૧૫૦ જેટલા પડછંદ રશિયન ચોકીઆત સૈનિકો આપ્યા. એમ્બર માટેના ઝારના મોહની એને જાણ હતી જ એટલે બદલામાં એણે આ એમ્બર ચેમ્બર જ ભેટ આપી દીધી.

ઇ. ૧૭૧૭માં ૧૮ જેટલા પટારાઓમાં ભરીને સ્લેજ દ્વારા એણે કલાકારીગરીનો આ ખજાનો સેન્ટ પીટ્સબર્ગના ઝારના શિયાળુ મહેલમાં મોકલી આપ્યો. એ પછી પીટરની વારસદાર પુત્રી સામ્રાજ્ઞી ઇલિઝાબેથ પેટ્રોવ્નાએ ઝાર્સ્કોયે સેલો (૧૯૩૭ થી પુશ્કિન)માં કેથેરિન પેલેસમાં સો ચોરસ મીટર જેવડા એક મોટા ખંડમાં આ એમ્બર ચેમ્બરનો અસબાબ ગોઠવાવ્યો હતો.

કાષ્ઠજડિત ૨૪ મોટી પેનલો સાથે એમ્બર યુક્ત અલંકારપ્રચૂર અનેક કલામય ચીજવસ્તુઓ એમ્બર ચેમ્બરના નામે જ ત્યાર પછી ૨૦૦ વર્ષ સુધી દુનિયાની આઠમી અજાયબી તરીકે ખ્યાત રહી હતી. જર્મનીના એડોલ્ફ હિટલરને આ ચેમ્બરના કલાકોષનું બહુ આકર્ષણ હતું અને તેની ઇચ્છા તેને પાછો જર્મની ઉઠાવી જવાની હતી અને યુદ્ધ દરમિયાન જર્મન સૈનિકોએ લેનિનગ્રાડ (સેન્ટ પીટ્સબર્ગ)ને ઘેરો ઘાલી જ્યારે ઝારનો મહેલ કબજે કર્યો ત્યારે તેનો આ ખ્યાલ હકીકત બન્યો. અંબરના આ લૂંટેલા ખજાનાની પેટીઓ કોનિગ્સબર્ગ કેસલ (આજના કાલિનિનગ્રાડ)ના પ્રાંગણમાં છેલ્લે ૧૫ જાન્યુઆરી ૧૯૪૫ના રોજ જોવામાં આવી હતી.

પણ યુદ્ધમાં જર્મનીનો સામનો કરતી રશિયન યુદ્ધહરોળ નજીક આવી ગઈ હતી. આ કિલ્લો બ્રિટિશ હવાઈ હુમલાઓનું નિશાન પણ બન્યો હતો. આ દરમિયાન એમ્બરની પેલી કલાસંપત્તિને સલામત રીતે ખસેડી શકાઈ હતી કે નહિ તેની કોઈને જાણ નથી. એટલું નિશ્ચિત છે કે ત્યાર પછી એ ખજાનો ભેદી રીતે ગુમ જ થઈ ગયો છે. પૂર્વ અને પશ્ચિમમાં ત્યાર પછી એના વિશે અનેક અટકળો થતી રહી છે, અને ઊંડી તપાસ પણ ચાલી છે. અગાઉના પૂર્વ જર્મનીની સરકારે તેની શોધ માટે એક ખાસ દળ ઊભું કરી ત્યાંની છૂપી પોલીસના વડા એરિક મિલ્કેને એ માટે ૧૦ લાખ ઇસ્ટ માર્ક પણ આપ્યા હતા. આ રકમથી નવાઈ પામવા જેવું નથી, કારણ કે આજે આ ચેમ્બરની પેનલોની કિંમત જ ૨૫૦૦ લાખ ડ્યુશ માર્ક જેટલી અંકાય છે.

આ વર્ષે બર્લિનના એક પત્રકાર ગુન્ટર વરમુશે એક પુસ્તક પ્રકટ કર્યું છે. એમાં આ ચેમ્બરના વિશે જૂની-નવી ઘણી વિગતો આપી છે, પણ તેમાં એ ખજાનો હાલ ક્યાં છે તેનો કોઈ નિર્દેશ નથી. એના વિશે મળી શક્યા તે બધા મુદ્દા તથા છેલ્લે તેની શોધ ક્યાં અટકી છે તથા તે ક્યાં હોઈ શકે તેની અટકળ કરી છે, પણ એ ક્યાં છે તેની કોઈને કંઈ માહિતી નથી.

તો શું યુદ્ધકાલીન સ્થિતિમાં આ ચેમ્બર આગમાં નાશ પામી શકે? અને જો એમ બન્યું હોય તો ક્યારે બન્યું અને તેને માટે જવાબદાર કોણ? કદાચ રશિયનોએ જ તેને જર્મનીને હાથ જતી બચાવવા આવું કંઈ કર્યું હશે? કે પછી કોનિગ્સબર્ગ આસપાસમાં એને ક્યાંય છુપાવી રાખી હશે? કે પછી બાલ્ટિકને માર્ગે નાઝીઓ તેને ઉઠાવી ગયા હશે?

કોઈપણ ગુનાકથાની જેમ આ એમ્બર ચેમ્બરની શોધકથા સાથે પણ કેટલાક ભેદી અકસ્માતો સંકળાયેલા છે. આ ખજાનો ક્યાં હશે તે વિશે ખરી કે ખોટી માહિતી ધરાવવાનો દાવો કરનારાઓને મોતને ભેટવું પડ્યું છે. પણ એથી મોતની પરવા નહિ કરનારા એવા ખજાનાની શોધ ચલાવનારા ધંધાદારી તેમજ વ્યાસંગીઓ માટે પૂર્વ યુરોપની સીમાઓ ખુલ્લી થતાં આ એક નવી તક ઊભી થઈ છે. રશિયાના પ્રમુખ બોરિસ યેલ્ત્સીને પણ હમણાં એમની જર્મનીની મુલાકાત વખતે કહેલું કે એમને આ ખજાનાની ખબર હતી, પણ એ ક્યાં હતો તેનો કોઈ નિર્દેશ આપ્યો નથી.

આ દરમિયાન સેન્ટ પીટ્સબર્ગે આ અંગે એક વ્યાવહારિક અભિગમ અપનાવ્યો છે. ફરી હવે આ ખજાનો જોવા મળે કે ન મળે, એટલે ૧૯૮૦થી આ ચૅમ્બર અંગે જે કંઈ વિગત માહિતી ઉપલબ્ધ હોય તેના આધારે નવેસરથી આ ઍમ્બર ચૅમ્બર ઊભી કરવાનું કામ તેણે ચાલુ કર્યું છે. દુનિયાભરમાં કદાચ આવો બીજો કોઈ પ્રોજેક્ટ નથી.

ઍમ્બર ચૅમ્બરની અસલ જેવી જ નવી કૃતિઓ બની શકે તે માટે ખૂબ જ સંશોધન કરવું પડ્યું છે અને થઈ રહ્યું છે. જૂની કલાકૃતિઓની આબેહૂબ નકલ કરી શકે તેવા ત્રીસ જેટલા રીસ્ટોરર કારીગરો, ૧૮મી સદીમાં વપરાઈ હતી એ જ ટેક્નિક મુજબ આ માટે કામ કરી રહ્યા છે. આ માટે ઍમ્બર ઉપર જરૂરી એવી પ્રક્રિયાઓ પણ કરવામાં આવે છે. લગભગ ત્રીજા ભાગ જેટલું કામ તો થઈ પણ ગયું છે અને જ્યારે આ કામ પૂરું થશે ત્યારે છ ટન જેટલું ઍમ્બર તેમાં વપરાયું હશે એવી ધારણા છે. અને આટલું ઍમ્બર તો આજે યે મેળવી શકાય તેમ છે.

અગાઉ કહ્યું તે પ્રદર્શનમાં આ ઍમ્બર ચૅમ્બરના એક માત્ર પ્રાપ્ય ફોટોગ્રાફનું મોટું એન્લાર્જમેન્ટ પણ રજૂ કરાયું છે. ચૅમ્બરની ગોઠવણીના કેટલાક નકશા અને યોજના પણ રજૂ કરેલ છે. કેટલીક પુનર્નિર્મિત ચીજો પણ દર્શાવાઈ છે, જેના પરથી આ ચૅમ્બરને અદલોઅદલ બનાવવા પાછળ વપરાતી કુશળતા તથા મહેનતનો ખ્યાલ આવે છે. વળી, અસલમાં આ ચૅમ્બરનું કલાકૌશલ કેટલું અદ્દભુત હતું તેનો પણ અંદાજ મળે છે. થોડાં વર્ષ પછી સેન્ટ પીટ્સબર્ગ પાસેના કૅથેરિન પૅલેસમાં ફરી એક વાર આ ભવ્ય કલાસંપત્તિ જોવા મળશે, પણ હકીકતે તો એ નકલ જ ને? પણ અસલ ઍમ્બર ચૅમ્બર ક્યાં?

- સં.

કૅમ્પસ બચાવો, દેશ બચાવો

આદર્શ વિદ્યાર્થીની ઘણી વ્યાખ્યાઓ હોઈ શકે, પરંતુ આજની ગંધાતી વાસ્તવિકતા ધ્યાનમાં રાખીએ તો આવી વ્યવહારુ વ્યાખ્યા જડે : જેને ભણવાની ગરજ હોય તે 'વિદ્યાર્થી' કહેવાય.

કોઈ યુનિવર્સિટીમાં દંડા મારી મારીને, ધમકીઓ આપીને કે દાબદબાણ કરીને વિદ્યાર્થીઓને દાખલ કરવાનો રિવાજ છે ખરો ? પ્રવેશ માટે પડાપડી થાય છે અને પ્રવેશ ન મળે ત્યારે ભારે ધાંધલ થાય છે. જો પરીક્ષા આપવામાં પેટમાં ચૂંક આવતી હોય તો તમને કોણ ચોખા મૂકવા આવેલું ? શું પરીક્ષા આપનારાઓ અધ્યાપકો, આચાર્યો અને કુલપતિશ્રી પર ઉપકાર કરે છે ? પરીક્ષાની તારીખ જાહેર થાય તે દિવસથી કેટલાક નફ્ફટ અને નપાવટ વિદ્યાર્થીઓ એ તારીખ પાછી ઠેલાય તે માટેની માગણી શરૂ કરી દે છે. ભણવાની જરા જેટલી ગરજ ન હોય એવા લલ્લુઓથી યુનિવર્સિટીઓ અને કૉલેજો ઊભરાય છે. તેઓને 'વિદ્યાર્થી' કહેવા એ તો કાગડાને કોયલ અને શિયાળને સિંહ કહેવા બરાબર છે.

આવા લલ્લુઓના કમનસીબ વાલીઓને વિશ્વાસમાં લેવાથી ઘણો ફેર પડે તેમ છે. ન ભણવા માંગતા ગુંડા જેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની હાલત દુર્યોધનની રાજસભામાં લાચાર એવી દ્રૌપદી જેવી બનાવી દીધી છે. દુષ્ટતાનાં પરિબળો આગળ કુલપતિશ્રી નિ:સહાય છે.

એક વાત કરવા જેવી છે. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં હવે છોકરાઓ કરતાં છોકરીઓની જ સંખ્યા વધારે હોય છે. વળી, ઊંચો ક્રમ પ્રાપ્ત કરવામાં પણ છોકરીઓએ છોકરાઓને ક્યાંય પાછળ પાડી દીધા છે. ગુજરાતની બધી જ કૉલેજોમાં ભણતી છોકરીઓ જો હવે મક્કમ બને તો પેલા નફ્ફટ અને નપાવટ લલ્લુઓ સીધા દોર થઈ જાય. વળી, આવી મક્કમતાને, ભણવા માગતા અને કેરિયર બનાવવા ઇચ્છતા છોકરાઓનો સાથ અવશ્ય મળી રહેશે. આવો વ્યૂહ રચાય ત્યારે પ્રત્યેક કૉલેજમાં એકાદ-બે તેજસ્વી પ્રાધ્યાપકો શાંત બેસી રહે ખરા?

પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કક્ષાએ કામ કરનાર કોઈ પણ શિક્ષક હવે પગાર ઓછો છે એવી ફરિયાદ કરી શકે તેમ નથી. દેશની ગરીબી જોતાં આજનાં પગારધોરણો અંગે કચવાટ કરી શકાય તેમ નથી. હવે શિક્ષકોની ફરજ છે કે તેઓ પગારનાં ધોરણો સાથે શિક્ષણનાં ધોરણોની પણ જાળવણી કરે. આવું ન કરનાર કામચોર શિક્ષક કર્મે બ્રાહ્મણ નહીં પણ બ્રહ્મરાક્ષસ હોય છે, જે સારા શિક્ષકોને પોતાનો ધર્મ ન બજાવવા માટે ઉશ્કેરતો રહે છે. આવો બ્રહ્મરાક્ષસ ક્યારેક સંઘનો હોદ્દેદાર પણ બની જાય છે.

દેશને હવે ટાળી શકાય તેવી સ્વાર્થમૂલક અને યુનિયનપ્રેરિત હડતાલનો વૈભવ પોષાય તેમ નથી. કુલપતિશ્રીઓ મક્કમ હોવાનો દેખાવ કરે તેથી પણ પચાસ ટકા જેટલો ફેર પડી જાય છે. જો તેઓ ખરેખર મક્કમતા બતાવે તો વળી ત્રીસેક ટકા જેટલો ફેર પડે. બાકી રહ્યા વીસ, જેનું નિરાકરણ ચાણક્યબુદ્ધિથી અને સંકલ્પબળ થકી ન લાવી શકાય તો કુલપતિ થયેલું જ નિરર્થક માનવું. - ગુણવન્ત શાહ ('સંદેશ'માંથી ટૂંકાવીને સાભાર)

તાનસા સરોવરની શતાબ્દી

મહાનગર મુંબઈને દરરોજ લગભગ અઢી કરોડ લીટર જેટલું પાણી પૂરું પાડનાર તાનસા સરોવરે ૩૧મી માર્ચે એક સદીની લાંબી મજલ પૂરી કરી છે. ૧૮૯૨ની સાલમાં જ્યારે તાનસામાંથી પ્રથમ વાર પાણી પૂરી પાડવામાં આવ્યું ત્યારે તેની ક્ષમતા દરરોજ ૨૦૦ લાખ ગૅલન જેટલું પાણી પૂરૂ પાડવાની હતી. છેક ૧૯૨૬માં ૪૦૦ લાખ ગૅલનની ક્ષમતા થઈ શકી હતી. એક ગૅલન એટલે સાડાચાર લીટર.

મુંબઈને નળ મારફતે પાણી પૂરું પાડવાનો પ્રારંભ આજથી ૧૩૨ વર્ષો પહેલાં વિહાર સરોવરથી થયો હતો. આ પહેલાં મુંબઈમાં તળાવો અને કૂવાનું પાણી ઉપયોગમાં લેવાતું હતું. આજે બૃહદ મુંબઈની વસતી લગભગ એક કરોડ છે, પણ ઈ.સ. ૧૮૧૬માં મુંબઈની વસ્તી ૧,૬૧,૭૫૦ હતી. વધતી જતી વસતીને લક્ષ્યમાં લઈને વિહાર સરોવરની સાથેસાથે તુલસી, તાનસા, વૈતરણા (મોડક સાગર), અપર વૈતરણા, ઉલ્લાસ જેવી મોટી મોટી પાણી યોજનાઓ ઘડવામાં આવી છે. મુંબઈમાં વિહાર સરોવરનું પાણી મળ્યું તે પહેલાં કૂવા-તળાવ ખોદીને પાણી મેળવવામાં આવતું હતું. ૨૦-૨૫ ફૂટ ઊંડું ખોદતાં પાણી મળી આવતું હતું, પરંતુ દરિયો નજીક હોવાથી મોટેભાગે કૂવામાંથી ખારાં કે મોળાં પાણી મળી આવતાં હતાં. તેની આસપાસ ઘણા કૂવાઓ ખોદવામાં આવતા હતા.

માહિમ, સાયન (શિવ), લાલબાગ, પરેલ, મઝગાંવ, ચીંચપોકલી વગેરે વિસ્તારોમાં પીવાના પાણીનાં લગભગ ૭૫ તળાવો હતાં.

(અનુસંધાન પાન ૧૬૯ ઉપર)

ધ્યાન કીયે ક્યા હોત હૈ, જો મન મેળ ન ખાય,
બગ અરૂ બિલ્લી ધ્યાન ધરી, પશુ પકડ કે ખાય.

विद्या विवादाय धनं मदाय
शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतत्
ज्ञानाय दानाय च रक्षणाय ॥

દુર્જનને વિદ્યા વિવાદ માટે, ધન અભિમાન માટે, શક્તિ અન્યોને અતિ પીડા પહોંચાડવા માટે હોય છે. સજજનને એથી ઊલટું જ્ઞાન દાન અને રક્ષણ માટે હોય છે.

અમેરિકાના મહાનગરમાં એક વાર એક સાવ સાદા લઘરવઘર કપડાં પહેરેલા ઈસમને તેના ઓળખીતાએ ટકોર કરી કે તમે આવાં મેલાંઘેલાં અને સાવ સાદાં વસ્ત્રો કેમ પરિધાન કર્યાં છે ? પેલા ઈસમે જવાબ આપ્યો કે એમાં વાંધો શો ? ત્યારે પેલા ભાઈએ કહ્યું, 'તમારું આવું મોટું નામ અને આવાં કપડાં પહેરો તે શોભે ?' પેલા ઈસમે જવાબ વાળ્યો, 'મારાં આવાં કપડાંમાં પણ તમે મને ઓળખો જ છો અને જેઓ મને નથી ઓળખતાં તેમને માટે હું સારાં વસ્ત્રો પહેરું તેથી શો ફેર પડવાનો છે ?' પેલો પૂછનાર દલીલથી ચૂપ થઈ ગયો. આ ઈસમ તે અમેરિકાના ઑટોમોબાઈલ ઉદ્યોગના અગ્રણી હેન્રી ફોર્ડ. અઢળક સંપત્તિ છતાંય કેવી સાદગી ! મોંઘાંદાટ વસ્ત્રોની આજની ફિજુલ દોટ સામે આ કેવી ચોટ !

¤

કલકત્તામાં કાર્લ શ્વન્ડલરે ઈ. ૧૮૭૫માં પ્રાણીબાગ સ્થાપ્યો ત્યારે આરંભમાં તેની પાસે ગાલાપેગોઝના પાંચ ભીમકાય કાચબા હતા. આજે પણ ત્યાં ૨૦૦ વર્ષથી વધુ વયનો એક કાચબો છે. અહીંના અલીપોર પ્રાણીબાગમાં પાંચ 'લિટિગોન્સ' છે, જે દુનિયામાં અન્યત્ર ક્યાંય નથી. લિટિગોન્સ એ ટાઈગોન અને સિંહની સંકર ઓલાદ છે. આ ઉપરાંત અહીં બે ટાઈગોન પણ છે. ટાઈગોન એ વાઘ અને માદા સિંહની સંકર ઓલાદ છે.

¤

દીકરી વિષેની આપણા રૂઢિગત ખ્યાલો પ્રતિબિંબિત કરતી કેટલીક કહેવતો :

(૧) દીકરડી ને ઊકરડી, વધતાં વાર લાગે નહિ. (૨) દીકરી ને ગાય દોરે ત્યાં જાય. (૩) દીકરી સાસરે સારી ને માલ વેચ્યો સારો. (૪) દીકરીવાળું ઘર અને બોરડીવાળું ખેતર, બેય બરાબર. (૫) દીકરી સાસરે કે મસાણે સારી લાગે. (૬) દીકરીની વ્હાલપ દાયજેથી જણાય.

આજના સંદર્ભમાં આપણે શું વિચારીશું ?

¤

કેલિફોર્નિયાના લૉંગ બીચની મિસિસ વિનોના મિલ્ડ્રેડ મેલિક નામની કેન્સરની એક દર્દી બાઈ હતી. ઈ. ૧૯૧૯, ૩૩, ૬૬ અને ૬૮માં એમ ચાર વાર તેના પર કેન્સરની શસ્ત્ર ક્રિયાઓ થએલી. ૨૮ ડિસેમ્બર ૧૯૯૧ના રોજ પોતાના ૧૦૫મા જન્મદિન પછી ૬૭ દિવસે ન્યૂમોનિયામાં તેનું અવસાન થએલું.

ગણિતગમ્મત

(૧) ૫૫૫૫ x ૩ = ૧૬૬૬૫ ÷ ૫ = ૩૩૩૩
(૨) ૫૫૫૫ x ૫ = ૨૭૭૭૫ ÷ ૫ = ૫૫૫૫
(૩) ૫૫૫૫ x ૭ = ૩૮૮૮૫ ÷ ૫ = ૭૭૭૭
(૪) ૫૫૫૫ x ૯ = ૪૯૯૯૫ ÷ ૫ = ૯૯૯૯

ઉપરની સંખ્યાને ૧ અથવા ૧૧ વડે ગુણવાથી ઉપરનો અનુબંધ જોવા નહિ મળે, તથા ઉપરના ગુણાકારને ૫ વડે ભાગવાથી ભાગાકારના દરેક આંક-ડા સરખા આવે છે.

મિનહાજ શેખ,
(સંતરામપુર)

¤

ભારત જેવા ગરમ દેશમાં માણસને ખૂબ પરસેવો છૂટે છે, જેના પરિણામે શરીરમાં ક્ષારની મોટી તૂટ પડે છે. આ તૂટ દૂર કરવા, એક મત પ્રમાણે, રોજ લગભગ ૩૫ ગ્રામની આસપાસ મીઠું લેવું જોઈએ.

¤

દક્ષિણ ભારતમાં બેંગલોરમાં 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ એવિએશન મેડિસિન' નામની એક સંસ્થા કોઈ દવા વાપર્યા વગર માત્ર હવાથી રોગીને સાજા કરે છે. નાની નાની ઓરડીઓમાં પ્રાણવાયુની કોથળીઓમાંથી દરદ અને દરદીનો વિચાર કરી અમુક દબાણથી હવા અપાય છે, જેનાથી લકવો, કોઢ, પેટનાં ચાંદાં વગેરેમાં ફાયદો થાય છે, અને વળી તે પણ ઓછા ખર્ચે !

કલા કણિકા

ઇસ્વીસન પૂર્વે લગભગ પાંચસો વર્ષ પહેલાંનું કમરબંધનું કાંસાનું બકલ. જ્યોર્જિયામાંથી મળી આવેલા આ બકલમાં ચારેબાજુ કિનાર બાંધી વચ્ચે શોભનમંડિત અશ્વોની આકૃતિ ઉપસાવી છે. એ કાળે કાળા સમુદ્રને પૂર્વ કાંઠે કેટલીક ગ્રીક વસાહતો સ્થપાઈ હતી તેની સાથેના સંપર્કનો પ્રભાવ આ અશ્વોની દેહાકૃતિમાં જોવા મળે છે. છે તો રોજિંદા વપરાશની એક સામન્ય ચીજ, પણ તેના પ્રત્યેના મમત્વે તેમાં કલાનું કેવું આરોપણ કર્યું છે !

